સાબરકાંઠા અને સુરેન્દ્રનગર સિવાય બધે....

પાનાં : ૨૬ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૨૫ નવેમ્બર ૨૦૨૬ બુધવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

શતદલ

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૧ વર્ષ : ૯૪, અંક : ૩૧૮ ▶ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

રામ મંદિર બાદ હવે બદ્રીનાથ ધામનો વારો : કરોડોની દાન ચોરીનો એસઆઈટીનો ઘટસ્ફોટ

દેશમાં મંદિરોની 'દાનપેટી' પણ સુરક્ષિત નથી

દેહરાદુન, તા. ૨૪

અયોધ્યાના રામ મંદિર બાદ પ્રસિદ્ધ બદ્રીનાથ ધામમાં પણ દાનની ચોરી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો હતો, જે પછી તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી હતી જેનો તપાસ રિપોર્ટ આવી ગયો છે. ૩૦૦ પેજના આ તપાસ રિપોર્ટમાં બદ્રીનાથ ધામ ઉપરાંત અન્ય કેટલાક મંદિરોના સંચાલનમાં મોટાપાયા પર સુધારા કરવાની ભલામણ કરવામાં આવી છે. બદ્રીનાથ ધામમાં પણ દાનચોરી થયાની વાત એસઆઈટીની તપાસ રિપોર્ટમાં સામે આવી હોવાના અહેવાલો છે. જેના પગલે દેશમાં મંદિરોની દાનપેટી સલામત ન હોવાનું લોક મૂખે ચર્ચાઈ રહ્યું છે.

દાનની ગણતરી થતી હોય તે રૂમની દિવાલો કાચની રાખો, જેથી તમામ લોકો જોઈ શકે, સારી ક્વોલિટીના કેમેરા લગાવો : એસઆઈટી

બદરીનાથ ધામમાં આ વર્ષે જુલાઈ મહિનામાં થાળી ભેટ એટલે કે દાનમાં હેરફેરનો મામલો સામે આવ્યો હતો, જે બાદ સરકાર દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી હતી, પોલીસ પણ અલગથી સમગ્ર મામલે તપાસ કરી રહી છે. હાલમાં આ સમગ્ર મામલે બે કર્મચારીઓ પ્રમોદ નૌટિયાલ અને રાજેન્દ્ર ચૌહાણની ધરપકડ કરવામાં આવી છે. એસઆઈટીએ માત્ર બદરીનાથ મંદિર જ નહીં ઉત્તર દક્ષિણ ભારતના ૧૪ જેટલા મોટા મંદિરોના મેનેજમેન્ટ, દાનની ગણતરી, સુરક્ષા વ્યવસ્થા વગેરેનો અભ્યાસ પણ કર્યો હતો. જે બાદ એસઆઈટીએ પોતાનો રિપોર્ટ ઉત્તરાખંડ સરકારને સોંપ્યો છે.

દેશના ૧૪ મોટા મંદિરોની મુલાકાત બાદ એસઆઈટીએ ૩૦૦ પેજનો રિપોર્ટ તૈયાર કરી સરકારને સોંપ્યો

એસઆઈટીની આગેવાની ગરવાલ રિવિઝનલ કમિશનર આનંદ સ્વરૂપને સોંપવામાં આવી હતી, તેમણે પીટીઆઈ સાથે વાતચીતમાં કહ્યું હતું કે અમે એસઆઈટીનો તપાસ રિપોર્ટ રાજ્ય સરકારને સોંપ્યો છે, દેશના અનેક ધાર્મિક સ્થળોનો અભ્યાસ કર્યા બાદ અમે આ રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં કેટલાક સુધારા કરવાની ભલામણ કરવામાં આવી છે. બદરીનાથ ધામમાં મંદિર કમિટી સાથે જોડાયેલા સ્ટાફ, અધિકારીઓ સહિત ૨૦ જેટલાની એસઆઈટી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી,સાથે જ સીસીટીવી પણ તપાસ્યા હતા.

એસઆઈટીએ બદ્રીનાથ ધામમાં દાન ચોરી થયાની વાત નકારી નથી પરંતુ ઘણી ખામીઓ સામે લાવી છે. અને એવી સલાહ આપી છે કે મંદિરમાં દાનમાં આવતા ઘરેણા, રોકડા રૂપિયા વગેરેની ગણતરી જે જગ્યાએ કરવામાં આવતી હોય ત્યાં કાચના ગ્લાસ લગાવવામાં આવે અને જગ્યાને ખુલ્લી રાખવામાં આવે કે જેથી આસપાસ તમામ લોકો

(અનુસંધાન ૯મે પાને)

લિસ્ટ-એ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ૧૦૦, ૧૫૦ અને ૨૦૦ રનનો રેકોર્ડ સર્જાયો

વૈભવનો વિસ્ફોટ : ૨૮ છગ્ગા, ૭ ચોગ્ગા સાથે ૫૩ બોલમાં ૨૦૪ રનનો વર્લ્ડ રેકોર્ડ



દોહા, તા.૨૪

૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી તેની વિસ્ફોટક બેટિંગથી ઝંઝાવત જગાવતા ઈન્ડિયા-એ તરફથી યુએઈ સામેની રાઈઝિંગ એશિયા કપની વન ડેમાં ૨૮ છગ્ગા અને સાત ચોગ્ગા ફટકારવા સાથે ૫૩ બોલમાં ૨૦૪ રન નોંધાવી એકથી વધુ વર્લ્ડ રેકોર્ડ સર્જ્યા હતા. વૈભવે આ ઈનિંગ દરમિયાન લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ ૧૦૦, ૧૫૦ અને ૨૦૦ રમતા કિર્તીમાન સ્થાપિત કર્યા હતા. તેણે ૩૮૪.૯૦ના સ્ટ્રાઈકરેટથી રમતમાં મેદાનની ચારે બાજુ છગ્ગાનો વરસાદ વરસાવ્યો હતો અને તેની તોફાની બેટિંગને સહારે ભારતે ૨૫૦નો ટાર્ગેટ માત્ર ૩૫.૪ ઓવર બાકી હતી, ત્યારે ત્રણ વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. વૈભવે ૨૮ બોલમાં સદી ફટકારતાં લિસ્ટ-એ ક્રિકેટમા ફાસ્ટેસ્ટ સદીનો ઓસ્ટ્રેલિયાના ફ્રેઝર મેકગર્કનો ૨૯ (અનુસંધાન ૯મે પાને)

વૈભવ સૂર્યવંશીના વર્લ્ડ રેકોર્ડ

૨૮ : લિસ્ટ-એમાં ૨૮ બોલમાં ફાસ્ટેસ્ટ સદી. મેકગર્કનો ૨૯ બોલમાં સદી (સાઉથ ઓસ્ટ્રેલિયા તરફથી તાસ્માનિયા સામે, એડીલેડ, ૨૦૨૩)નો રેકોર્ડ તોડ્યો.

૫૨ : લિસ્ટ-એમાં બાવન બોલમાં ફાસ્ટેસ્ટ બેવડી સદી. ચાડ બોવેલનો ૧૦૩ બોલમાં બેવડી સદી (સેન્ટરબરી તરફથી ઓટાગો, કાઈસ્ટચર્ચ, ૨૦૨૪)નો રેકોર્ડ તોડ્યો.

૫૨ : લિસ્ટ-એમાં બાવન બોલમાં ફાસ્ટેસ્ટ બેવડી સદી. ચાડ બોવેલનો ૧૦૩ બોલમાં બેવડી સદી (સેન્ટરબરી તરફથી ઓટાગો, કાઈસ્ટચર્ચ, ૨૦૨૪)નો રેકોર્ડ તોડ્યો.

૨૮ : પ્રોફેશનલ ક્રિકેટની ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા. તન્મય અગ્રવાલનો ૨૬ છગ્ગાનો (હૈદરાબાદ તરફથી અરૂણાચલ સામે, હૈદરાબાદ, ૨૦૨૪, રણજી મેચમાં) રેકોર્ડ તોડ્યો.

૩૮૪.૯૦ : લિસ્ટ-એમાં ૧૦૦થી વધુ રનની ઈનિંગમાં સર્વોચ્ચ સ્ટ્રાઈકરેટનો

(અનુસંધાન ૯મે પાને)

યુએઈ સામેની વન ડેમાં ભારતે ૨૫૦નો ટાર્ગેટ ૩૫.૪ ઓવર બાકી હતી, ત્યારે ૩ વિકેટ ગુમાવી પાર પાડ્યો : વૈભવનો ૩૮૪.૯૦નો સ્ટ્રાઈક રેટ

યુક્રેનના ૧૮,૦૦૦થી વધારે નાગરિકોનાં મોત અને ૫૭,૦૦૦ ઘાયલ : યુએન

યુક્રેન યુદ્ધમાં રશિયાએ સાત લાખથી વધુ સૈનિકો ગુમાવ્યાના દાવાથી ખળભળાટ

કીવ,તા.૨૪

પુતિનના યુક્રેન પરના હુમલાના લીધે સાત લાખથી પણ વધુ રશિયન સૈનિકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે, રશિયાની જાનહાનિના આ નવા આંકડાએ આખા વિશ્વને હચમચાવી નાખ્યું છે. હવે જો આ આંકડો સાચો હોય અને યુદ્ધ ચાલી રહ્યુ છે તે જોતાં રશિયાના સૈનિકોના મૃતદેહોનો આંકડો બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા-યુક્રેના સંયુક્ત રીતે આઠ લાખ જેટલા સૈનિકો માર્યા ગયા હતા તેનાથી દૂર છે. આ જ રીતે યુદ્ધ ચાલુ રહ્યું તો શક્ય છે કે રશિયાના સૈનિકોના મોતનો આંકડો આઠ લાખને પણ વટાવી જાય.

કેટલાક રશિયન માધ્યમોએ અગાઉ રશિયાના સૈનિકોનો મૃત્યુઆંક ૪.૯૦ લાખથી વધુ હોવાનો અંદાજ મૂક્યો હતો

આનો સીધો અર્થ એમ કરી શકાય કે ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેનમાં ઘૂસ્યા પછી રશિયાના લશ્કરે પ્રતિ સાડા ત્રણ મિનિટે એક સૈનિક ગુમાવ્યો છે. રશિયા દ્વારા તેના સૈનિકોના મૃત્યુના આંકડાને ચુસ્ત રીતે છૂપાવવામાં આવ્યા છે.

રશિયાએ તો યુક્રેન યુદ્ધમાં મૃત્યુ પામેલા સૈનિકોનો સત્તાવાર આંકડો ૫,૯૩૭ ગણાવ્યો છે. આ આંકડો સપ્ટેમ્બર ૨૦૨૨ પછી અપડેટ થયો નથી. સ્વતંત્ર રશિયન ઈન્વેસ્ટિગેટવ આઉટલેટ્સ મેડુઝા અને મીડિયાઝોનાએ રશિયન સ્ટેટ સર્વિસ રોસસ્ટેટમાંથી ચોરી છૂપીથી હાંસલ કરેલા આંકડામાં મૃત્યુઆંક લગભગ પાંચ લાખ નજીક ગણતરી મુજબ તેઓએ જણાવ્યું છે કે મોસ્કોએ યુક્રેન યુદ્ધમાં ૭.૨૦ લાખ જેટલા સૈનિકો ગુમાવ્યા છે.

રશિયાના મૃત્યુ પામેલા સૈનિકોની સાથે ઈજાગ્રસ્તોનો પણ સમાવેશ કરાય તો આંકડો છેક ૧૬ લાખ પર પહોંચી શકે

એટલે કે ૪,૯૦,૦૦૦ જણાવાયો છે.

સંશોધકોએ વધારાની જાનહાનિનો અંદાજ કાઢવા માટે સ્ટેટિસ્ટિકલ મોડેલિંગનો ઉપયોગ કર્યો છે. આ ન્યૂયોર્ક ટાઈમ્સે પહેલી જ વખત આ પ્રકારનું વિશ્લેષણ પ્રકાશિત કર્યું છે. તેણે જણાવ્યું છે કે તેણે સંશોધકોના આ દાવાની સ્વતંત્ર રીતે ચકાસણી કરી નથી. જો આ આંકડો સાચો હોય કે સત્યની નજીક પણ હોય તો રશિયન સોસાયટી પર તેની વ્યાપક અસર પડી શકે છે. આ અંદાજમાં ફક્ત જાનહાનિ એટલે કે મૃત્યુ પામનારાઓની જ ગણતરી કરવામાં આવી છે. ઈજાગ્રસ્ત થયેલા અને કાયમ માટે અપંગ થયેલાની ગણતરી કરવામાં આવી નથી. હવે જો ઈજાગ્રસ્તો અને કાયમી અપંગ થયેલાઓને ગણીએ તો રશિયાને પડેલા ફટકાનો આંકડો ૧૬ લાખ પર પહોંચે છે.

છેલ્લા બે મહિનામાં જ જોઈએ તો યુક્રેને રશિયાને જબરો ફટકો માર્યો છે. કીવના જણાવ્યા મુજબ એકલા ઓક્ટોબરમાં જ માર્યા ગયેલા કે ઈજા પામેલા રશિયન સૈનિકોની સંખ્યા ૫૪,૪૦૦ થાય છે. આ આંકડો પુતિને યુદ્ધ શરૂ કર્યા પછીના કોઈપણ મહિનાનો

(અનુસંધાન ૯મે પાને)

બ્રિટિશ સિક્યોરિટીએ ચેતવણી આપી

યુક્રેનને મદદ કરતી બ્રિટિશ કંપનીમાં રશિયા ભાંગફોડ કરાવે તેવી આશંકા

લંડન,તા.૨૪

યુક્રેનને લશ્કરી સહાય પૂરી પાડવામાં મદદ કરતી બ્રિટનની કંપનીઓને બ્રિટિશ સિક્યોરિટીએ ચેતવણી આપી છે કે તેઓએ રશિયાના ભાંગફોડના પ્રયત્નનો સામનો કરવો પડી શકે છે.

રશિયા વતી જાસૂસી કરતો અમેરિકન સૈનિક પકડાતા બ્રિટિશરો સ્તબ્ધ : યુરોપમાં રશિયાનો પગપેસારો વધ્યો

બ્રિટિશ અધિકારીઓ તરફથી ભાગ્યે જ આપવામાં આવતી આવી પબ્લિક એલર્ટ યુરોપમાં ડિજિટલ અને ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોસ્કોના શ્રેણીબદ્ધ હુમલા પછી આપવામાં આવી છે. એસ્ટોનિયા પહેલી ડિસેમ્બરથી રશિયા સાથેની બધી જ સરહદ બંધ કરી દેશે. સત્તાવાળાઓએ તેમની ડિફેન્સ કંપની પર કરવામાં આવેલા હુમલા પછી આ નિર્ણય લીધો છે. રશિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સના આદેશ પર કામ કરતા આઠ લેટવિયન નાગરિકોની આગજનીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

યુકેની કોર્ટે વેરહાઉસને આગ લગાવવાનો પ્રયત્ન કરનારા કેટલાક લોકોને આકરી સજા કરી છે. આ વેરહાઉસમાંથી યુક્રેનને પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. સપ્ટેમ્બરમાં જ બ્રિટિશર પર જ રશિયન જાસૂસી સંસ્થાઓ સાથે મળીને ડ્રોન ફેક્ટરીમાં

(અનુસંધાન ૯મે પાને)

પ્રિયંકા, સોનિયા સાથે ટેબલ ટોકમાં રાહુલ ગાંધીનો દાવો

હત્યાના ઈરાદા સાથે જ રાજીવ ગાંધીની સુરક્ષા હટાવાઈ હતી

નવી દિલ્હી, તા. ૨૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે મારા પિતા રાજીવ ગાંધીની હત્યા થાય તે ઈરાદા સાથે જ તેમની સુરક્ષાને હટાવી લેવામાં આવી હતી. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવે તે પ્રકારનું વાતાવરણ ઉભુ કરવામાં આવ્યું હતું.

રાજીવ ગાંધીની હત્યા થાય તે પ્રકારનો માહોલ તૈયાર કરવામાં આવ્યો હતો : કોંગ્રેસ નેતા

રાહુલ ગાંધી પોતાના માતા સોનિયા ગાંધી અને બહેન પ્રિયંકા ગાંધી સાથે એક ટેબલ પર બેસીને વિવિધ મુદ્દે ચર્ચા કરી રહ્યા હતા, પોડકાસ્ટ જેવો આ વીડિયો રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર જાહેર કર્યો હતો. રાજીવ ગાંધી વડાપ્રધાન પદ ગુમાવ્યા બાદ વિપક્ષના નેતા હતા તે સમયે તેમની સુરક્ષાને લઈને કેવી પરિસ્થિતિ હતી તે અંગે સોનિયા ગાંધીએ યાદો તાજી કરી હતી. જેમાં ઉમેરો કરતા રાહુલ ગાંધી કહી રહ્યા છે કે પપ્પા (રાજીવ ગાંધી)ની સુરક્ષા હટાવવામાં આવી હતી કે જેથી તેમની હત્યા થઈ જાય, સુરક્ષા હટાવવી એ કોઈ સામાન્ય બાબત નહોતી, ઈરાદાપૂર્વક આ પગલુ ભરવામાં આવ્યું હતું. તેમની હત્યા થાય તે પ્રકારનું દેશમાં વાતાવરણ ઉભુ કરવામાં આવી રહ્યું હતું. તે સમયે મે આ મુદ્દે મારા પિતા સાથે, માતા સાથે પણ ચર્ચા કરી હતી. ૨૧ મે ૧૯૯૧માં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ચેન્નઈ પાસે હત્યા કરવામાં આવી હતી, એલટીટીઈ આત્મઘાતી હુમલાખોર દ્વારા આ હત્યાકાંડને અંજામ અપાયો હતો. ૧૯૮૯માં તત્કાલીન વી પી સિંહની સરકારે રાજીવ ગાંધીની એસપીજી સુરક્ષા હટાવી લીધી હતી.

એજન્સીઓએ વોટ્સએપ ગ્રુપની તપાસ શરૂ કરી

ભારતીય સંરક્ષણ સ્ટાફ સહિતના ૧૪ વોટ્સએપ ગ્રુપમાં પાક. જાસૂસ ઘૂસ્યા

નવી દિલ્હી, તા. ૨૪

ભારતીય અર્ધ સૈન્ય દળોના વોટ્સએપ ગ્રુપમાં પાકિસ્તાની જાસૂસો ઘૂસ્યા હોવાના અહેવાલો છે, એક અહેવાલ મુજબ સુરક્ષાદળો સાથે સંકળાયેલા ૧૪ જેટલા અંગત વોટ્સએપ ગ્રુપમાં પાકિસ્તાની એજન્ટો પણ ઘૂસ્યા હતા અને સુરક્ષાને લઈને કેટલીક માહિતી મેળવી લીધી હતી. આ વોટ્સએપ ગ્રુપમાં સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ પણ સામેલ હતા. પાકિસ્તાની જાસૂસોએ ભારતીય મોબાઈલ નંબરોની નકલ કરીને અથવા ટેકનીકલી છેડછાડ કરીને ગ્રુપમાં ઘુસણખોરી કરી હોઈ શકે છે.

પાક. એજન્ટો ગ્રુપમાં કોઈ જ મેસેજ કર્યા વગર ચૂપચાપ અન્ય સભ્યોના દસ્તાવેજો, વાતચીત પર નજર રાખી રહ્યા હતા

પાકિસ્તાની જાસૂસો હવે ભારતીયોના વોટ્સએપ ગ્રુપોમાં પણ ઘૂસવા લાગ્યા છે. આમ નાગરિકો નહીં પરંતુ ખુદ સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ તેનો ભોગ બન્યા છે. અહેવાલો મુજબ પાકિસ્તાની એજન્ટોએ જાસૂસી માટે વિશેષ રસ્તો શોધી કાઢ્યો છે, કેન્દ્રીય હથિયારી દળો અને સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ૧૩થી ૧૪ વોટ્સએપ ગ્રુપોમાં પ્રવેશ મેળવ્યો છે. બાદમાં આ પાકિસ્તાની એજન્ટો વોટ્સએપ ગ્રુપમાં ચૂપચાપ કોઈ જ મેસેજ કર્યા વગર ગ્રુપના સભ્યોની ચેટિંગ કે મેસેજ પર નજર રાખતા ઝડપાયા હતા. હાલમાં એજન્સીઓ દ્વારા આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ પાકિસ્તાની એજન્ટોએ ઘુસણખોરી માટે ભારતીય મોબાઈલ નંબરોની નકલ કરી હતી. ભારતીય વોટ્સએપ ગ્રુપોમાંથી સંવેદનશીલ માહિતી તેમજ મહત્વના દસ્તાવેજો મેળવી લેવાયા હોવાની


(અનુસંધાન ૯મે પાને)

ઈરાનમાં મહિલાઓ વિરોધી કાયદા હેઠળ સજા

જાહેરમાં હિજાબ વગર ગીતો ગાવા બદલ સિંગરને ૭૪ કોરડા મરાયા

તહેરાન, તા. ૨૪

ઈરાનની ખ્યાતનામ ગાયિકા પરસ્તુ અહમદી અને તેની ટીમના ચાર સભ્યોને સજા તરીકે ૭૪-૭૪ કોરડા મારવામાં આવ્યા હતા. જાણીને નવાઈ લાગશે કે પરસ્તુ અહમદી જ્યારે સ્ટેજ પર્ફોર્મ કરી રહી હતી અને ગીતો ગાઈ રહી હતી ત્યારે તેણે હિજાબ નહોતો પહેર્યો, બસ આટલી મામૂલી વાતમાં તેને જાહેરમાં બર્બરતા પૂર્વક કોરડા મારવામાં આવ્યા હતા. તેના બેન્ડમાં સામેલ અન્ય લોકોને પણ આ જ



પ્રકારની કઠોર સજા આપવામાં આવી હતી.

ગાયિકા અને તેના સમગ્ર બેન્ડ પર બે વર્ષથી સંગીત સાથે સંલગ્ન તેવી કોઈ પણ ગતિવિધિમાં ભાગ લેવા અને ઈરાન બહાર મુસાફરી કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. બે વર્ષ પહેલા દક્ષિણ ઈરાન સ્થિત કોમ શહેરમાં પરસ્તુ અહમદી અન્ય ગાયકો સાથે હિજાબ પહેર્યા વગર જ પરફોર્મ કરતી જોવા મળી હતી, જેને કારણે તેની ધરપકડ પણ કરવામાં આવી હતી અને આકરા પ્રતિબંધો મુક્યા બાદ હવે ક્યોમ શહેરમાં જાહેરમાં કોરડા મારવાની સજા

(અનુસંધાન ૯મે પાને)

અહમદીની સાથે તેના બેન્ડના સભ્યોને પણ ક્રૂરતાથી કોરડા ફટકારાયા બે વર્ષ સંગીત કાર્યક્રમો, ઈરાન બહાર જવા પર પ્રતિબંધ

દિલ્હીની વાત

ભાજપએ શા માટે અકાલી દળ સાથે ગઠબંધન કરવું પડ્યું?

નવીદિલ્હી, તા. ૨૪

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ અને શીરોમણી અકાલી દળએ ગઠબંધન કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ ગઠબંધનની જાહેરાત દિલ્હી ભાજપની ઓફિસમાંથી કરી હતી. છેલ્લા ઘણા વખતથી બંને વચ્ચે ગઠબંધનની વાતો ચાલતી હતી, પરંતુ છેવટનો નિર્ણય લેવાતો નહોતો. પંજાબમાં ભાજપ એકલે હાથે કદી જીતી શકે નહીં. બીજી તરફ પંજાબમાં હંમેશા શીખ મુખ્યમંત્રી રહ્યા છે. ભાજપ પાસે એવો કોઈ શીખ ચહેરો નહોતો કે જેને મુખ્યમંત્રી તરીકે જાહેર કરી શકે. ભાજપ અને અકાલી દળ છ વર્ષ પછી સાથે

(અનુસંધાન ૯મે પાને)

બેધડક -મંજુલ



અમે પ્રેમીઓના લિવઈન અને બ્રેકઅપના વિરોધી છીએ. રાજકીય લિવઈન અને બ્રેકઅપ તો ચાલ્યા કરે, તેમાં વાંધો નથી!

પંજાબમાં છ વર્ષ બાદ ફરી ભાજપ-અકાલી દળે હાથ મિલાવ્યા

અકાલી દળની એનડીએમાં વાપસી જીતે તો સીએમપદ મળવાની આશા

નવી દિલ્હી, તા. ૨૪

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા અકાલી દળ એનડીએમાં પરત ફર્યું છે, છ વર્ષ પહેલા એનડીએમાં વાપસી કરનારા અકાળી દળે જો ચૂંટણીમાં ગઠબંધનની જીત થાય તો મુખ્યમંત્રીનું પદ આપવામાં આવે તેવી શરત મુકી હોવાના અહેવાલો છે. આ શરતનો ભાજપે સ્વીકાર કરી લીધો છે જેની જાહેરાત બન્ને પક્ષોની સંયુક્ત પ્રેસ કોન્ફરંસમાં કરવામાં આવી હતી.

ભાજપે અકાલી દળને મોટો ભાઈ ગણાવ્યો, ટૂંક સમયમાં બેઠકોની ફાળવણી અને ચૂંટણી ઢંઢેરા અંગે નિર્ણય

વર્ષ ૨૦૨૭માં ફેબ્રુઆરી મહિના આસપાસ પંજાબમાં વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવી શકે છે. સત્તાધારી પક્ષ આમ આદમી પાર્ટી, કોંગ્રેસ, ભાજપ, અકાલી દળ એમ ચાર પક્ષો ચૂંટણીમાં ઝંપલાવવાના છે. જોકે હવે હાલ અકાલી દળ અને ભાજપ બન્નેએ ગઠબંધનની જાહેરાત કરી છે. તેથી હવે આપ, કોંગ્રેસ અને એનડીએમ એમ ત્રિપાંખિયો જંગ જોવા મળશે. બેઠકોની ફાળવણી અંગે વાત કરતા ભાજપના અધ્યક્ષ નિતિન

(અનુસંધાન ૯મે પાને)



(૧) દિવાળી પછીની પૂનમે દેવ દિવાળી કાર્તિક પૂર્ણિમા એ હિન્દુ ધર્મનો પવિત્ર તહેવાર છે. માન્યતા મુજબ ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો તેની ખુશીમાં દેવતાઓએ આ ઉત્સવ મનાવ્યો હતો. આજના દિવસે નદીઓમાં પવિત્ર સ્નાન, દાન અને પૂજા- અર્ચનાના મહિમા ઉપરાંત દીપદાનનું મહત્ત્વ રહેલું છે. સાંજે પ્રદોષકાળમાં દીવા પ્રગટાવવા શુભ માનવામાં આવે છે. દેવ દિવાળીના પર્વએ અમદાવાદના જૂના અંબાજી તેમજ વૈભવલક્ષ્મી મંદિરે ખાસ છપ્પનભોગ અન્નકૂટ દર્શન યોજાયા હતા. (૨) શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરૂ 'નાનકદેવજી'ના જન્મ દિવસને પ્રકાશ પર્વ અથવા ગુરૂપુરબ તરીકે ઉજવવામાં આવે છે. ઈશ્વર એક, સમાનતા, પ્રમાણિકતા, મહેનત અને નિઃસ્વાર્થ સેવાનો સંદેશ આપ્યો છે તેવા નાનક દેવના માનમાં ગુરૂદ્વારાઓમાં કિર્તન, અખંડ પાઠ, લંગર અને કડા પ્રસાદનું આયોજન થાય છે. ત્યારે અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલા ગુરૂદ્વારામાં ગુરૂ નાનક જયંતિની ઉજવણી થઈ હતી. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

અમદાવાદમાં વિકાસના નામે પર્યાવરણનો વિનાશ

ગાંધી આશ્રમની સામે ટીપી રસ્તા માટે ૬૦થી વધુ વૃક્ષોનું નિકંદન કરાશે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ શહેરમાં વિકાસના નામે આડેધડ વૃક્ષો કાપીને પર્યાવરણનો રીતસરનો વિનાશ થઈ રહ્યો છે. તેવામાં હવે ગાંધી આશ્રમની સામેની તરફ ટીપી રસ્તો ખોલવા માટે ૬૦થી વધુ નાના-મોટા વૃક્ષો કાપવાની પેરવી શરૂ થઈ છે. આ વૃક્ષો કાપવા કે ખસેડવાની મંજૂરી મેળવ્યા વગર જ ઈજનેર ખાતાએ રોડની કામગીરી પણ ચાલુ કરી દીધી છે. એક તરફ શહેરમાં ગ્રીન કવર વધારવાની ગુલબાંગો પોકારવામાં આવે છે, બીજી તરફ ખુદ મ્યુનિ.ના જ પ્રોજેક્ટમાં મનફાવે તેમ વૃક્ષો કપાઈ રહ્યા છે.

વૃક્ષો કાપવા કે ખસેડવાની મંજૂરી મેળવ્યા વગર જ ઈજનેર ખાતાએ રોડની કામગીરી ચાલુ પણ કરી દીધી

અમદાવાદના સાબરમતી સ્થિત ગાંધી આશ્રમના રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. તેવામાં આશ્રમની ગૌશાળાની સામેની તરફનો ટીપી રોડ ખોલવાની કવાયત મ્યુનિ. દ્વારા હાથ ધરવામાં આવી છે. જનતાનગર કડિયાનાકાથી ગોવિંદનગર તરફ જતો આ ટીપી રોડ ટ્રાફિકની દ્રષ્ટિએ અત્યારે તો ખોલવાની કોઈ જરૂર નથી, પરંતુ આશ્રમના વિકાસના બહાને રસ્તો ખોલાઈ રહ્યો છે. પર્યાવરણ પ્રેમીઓના આક્ષેપ અનુસાર રસ્તો ખોલવા માટે વચ્ચે આવતા ૬૦થી વધુ નાના-મોટા વૃક્ષો સ્થળ પરથી ઉખાડી નાંખવામાં આવશે. સામાન્ય રીતે વૃક્ષ કાપવા કે ખસેડવા એટલે કે રિપ્લાન્ટેશન માટે મ્યુનિ.ના બગીચા વિભાગની મંજૂરી લેવી ફરજિયાત છે. પરંતુ આવી કોઈ મંજૂરી લીધા વગર ઈજનેર ખાતાએ કામગીરી ચાલુ પણ કરી દીધી છે. કોઈને ખ્યાલ ન આવે તેમ બે-ચાર દિવસમાં આ વૃક્ષો કપાઈ પણ જશે! વૃક્ષો વચ્ચે આવતા હોય તો તેને બચાવીને રસ્તાનું આયોજન એ મુજબ કરવું જોઈએ. આ બાબત શક્ય પણ છે. પરંતુ દરેક પ્રોજેક્ટ વખતે મ્યુનિ. તંત્ર સાવ સહજ રીતે વૃક્ષો કાપી નાંખે છે. બીજી તરફ અત્યાર સુધીના ઈતિહાસમાં લગભગ ક્યારેય મ્યુનિ.એ ટ્રાન્સપ્લાન્ટ કરેલા વૃક્ષો ફરી ઉગ્યા હોય તેવું બન્યું નથી.

કોણ શું કહે છે?

બગીચા વિભાગ : ટીપી રસ્તાનો પ્રાથમિક સર્વે કર્યો છે. ૪૫ વૃક્ષો ટ્રાન્સપ્લાન્ટ કરવાની અને ૨૨ વૃક્ષો કાપવાની જરૂરિયાત હોવાનું સામે આવ્યું છે. જોકે હજી આ આંકડા આખરી નથી. રોડ પ્રોજેક્ટ દ્વારા ચોક્કસ નકશા તૈયાર થાય પછી સાચી સ્થિતિ સામે આવશે.

ઈજનેર વિભાગ : અડધો રોડ આરસીસીનો બની ગયો છે. હવે આગળનો ૭૦૦ મીટર જેટલો રોડ બનાવવાનો બાકી છે. જેમાં ૫૨ વૃક્ષો ટ્રાન્સપ્લાન્ટ કરવા પડે તેમ છે, બાકીના ૮-૧૦ વૃક્ષો બચી જશે. નવો ટીપી રોડ ખોલવા માટેની આ પ્રક્રીયા ચાલી રહી છે.

વૃક્ષ રિપ્લાન્ટેશનનું ત્રણેક કરોડનું મશીન ગાયબ!

અમદાવાદ મ્યુનિ. દ્વારા આઠ-દસ વર્ષ જેટલા સમય પહેલાં વૃક્ષોના રિપ્લાન્ટેશન માટે લગભગ ત્રણેક કરોડ રૂપિયાના ખર્ચે મશીન વસાવવામાં આવ્યું હતું. આજે આ મશીન ગાયબ છે. શહેરીજનોએ ક્યારેય આ મશીન દ્વારા વૃક્ષોનું રિપ્લાન્ટેશન કરાતું હોય, તેવું દ્રશ્ય જોયું નથી.

અમદાવાદ મ્યુનિ. પાંચ એજન્સીને એમ-પેનલ કરશે

ચાર રસ્તા પર ટ્રાફિક મેનેજ કરવા ડિઝાઈન એજન્સીઓ રોકાશેઃ ૭.૫૦ લાખની ફી

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ શહેરમાં વધી રહેલી ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિવિધ જંક્શન ડેવલપ કરવામાં આવી રહ્યા છે. આ જંક્શન કેવી રીતે ડેવલપ કરવા? તેની ડિઝાઈન તૈયાર કરવા પણ એજન્સીઓ રાખવાનો નિર્ણય કરાયો છે. જોકે આ એજન્સીને ચૂકવવામાં આવનાર તોતિંગ ફી ચર્ચાનો વિષય બની છે. જંક્શનની ડિઝાઈન ડેવલપ કરવા માટે મ્યુનિ. દ્વારા કન્સલ્ટન્ટ એજન્સીને રૂ.૧.૭૫ લાખથી ૭.૫૦ લાખ સુધીની રકમ ચૂકવવામાં આવશે.

મકરબા રેલવે બ્રિજની ખામીવાળી ડિઝાઈન બનાવનાર ડેલ્ફ એજન્સી સામે તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નથી

અમદાવાદ મ્યુનિ. દ્વારા સામાન્ય રીતે જંક્શન ડેવલપમેન્ટના નામે ત્રણ કે ચાર રસ્તાઓ વચ્ચે સર્કલ બનાવી દેવામાં આવે છે અને તેને જોડતા રસ્તાઓના ડિવાઈડરમાં થોડો-ઘણો ફેરફાર કરવામાં આવે છે. જેનો સરેરાશ ખર્ચ પાંચથી દસ લાખ રૂપિયાની વચ્ચે થતો હોય છે. હવે આ કામગીરીની ડિઝાઈન તૈયાર કરનાર આવશે! એટલે એક તબક્કે સોના કરતા ઘડામણ મોંઘુ થાય, તેવો તાલ સર્જાયો છે. અલબત તેના માટે પાંચ એજન્સીઓને એમ પેનલ પણ કરવામાં આવશે. એટલે કે કોઈ એજન્સીની મોનોપોલી

ઘાટ કરતાં ઘડામણ મોંઘું, સર્કલ ડેવલપ કરવાના ખર્ચ સામે ડિઝાઈનની ફી વધી જશે!

કેવા પ્રકારના જંક્શન માટે કેટલી ફી ચૂકવાશે?

શ્રેણી	પ્રકાર	રકમ
વર્ગ-અ	બહુમાર્ગીય જંક્શન	૭.૫૦ લાખ
વર્ગ-બ	ત્રણ માર્ગીય જંક્શન ચાર માર્ગીય જંક્શન	૪.૦૦ લાખ ૪.૭૫ લાખ
વર્ગ-ક	ત્રણ માર્ગીય જંક્શન ચાર માર્ગીય જંક્શન	૩.૨૫ લાખ ૪.૦૦ લાખ
વર્ગ-ડ	ત્રણ માર્ગીય જંક્શન ચાર માર્ગીય જંક્શન	૨.૭૫ લાખ ૩.૨૫ લાખ
વર્ગ-ઈ	ત્રણ માર્ગીય જંક્શન ચાર માર્ગીય જંક્શન	૧.૭૫ લાખ ૨.૨૫ લાખ

ટ્રાફિક સરળ થશે તો જ ડિઝાઈન અંગેની ફી એજન્સીને ચૂકવવામાં આવશે

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની રોડ એન્ડ બિલ્ડિંગ્ઝ કમિટીના ચેરમેને આ મામલે જણાવ્યું છે કે, જંક્શન ડેવલપ કરવાનો મુખ્ય આશય ટ્રાફિક સરળ થાય તેવો હોય છે. માટે ઈઝ ઓફ ટ્રાફિકની શરત ઉમેરવામાં આવી છે. એટલે કે ટ્રાફિક સરળ થશે અથવા તો જંક્શન ડેવલપ કરવાથી ટ્રાફિક અવરોધાશે નહીં, તો જ એજન્સીને કન્સલ્ટન્સી ફી ચૂકવવામાં આવશે. આ ઉપરાંત કામગીરી સોંપવાનો સમયગાળો પાંચ વર્ષ રાખવામાં આવ્યો હતો. જે ઘટાડીને ત્રણ વર્ષ કરી દેવામાં આવ્યો છે.

એમ-પેનલ કરી આ સંસ્થાઓને ડિઝાઈનનું કામ અપાશે

* આઈઆઈટી રામ
* મેકવે મેનેજમેન્ટ લિ.
* નિપ્પોન કોઈ ઈન્ડિયા પ્રા. લિ.
* અન્વય કન્સ્ટ્રક્શન કન્સલ્ટન્સી પ્રા. લિ.
* ધ અર્બન લેબ

એજન્સીને રૂ.૧.૭૫ લાખથી ૭.૫૦ લાખ સુધીની રકમ ચૂકવવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે, મકરબા રેલવે ઓવર બ્રિજની ખામીના કારણે શહેરીજનોએ ટ્રાફિક મામલે કાયમી હાડમારી ભોગવવાનો વારો આવ્યો છે. આ બ્રિજની ડિઝાઈન તૈયાર કરનાર ડેલ્ફ એજન્સી સામે આજ સુધીમાં કોઈ પગલાં લેવાયા નથી. ત્યારે મ્યુનિ. દ્વારા ડિઝાઈન તૈયાર કરનાર એજન્સીઓને તોતિંગ રકમની ફી શા માટે ચૂકવવામાં આવે છે? તેવો સવાલ પણ લોકોમાં ઉઠ્યો છે.

પવનની દિશા બદલાતાં ઠંડીનું જોર ઘટ્યું

અમદાવાદનું તાપમાન ૩ દિવસમાં ૩ ડિગ્રી વધ્યું, ઠંડી આંશિક ઘટી

અમદાવાદ,મંગળવાર

ગુજરાતમાં ગત બે દિવસ માંડ ઠંડીએ જમાવટ કરી ત્યાં જ પવન બદલાયો છે.એકંદરે ગુજરાતમાં પૂર્વ અને પૂર્વોત્તરના પવનો શરુ થવા સાથે ઠંડીમાં ઘટાડો થયો છે.

આગામી ૩ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી

ગત રાત્રિના ૧૩.૮ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. અન્યત્ર જ્યાં ૧૭ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું તેમાં ડીસા અને વડોદરાનો સમાવેશ થાય છે. આમ, સળંગ બીજા દિવસે ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ રાજ્યના તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત્ છે. અમદાવાદમાં ગત રાત્રિના ૧૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. છેલ્લા ૩ દિવસમાં અમદાવાદના લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રી જેટલો વધારો થયો છે. આગામી ૩ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે.

ક્યાં સૌથી નીચું તાપમાન?

શહેર	તાપમાન	શહેર	તાપમાન
નલિયા	૧૩.૮	કંડલા	૧૮.૫
ડીસા	૧૫.૭	રાજકોટ	૧૮.૬
વડોદરા	૧૬.૬	ભાવનગર	૧૯.૦
ગાંધીનગર	૧૭.૦	જૂનાગઢ	૧૯.૦
વલસાડ	૧૭.૦	સુરેન્દ્રનગર	૧૯.૦
ભુજ	૧૭.૪	સુરત	૨૧.૨
અમદાવાદ	૧૮.૦	પોરબંદર	૨૨.૩

૩૪ મહિનાથી બોટિંગ પ્રવૃત્તિ બંધ કરાઈ હતી

નળ સરોવરમાં હવે ૨૦૦ નવી બોટ ટૂંક સમયમાં ફરી બોટિંગ શરૂ કરાશે

અમદાવાદ,મંગળવાર

નળ સરોવરના પુનર્વિકાસના પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે. હવે ૨૦૦ બોટ સાથે ટૂંકસમયમાં બોટિંગ સુવિધાનો બે વર્ષ બાદ આખરે પુનઃ પ્રારંભ કરવામાં આવે તેવી સંભાવના છે.

પુનર્વિકાસ પૂર્ણ થવામાં : પક્ષીને જોવા વોચ ટાવર, સાયકલિંગ સહિતની સુવિધા આકર્ષણનું કેન્દ્ર બનશે

વડોદરામાં હરણી બોટ દુર્ઘટના બાદ રાજ્યભરમાં બોટિંગ પ્રવૃત્તિઓ પર સરકારે પ્રતિબંધ લાદ્યો હતો. હવે નળ સરોવરમાં પણ બોટિંગ શરૂ થાય, પ્રવાસીઓને અગવડ ન પડે અને સલામતી જળવાઈ રહે એ રીતે આયોજન થઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બોટથી પક્ષીદર્શન માટે સવારે ૬થી ૯, સવારે ૯:૩૦થી ૧૨:૩૦ અને બપોરે ૩થી સાંજે ૬ એમ ત્રણ સ્લોટ ફાળવવામાં આવ્યા છે. એક બોટમાં મહત્તમ ૮ લોકો બેસી શકશે. બોટિંગ માટે પ્રતિ વ્યક્તિ રૂપિયા ૫૦૦નો ચાર્જ રહે તેવી સંભાવના છે. વોચ ટાવર પણ પ્રવાસીઓ માટે નવું આકર્ષણ બનશે. વોચ ટાવર પરથી સરોવરનો વિશાળ વિસ્તાર અને તેમાં વિહરતા પક્ષીઓને નિહાળવાનો અનુભવ પ્રવાસીઓ માટે વિશેષ બની રહેશે. આ સિવાય નળસરોવરમાં બે બોટિંગ ડેક, આરસની બેઠકવ્યવસ્થા, ડાયનિંગ વિથ કિચન, સાયકલિંગ યુનિટ, વેઇટિંગ એરિયાની પણ સુવિધા હશે.

ઓલ ઈન્ડિયા ક્વોટામાં પ્રવેશ મળતા

પીજી મેડિકલમાં ૭૪ વિદ્યાર્થીઓએ ગુજરાતમાંથી પ્રવેશ રદ કરાવી દીધો

અમદાવાદ,મંગળવાર

પીજી મેડિકલમાં વધુ ૫૪ વિદ્યાર્થીઓએ ગુજરાતની સ્ટેટ ક્વોટાની બેઠકોમાંથી પ્રવેશ રદ કરાવી દીધો છે.ઓલ ઈન્ડિયા ક્વોટામાં સારી બ્રાંચ અને સારી કોલેજોમાં પ્રવેશ મળતા ગુજરાતના ૭૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો છે.આ ૭૪ પ્રવેશ રદ થવાને લીધે સ્ટેટ ક્વોટાના બીજા રાઉન્ડ માટે ખાલી બેઠકો વધી છે.

અનેક વિદ્યાર્થીઓએ બી.જે.સહિતની સરકારી કોલેજોની સીટ પણ છોડી: બીજા રાઉન્ડમાં બેઠક વધી

પીજી મેડિકલમાં ૭૪ વિદ્યાર્થીઓએ આજ સુધીમાં પ્રવેશ રદ કરાવતા ખાલી બેઠકો વધીને ૧૬૦૦થી વધુ થઈ ગઈ હતી અને જેના માટેનું સીટ એલોટમેન્ટ પણ હવે જાહેર થનાર છે. અગાઉ ૨૦ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો હતો અને વધુ ૫૪ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવતા ખાલી બેઠકો વધી હતી.

પીજી પ્રવેશની નીટમાં સારો રેન્ક હોવાથી ઓલ ઈન્ડિયા ક્વોટામાં સારી કોલેજોમા-સારી બ્રાંચમાં પ્રવેશ મળતા ગુજરાતના સ્ટેટ ક્વોટામાં ૭૪ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો છે.

પ્રવેશ રદ કરાવનારા આ ૭૪ વિદ્યાર્થીઓમાં અનેક વિદ્યાર્થીઓ એવા પણ છે કે જેઓને બી. જે. મેડિકલ, રાજકોટ, ભાવનગર, જામનગર અને સુરત સહિતની સરકારી મેડિકલ કોલેજોમાં સારી બ્રાંચોમાં પ્રવેશ મળ્યો હતો.

માત્ર બી.જે.મેડિકલ કોલેજમાંથી ૧૧ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો છે.સરકારી ઉપરાંત એનએએલ અને એલ.જી મેડિકલ કોલેજમાંથી પણ પ્રવેશ રદ થયા છે.

૭૪માંથી ૬૫થી વધુ પ્રવેશ જનરલ સ્ટેટ ક્વોટાના છે અને કેટલાક ઈન્સ્ટિટ્યુશનલ ક્વોટાના તેમજ કેટલાક મેનેજમેન્ટ ક્વોટાના છે.

રાજસ્થાનથી ૧૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ લાવનાર કેરિયર ઝડપાયો

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનથી ગેરકાયદેસર રીતે એમ.ડી. ડ્રગ્સની હેરાફેરી કરતા વટવાના મકતુમનગર વિભાગ-૩માં રહેતા અજીજખાન ઉર્ફે ખુદ ફિરોઝખાન પઠાણને ૩ લાખની કિંમતના ૧૦૦ ગ્રામ મેફેડ્રોન સાથે ગીતામંદિરથી ભુલાભાઈ ચાર રસ્તા તરફ જતાં પકડી પાડ્યો હતો. એમડી ડ્રગ્સનો જથ્થો રાજસ્થાનના પાલી વિસ્તારના રહીશ નદીક ઉર્ફે બુંડિયાએ આપ્યો હતો અને અમદાવાદમાં બોમ્બે હોટલ પાસે લઈક અનસારીને પહોંચાડવાનો હતો. કેરિયર તરીકે રાજસ્થાનથી એમડી ડ્રગ્સની હેરાફેરી કરતા પકડાયેલા અજીજ પઠાણની સઘન પૂછપરછ હાથ ધરાઈ છે.

સેટેલાઈટમાં પાડોશી યુવકે ધમકી આપતાં ફરિયાદ

અમદાવાદ, મંગળવાર

સેટેલાઈટની મહાબળેશ્વર સોસાયટીમાં બાળકોના મામલે મહિલા ઉપર હુમલાની ફરિયાદ નોંધાઈ છે. ગીતાબહેન પરેશભાઈ ઠાકોરે ફરિયાદ નોંધાવી છે કે, તેમની જ સોસાયટીમાં રહેતા કીશ પરેશભાઈ ઠાકોર ઝઘડો કરતો બતો તેને સમજાવવા ગયા હતા. ગીતાબહેન અને તેમના પતિએ ગાળો બોલાવાની ના પાડતાં દંપતિને હત્યા કરવાની ધમકી આપી હતી. અગાઉ પણ છરો લઈને આવીને ધમકીઓ આપી હોવા અંગે ગુનો નોંધી સેટેલાઈટ પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા દશકોઈ ના મોજે બીબીપુર ની સીમના ખાતા નં.૧૬૧ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૭૧ (જુના સર્વે નં. ૨૦) ની ૦-૭૨-૨૧ હે.આરે.ચો.મી., આકાર રૂા.૬.૧૫ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૦-૬૨-૦૯ હે.આરે.ચો.મી. જમીન નયનાબેન વિઠ્ઠલભાઈ, સોનલબેન વિઠ્ઠલભાઈ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલીછે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહીં) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે હેમંત ભગુભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાબરમતીના ગામ મોજે વાડજની ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧૯ (મેમનગર) ના ફાઈનલ પ્લોટ નંબર- ૪૯ પૈકીની બીનખેતી થયેલી જમીનમાં ''ફેન્ડઝ કોલોની'' ના નામથી ઓળખાતી સ્કીમમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી સબપ્લોટ/બંગલા નંબર-૪ (ચાર) ની મિલ્કત, જેનો સમાવેશ સીટી સર્વેના રેકર્ડમાં થતા તેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે ઓફિસ-અમદાવાદ-૧ ના સીટી સર્વે વોર્ડ-ટી.પી.૧૯ મેમનગરમાં શીટ નંબર-૩ ના સીટી સર્વે નંબર-૨૧૬, ફાઈનલ પ્લોટ નંબર-૪૯ પૈકીની ૩૭૬ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલી છે, તે જમીન તથા તેમાંની અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ટેક્ષના બીલ મુજબની ૨૬૦.૬૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બંગલાની બાંધકામવાળી મિલ્કત તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ મિલ્કત પરત્વેના ઉપરોકત મિલ્કતમાલિકના ટાઈટલ્સ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ મિલ્કત ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ મિલ્કત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ મિલ્કત ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૪-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,

હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) રમેશભાઈ ગોવિંદલાલ (૨) ગીતાબેન તે અંબાલાલ પટેલની દિકરી તે અશોકભાઈ પટેલની પત્ની (૩) મિલન અશોકભાઈ પટેલ તથા (૪) રાજ અશોકભાઈ પટેલ, સર્વે રહેવાસી-અમદાવાદનાઓ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડિયાના ગામ મોજે શીલજની સીમના (૧) સર્વે/બ્લોક-૫૭૨ની ૨૪૨૮ ચોરસમીટરની જમીન તથા (૨) સર્વે/બ્લોક-૫૭૪ની ૧૨૧૪ ચોરસમીટરની જમીન મળી કુલ ૩૬૪૨ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૫૩-A (શીલજ-થલતેજ-હેબતપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૩ની ૨૧૮૫ ચોરસમીટરની બહુહેતુક સાટ્રની બિનખેતીની જમીન તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહિયારી માલિકી તથા કબજા ભોગવટાની હોવાનુ જણાવેલ છે. વધુમાં સદરહુ જમીન અંગે ઉપરોકત જમીનમાલિકો તારીખ ૩૦-૧૦-૨૦૨૬ના રોજ સબરજીસ્ટ્રારશ્રી અમદાવાદ-૯(બોપલ)ની કચેરીમાં અનુક્રમ નંબર-૨૬૬૫૯ થી અસલ પ્રત તરીકે તથા અનુક્રમ નંબર-૨૬૬૬૦થી બીજી પ્રત ડુપ્લીકેટ તરીકે નોંધાયેલ ભાડાપટ્ટાનો લેખ SHREESH PRAGYA LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ છે. સદરહુ જમીન અંગેના ઉપરોકત ભાગીદારી પેઢીના ભાડાપટ્ટાના હક્કો સહિતના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તો સદરહુ જમીન ઉપર ઉપરોકત ભાગીદારી પેઢીના ભાડાપટ્ટાના હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર ઉપરોકત ભાગીદારી પેઢીના ભાડાપટ્ટાના હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર ઉપરોકત ભાગીદારી પેઢીના ભાડાપટ્ટાના હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ઉપરોકત ભાગીદારી પેઢીના ભાડાપટ્ટાના હક્કો સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૩-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪. ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

મોજે-સબાસપુર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-સબાસપુર ગામની સીમનાં રી-સર્વે મુજબનાં બ્લોક નં. ૨૬૪/૦૦૨ (જુના બ્લોક નં. ૨૧૦) ની હે.આરે.ચો.મી. : ૦-૨૪-૦૦ ની ખેતીની જમીન કનુભાઈ નારણભાઈ પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અમારા અસીલની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ



ચોમાસાના ચાર મહિના (ચાતુર્માસ) દરમ્યાન જીવદયાના હેતુથી શત્રુંજય પર્વતની યાત્રા બંધ રહે છે. જે કારતક સુદ પૂનમના દિવસથી વિધિવત્ શરુ થાય છે જે શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસે રૂબરૂ પાલીતાણા જઈ શકતા નથી તેઓ પોતાના જ શહેરના દેરાસરમાં શત્રુંજય તીર્થના ચિત્રપટ્ટ (પટ્ટ)ના દર્શન કરી પ્રત્યક્ષ યાત્રાનું પુણ્ય મેળવે છે. અમદાવાદના હઠીસિંગના દેરા ખાતે ઐતિહાસિક પટ્ટના પરંપરાગત દર્શન યોજાયા હતા. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

જીટીયુના અતિચકચારી કૌભાંડમાં નામ પુરતી તપાસ ?

CCC પરીક્ષા કૌભાંડ:ઉમેદવારો પાસ થઈ લાભ મેળવી ચૂક્યા પરંતુ હજુ તપાસ ચાલુ

અમદાવાદ,મંગળવાર

જીટીયુના અતિચકચારી અને વિવાદીત એવા ટ્રીપલ સી પરીક્ષા ગુણ સુધારણા કથિત કૌભાંડમાં બે વર્ષ કરતા પણ વધુ સમયથી તપાસ ચાલી રહી છે પરંતુ હજુ સુધી નિરાકરણ નથી આવ્યુ.જો કે જે સમયે તપાસ શરૂ થઈ ત્યારે તો ઉમેદવારોને પરિણામ પણ આપી દેવાયુ હતુ અને જેના આધારે તેઓને બઢતી કે ઉચ્ચતર પગારધોરણનો લાભ પણ મળી ગયો હતો.આમ જીટીયુના ટ્રીપલસી પરીક્ષા પરિણામના કથિત કૌભાંડમાં બે વર્ષથી અધિકારી સસ્પેન્ડ છે અને જેઓને પણ ૭૫ ટકા પગાર તો મળે છે ત્યારે ખરેખર તપાસ માત્ર કાગળ પર હોવાની ફરિયાદો ઉઠી છે.

જે ૩૯ ઉમેદવારોના રિઝલ્ટમાં ગોટાળાનો રિપોર્ટ અપાયો તે ઉમેદવારોને બઢતી-પગારધોરણનો લાભ પણ મળી ગયો

સરકારી કર્મચારીઓ માટે ટ્રીપલસી પરીક્ષા પાસ કરવાનું ફરજીયાત છે ત્યારે સરકારે રાજ્યમાં સૌપ્રથમ જીટીયુને ટ્રીપલસી પરીક્ષા લેવાની જવાબદારી સોંપી હતી.દરમિયાન ૨૦૧૮માં ટ્રીપલસ પરીક્ષાના પરિણામમાં છેડછાડની ફરિયાદ ઉઠી હતી.તે સમયે પરીક્ષાના કોઓર્ડિનેટરે તે સમયના ઈન્ચાર્જ રજિસ્ટ્રારને પુરાવા સાથે તમામ વિગતો આપી હતી. ત્યારબાદ ઈન્ટરનલ તપાસ કરીને એવુ જાહેર કરાયુ હતુ કે ટેકનિકલ ખામી થઈ છે પરંતુ પરિણામમાં કોઈ ગોટાળો નથી.પરંતુ પરીક્ષાના કોઓર્ડિનેટરે કહ્યુ હતું કે પરિણામ તૈયાર કર્યા બાદ આઈટી વિભાગના વડાને અપાયુ ત્યારે જે પરિણામ તૈયાર કરાયુ હતુ તેના કરતા ખરેખર જાહેર થયેલુ પરિણામ અલગ હતું.થોડા વર્ષો સુધી કંઈ ન થયુ અને વચ્ચે ત્રણથીચાર વર્ષ સુધી યુનિ.એ પરીક્ષા લેવાનું પણ બંધ કરી દીધું હતું. પરંતુ આ પરીક્ષા પરિણામ કૌભાંડ ફરી ગાજ્યુ અને અઢી વર્ષ પહેલા જીટીયુએ બહારના ત્રણ એક્સપર્ટ સભ્યોની કમિટી રચી હતી.

આ કમિટીએ તપાસના અંતે એવો રિપોર્ટ આપ્યો હતો કે ૩૯ ઉમેદવારોના પરિણામમાં ગોટાળા થયા છે.આ રિપોર્ટ બાદ ઓક્ટોબર ૨૦૨૪માં આટી સેકશન અધિકારી અને નેટવર્ક એડમિન અધિકારીને સસ્પેન્ડ કરાયા હતા.જેઓને અન્ય સંલગ્ન કોલેજમાં બદલીથી મુકાયા હતા. બે વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે પરંતુ હજુ સુધી ખાતાકીય તપાસ પુરી થઈ નથી. બીજી બાજુ જે ૩૯ ઉમેદવારોના પરિણામમાં ગોટાળો હતો તેઓને પણ બોલાવાયા નહીં કે આ બાબતે સરકારને પણ કોઈ જાણ કરાઈ નહીં અને ૩૯ ઉમેદવારોએ પરિણામમાં પાસ હોવાના આધારે બઢતી કે ઉચ્ચતર પગારના લાભ પણ લઈ લીધા.જ્યારે સસ્પેન્ડ કરાયેલા અધિકારીનુ સસ્પેન્શન પણ વધુ છ મહિના લંબાવીને પગાર પણ ૭૫ ટકા કરી દેવાયો.આમ છેવટે તો આ સમગ્ર પ્રકરણમાં કશું નક્કર ન થયુ કે પોલીસ ફરિયાદ પણ ન થઈને કોઈને સજા નહીં અને કોઈનું પરિણામ રોકાયુ નહીં.આમ છેવટે તો તપાસનું તુત સાબીત થયુ હોવાની ચર્ચાએ યુનિ.માં જોર પકડ્યુ છે.



DyMCએ DCPને પત્ર લખવો પડ્યો

મેમ્કોમાં નવા બનેલા શાકમાર્કેટમાં ફેરિયાના બદલે લુખ્ખાઓનો કબજો

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એક તરફ રસ્તા પરથી શાકભાજીના તમામ ફેરિયાઓને હટાવીને નવા બનેલા શાકમાર્કેટમાં ખસેડવાની સૂચના વારંવાર આપી રહ્યા છે. ત્યારે મેમ્કો બ્રિજ નીચે નવા બનેલા શાકમાર્કેટમાં બે મહિના જેટલા સમયથી ફેરિયાઓ જઈ શકતા નથી. માર્કેટમાં સાંજના સમયે અસામાજિકોનો ત્રાસ રહે છે. ત્યારે આ મામલે પગલાં લેવા ખુદ નાયબ મ્યુનિ. કમિશનરે ડીસીપીને પત્ર લખવો પડ્યો છે.

૯૦થી વધારે થડા ફેરિયાઓને દિવાળી પહેલા જ ફાળવી દેવાયા પરંતુ તેઓ ધંધો કરી શકતા નથી

અમદાવાદ મ્યુનિ.ના ઉત્તર ઝોનના નાયબ કમિશનર વિશાલ ખનામાએ આ મામલે જણાવ્યું છે કે, અગાઉ ડે.એસ્ટેટ ઓફિસર દ્વારા પોલીસને પત્ર લખવામાં આવ્યો હતો. અહીં ૯૦થી વધુ થડા ફેરિયાઓને દિવાળી પહેલા જ ફાળવી દેવામાં આવ્યા છે. પરંતુ રાત્રીના સમયે અસામાજિક તત્વોનો ત્રાસ હોવાથી ફેરિયાઓ ધંધો કરી શકતા નથી. વળી અસામાજિક તત્વો નવી બનેલી માર્કેટમાંથી વાયર, બોર્ડ અને લોખંડની જાળી સહિતની વસ્તુઓ કાઢીને ચોરી કરી ગયા છે. ત્યારે અહીં કાયમી પોલીસ પોઈન્ટ મુકવા અને દરરોજ સાંજના સમયે પીઆઈ દ્વારા રાઉન્ડ લેવામાં આવે તેવી માગણી ડીસીપી સમક્ષ કરાઈ છે. નાયબ કમિશનરે વધુમાં જણાવ્યું છે કે, પોલીસ દ્વારા અહીં કાયમી પોઈન્ટ ફાળવી કર્મચારીઓનો બંદોબસ્ત મુકવાનું આયોજન કરાયું છે. પોલીસના અધિકારીઓએ પણ અહીં મુલાકાત લઈને સ્થિતિની જાણકારી મેળવી હતી.

સાયબર ફોડના કેસમાં બે આરોપીઓના જામીન સેશન્સ કોર્ટે ફગાવ્યા

મ્યુલ એકાઉન્ટ વગર વિદેશમાં બેઠેલા મગરમચ્છો સાયબર ફ્રોડ કરી શકે નહીં

અમદાવાદ,મંગળવાર

ડિજિટલ અરેસ્ટ જેવા ગંભીર સાયબર ફોડના રૂ. ૧.૨૬ કરોડની હેરાફેરી કરવા માટે ટ્રસ્ટનું બેંક એકાઉન્ટ (મ્યુલ એકાઉન્ટ) પૂરું પાડવાના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ અનિલસિંહ બારૂસિંહ અને પ્રિયકાંત ત્રિકમદાસ સોનારોની રેગ્યુલર જામીન અરજી અત્રેની સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. જો કે, સેશન્સ કોર્ટે બંને આરોપીઓના જામીન ફગાવતાં મહત્વનું અવલોકન કરતાં જણાવ્યું હતું કે, મ્યુલ એકાઉન્ટ વગર વિદેશમાં બેઠેલા મગરમચ્છો સાયબર ફ્રોડ કરી શકે તેમ નથી. સાયબર ફ્રોડનો વ્હાઈટ કોલર કાઈમ કરનારા લોકો શુદ્ધબુદ્ધિનો દુરુપયોગ કરીને લોકોને છેતરવા માટે આવા ગુનાઓ માટે પૂરું પ્લાનીંગ કરતા હોય છે. એટલે શરૂઆતથી જ તેમનો બદઈરાદો હોય છે. તેથી સમાજમાં દાખલો બેસાડવા આવા ગુનાઓને હળવાશથી લઈ શકાય નહીં.

સાયબર ફ્રોડનો વ્હાઈટ કોલર કાઈમ કરનારા બુધ્ધિનો દૂરપયોગ કરી લોકોને છેતરવા માટે આવા ગુના માટે પૂરું પ્લાનિંગ કરતા હોય છે

આ કેસમાં આરોપી અનિલસિંહ બારુસિંહ અને પ્રિયાંક ત્રિકમદાસ સોનારાએ કરેલી જામીન અરજીનો સરકારપક્ષ તરફથી ઉગ્ર વિરોધ કરતાં સરકારપક્ષ તરફથી ઉગ્ર વિરોધ કરતાં જણાવાયું હતું કે, જો આરોપીઓએ માત્ર ડોનેશનના હેતુથી ખાતું આપ્યું હોત, તો ખાતામાં રૂ. ૧.૨૬ કરોડ જમા થઈને ઉપડી ગયાની જાણ થતાં જ તેમણે પોલીસને જાણ કરી હોત. પરંતુ ૬-૮ મહિના બાદ પોલીસે મ્યુલ એકાઉન્ટની તપાસ કરી ત્યારે સમગ્ર ભાંડો ફૂટ્યો હતો, જે તેમની ગુનાહિત સંડોવણી દર્શાવે છે. આ કેસમાં હજુ ચાર્જશીટ થઈ નથી અને દિલ્હી ખાતે બેઠેલા મુખ્ય આરોપીઓ ફરાર છે. જો આરોપીઓને જામીન મળે તો તેઓ મુખ્ય સૂત્રધારોને હિન્ટ આપી તપાસને નુકસાન પહોંચાડી શકે છે. તેથી કોર્ટે આરોપીઓને કોઈપણ સંજોગોમાં જામીન આપવા જોઈએ નહી. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી એડિશનલ સેશન્સ જજ વી.એ.ધાંધલે બંને આરોપીઓના જામીન ફગાવી દીધા હતા.

એડિશનલ સેશન્સ જજ વી.એ.ધાંધલે વધુમાં જણાવ્યું હતું કે, મ્યુલ એકાઉન્ટ વગગર વિદેશમાં બેઠેલા મગરમચ્છો આવા સાયબર ફ્રોડના ગુનાઓ કરી શકે તેમ નથી પરંતુ ભારતમાં બેઠેલા મીડિયેટરો તેમને મ્યુલ એકાઉન્ટની સગવડતા કરી આપે છે અને તેના કારણે ભારતના હજારો-લાખો લોકોને છેતરવામાં આવે છે. જો મ્યુલ એકાઉન્ટની સગવડ મુખ્ય આરોપીઓ સુધી પહોંચે નહી તો, નિર્દોષ લોકોને છેતરતા અટકાવી શકાય. તેથી આવા ગુનેગારોના જામીન નામંજૂર કરવામાં આવે તો, સમાજમાં તેનો મેસેજ જશે કે આપણે મ્યુલ એકાઉન્ટ પૂરું પાડીશું તો પણ આપણે જેલમાં રહેવાનો વારો આવશે, જેથી બીજા લોકો મ્યુલ એકાઉન્ટની સગડવતા આપતાં અટકશે અને આવા ગુનાઓનું પ્રમાણ અટકાવી શકાશે. જેથી ગુનાઓની આ ચેઈનને તોડવા માટે અને સમાજમાં દાખલો બેસે તે માટે મ્યુલ એકાઉન્ટની સગવડ કરી આપનારા ગુનેગારોને પણ હળવાશથી લેવા જોઈએ નહી.

ભાજપના રાજકારણીઓની કૃપાથી જ થતાં ગેરકાયદે બાંધકામો

એસ્ટેટ વિભાગના અધિકારીઓને નોટિસ આપી ચૂપ બેસી જવું પડે છે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મગળવાર

ભાજપના જ નેતાઓની મહેરબાનીથી અમદાવાદ પશ્ચિમમાં ગેરકાયદે બાંધકામ વધી રહ્યા છે. એસ્ટેટ વિભાગના અધિકારીઓ નોટિસ આપીને પગલાં લેવા જાય તો ભાજપના જ રાજકારણીઓ તેમને ડરાવી ધમકાવીને ચૂપ કરી દેતા હોવાથી તેમના હાથ હેઠાં પડી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજકારણીઓના આદેશ હેઠળ નોટિસ આપવાથી આગળ કામ ન વધતું હોવાથી એસ્ટેટ વિભાગના ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર મહેશ તબિયારને માથે માછલાં ધોવાઈ રહ્યા છે.

સરકારની માલિકીની જમીન પર ગેરકાયદે બાંધકામ કર્યું હોવા છતાંય કલેક્ટર કચેરીમાંથી પગલાં જ લેવાતા નથી

અમદાવાદના આશ્રમ રોડ પર પેટ્રોલ પમ્પની જગ્યા પર અમ્યુકોની મંજૂરી વિના જ બાંધી દેવામાં આવેલા વિજય જ્યૂસ સેન્ટર તેનું મોટામાં મોટું ઉદાહરણ છે. આ તોડવા ગયેલા એસ્ટેટ વિભાગના અધિકારીઓને રાજકોરણીના આદેશથી પરત ફરી જવું પડ્યું હોવાથી એસ્ટેટ વિભાગની સતત થઈ રહી છે. તેને કારણે એસ્ટેટ વિભાગના ડેપ્યુટી ઓફિસ મહેશ તાબિયારે પણ નારાજ થઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. આઘાતજનક બાબત તો એછે કે મુખ્યમંત્રીને તથા શહેરી વિકાસ વિભાગને કરેલી ફરિયાદ પણ બહેરા કાને અથડાઈ છે.

પશ્ચિમ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગેરકાયદે દુકાનો બની રહી છે. નારણપુરા વોર્ડમાં ૧૩૨ ફૂટના રિંગ રોડ પર મેમનગર બ્રિજની નજીક કૃપા ક્લિનિકની બાજું સરવે નંબર ૫૩૦ અને ૫૩૩ પૈકીની જમીન પર ગેરકાયદેસર દુકાનો બની ગઈ છે. આ બાંધકામ ભરત દેસાઈ નામની વ્યક્તિ દ્વારા કરાવવામાં આવી રહ્યા છે. અમ્યુકોનો એસ્ટેટ વિભાગ આ કેસમાં પણ નોટસ આપવાથી આગળ કામગીરી કરી શકતો જ નથી. લારી ગલ્લા હટાવી લેવામાં ક્ષણભરનો પણ વિલંબ ન કરનારાઓ શ્રીમંતોને અને રાજકીય સંપર્ક ધરાવનારઓને છાવરી રહ્યા છે.

નારણપુરામાં સેવ લાઈફ હોસ્પિટલની સામે સ્વામિનારાયણ સર્કલ પાસે સુન્દરનગરમં પણ ગેરકાયદે બાંધકામ થઈ ગયા છે.એઈસી બ્રિજ પાસે થયેલા ગેરકાયદે બાંધકામ માટે નોટિસ પણ અપાઈ ચૂકી છે. આગળ કામ થતું નથી.અમ્યુકોએ સીટી મામલતદારને આ ગેરકાયદે બાંધકામ થયું હોવાનું જાણ કરી છે. આ જમીન સરકારી જમીન હોવાનું જણાવવામાં આવ્યું હોવા છતાંય તેને તોડી પાડવાની કામગીરી થઈ જ નથી. સરકારની માલિકીની જમીન પર આ ગેરકાયદે બાંધકામ ચાલી રહ્યું હોવાથી કલેક્ટર કચેરી તરફથી પગલાં લેવાવા જરુરી છે. પરંતુ કલેક્ટર કચેરીના અધિકારીઓ પણ આ મુદ્દે મૌન સેવીને બેસી ગયા છે.

ચાંદખેડા વિસ્તારમાં રણવીરસિંહ મહેન્દ્રસિંહ શેખાવત ઝુંડાલ રોડ પર વિસત સર્કર પાસે સનરાઈઝ નગર સોસાયટી પાસે સરકારના સંબંધિત વિભાગની આગોતરી મંજૂરી મેળવ્યા વિના જ ગેરકાયદે બાંદકામ ચાલુ કરી દેવામાં આવ્યું હોવાની નોટિસ આપવામાં આવી છે.

અમદાવાદ-જોધપુરના ડ્રગ્સ મેકર્સનો NCB દ્વારા પર્દાફાશ

ડ્રગ્સ બનાવવા રાજસ્થાનની ટોળકી અને કેમિકલ ચોરી કરતી ગેંગ વચ્ચે સાંઠગાંઠ

અમદાવાદ, મંગળવાર

સરખેજની લબ્ધેક સોસાયટીના એક બંગલામાં વર્ષ ૨૦૨૪થી ચાલતી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીના પર્દાફાશ પછી ગુજરાત એનસીબીએ અમદાવાદના મુદસર પછી રાજસ્થાનથી તેના બે સાગરિતોને પકડ્યા હતા. આ પછી એનસીબીએ એવો દાવો કર્યો છે કે, ડ્રગ્સ બનાવવા માટે રાજસ્થાનની ટોળકી ડ્રગ્સની ચોરી કરાવતી હતી. ડ્રગ્સ બનાવનારાં અને કેમિકલ ચોરી કરનારાં વચ્ચે સાંઠગાંઠનો દાવો એનસીબીએ કર્યો છે પણ તપાસના પૂરા અને સમજાય તથ્યો હજુ સુધી બહાર આવ્યાં નથી. અમદાવાદના આરોપી મુદસરખાન અહમદખાન પઠાણ અને રાજસ્થાનના બે સાગરિતોની પૂછપરછમાં એક પ્રતિબંધીત કેમિકલ ગુજરાતથી મગાવાતું હોવાનો દાવો કરાયો છે.

અમદાવાદના કાફે સંચાલક મુદસ્સર અને રાજસ્થાનના બે સાગરિતોની પૂછપરછમાં એક પ્રતિબંધિત કેમિકલ ગુજરાતથી મગાવાતું હોવાનું ખુલ્યું

રાજસ્થાન અને અમદાવાદમાં ડ્રગ્સ ફેક્ટરી અને ડ્રગ્સ બનાવવાનો કાચો સામાન પકડાયાને બે મહિના જેટલો સમય વિત્યો હોવા છતાં એનસીબી જે મસમોટા દાવા કરે છે તેવા તવાસના તથ્યો પ્રકાશમાં આવ્યા નથી. હવે, એનસીબીએ એવો દાવો કર્યો છે કે, ડ્રગ્સ બનાવવા માટે રાજસ્થાનની ટોળકી અને કેમિકલ ચોરી કરતી ટોળકી વચ્ચે સાંઠગાંઠ છે.

રાજસ્થાનના ડ્રગ્સ માફિયા અક્રમે ગુજરાતમાંથી પ્રતિબંધિત કેમિકલનો મોટો જથ્થો મંગાવ્યો હતો અને એનસીબીએ ઝડપેલો આર્મી સુબેદાર અમરનાથ જેલમાં બેઠો બેઠો પેડલરોને સેન્ટ્રલ એજન્સીઓથીબચીને ડ્રગ્સ બનાવવા સૂચના આપતો હતો તેવો દાવો કરાયો છે. એનડીપીએસ એક્ટમાં કવર થતા હોય તેવા કેમિકલ ભરેલી ટ્રકમાંથી કેમિકલની ચોરી કરવા માટે ડ્રગ્સ માફિયાઓએ પોતાની ટોળકી બનાવેલી છે. આવી કેમિકલ ચોરીના કિસ્સાઓમાં પોલીસ ફરિયાદ કરવામાં આવે છે. પરંતુ ૯૦ ટકા કેસમાં પોલીસ દ્વારા આવા કેસ ડિટેક્ટ થતા નથી જેનો પાછળથી ઉપયોગ ડ્રગ્સ બનાવવા માટે થતો હોય છે.

પેરિંગ ટ્રેનને કારણે અમદાવાદ-બરૌની ટ્રેન ૯ કલાક મોડી કરાઈ

અમદાવાદ, મંગળવાર

અમદાવાદથી ઉપડતી ટ્રેનો પર પેરિંગ ટ્રેનની મોડી અવરજવરની અસર સતત બીજા દિવસે જોવા મળી હતી. ૨૪ નવેમ્બરે ટ્રેન નં.૦૫૨૨૬ અમદાવાદ-બરૌની સ્પેશિયલને નિર્ધારિત સમય કરતાં ૯ કલાક ૫ મિનિટ મોડી કરવામાં આવતા હજારો મુસાફરો અટવાયાં હતાં. આ ટ્રેન અમદાવાદથી બપોરે ૧ કલાકે ઉપડવાની હતી, પરંતુ પેરિંગ ટ્રેન મોડો દોડતી હોવાથી આ ટ્રેનને રાત્રિના ૧૦.૦૫ કલાકે કરવાના કરવા રેલવેએ સુચના જારી કરી હતી. સતત બીજા દિવસે ટ્રેનના પ્રસ્થાનના સમયમાં ફેરફાર થતાં મુસાફરોના પ્રવાસનું આયોજન પણ ખોરવાયું હતું. ખાસ કરીને નિર્ધારિત સમયે સ્ટેશન પહોંચી ગયેલા મુસાફરોને કલાકો સુધી રાહ જોવાની નોબત આવી હતી. અગાઉ ૨૩ નવેમ્બરના રોજ પણ ટ્રેન નં.૨૨૯૨૦ અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ હમસફર એક્સપ્રેસ ૧ કલાક ૪૦ મિનિટ મોડી કરવામાં અવી હતી. આમ, સતત બે દિવસ પેરિંગ ટ્રેનની વિલંબની અસર અમદાવાદથી મુસાફરી શરૂ કરતાં મુસાફરોને ભોગવવી પડી હતી.



સગીરાને ટુ વ્હીલર આપતા જીવલેણ અકસ્માત : પિતા સામે FIR

અમદાવાદ, મંગળવાર

સરખેજમાં રહેતા પિતાએ તેમની ૧૭ વર્ષની પુત્રીને ટુ વ્હીલર ચલાવવા આપતાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો. ટ્રાફિક એ ડીવિઝન પોલીસે ફરિયાદ નોંધાવી છે કે, ગત તા. ૩ ઓક્ટોબરના બપોરે અંબર ટાવર પાસે ચાલીને જતા ભીમકુમાર મહતો નામના યુવકનું ટુ વ્હીલરની ટક્કરથી પટકાતાં ટ્રક નીચે કચડાઈ જવાથી મૃત્યુ નિપજ્યું હતું. પોલીસ તપાસમાં એવી વિગતો ખુલી હતી કે, ચાલીને જતા ભીમકુમારને ટક્કર મારનાર ટુ વ્હીલરચાલક યુવતીની ઉંમર ૧૭ વર્ષ અને એક મહિનાની હતી. આથી પોલીસે કિશોરીને ટુ વ્હીલર ચલાવવા આપનાર તેના પિતા, સ્કુટીના માલિક પિતા અબ્દુલ હનીફ અબ્દુલ ગની શેખ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



ભોંયરામાં સ્ટોર રૂમમાંથી ૭૧ વસ્તુઓ ચોરાઈ

સિવિલ ડિફેન્સના સ્ટોર રૂમમાંથી મહિનાઓ સુધી સામાન ચોરાયો!

અમદાવાદ, મંગળવાર

ગુજરાત પોલીસ અને ગૃહવિભાગ સાથે સંકલન સાધી આપત્તિના સમયમાં કામ કરતી સિવિલ ડિફેન્સ કચેરીનો સ્ટોર રૂમ પાલડીના કલગી ચાર રસ્તા પાસે આવેલો છે. આ સ્ટોર રૂમમાંથી મહિનાઓ દરમિયાન કુલ ૭૧ વસ્તુઓ ચોરાઈ છે. નશાખોરોના કારસ્તાન અંગે પોલીસ તપાસ કરે છે.

આપત્તિ સમયે કામ કરતી, કલગી ચાર રસ્તા પાસે આવેલી સંસ્થાનો સામાન નશાખોરોએ ચોર્યો?

પાલડીના કલગી ચાર રસ્તા પાસે આવેલી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ કચેરીના ભોયરાના ત્રણ રૂમ સિવિલ ડિફેન્સના સ્ટોર રૂમ તરીકે ઉપયોગ કરવા ફાળવવામાં આવેલા હતા. હાલ સિવિલ ડિફેન્સ પી.આઈ. તરીકે કાર્યરત એમ.બી. ખિલેરીએ ફરિયાદ નોંધાવી છે કે, સ્ટોરનો ચાર્જ સોંપવામાં આવતાં વિઝીટ કરતાં તેમાંથી ચોરી થયાનું જણાયું છે. સિવિલ ડિફેન્સને લગતી મેડિકલ કીટ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, જનરેટર, લાઈફ જેકેટ, સ્ટેબિલાઈઝર, સાયરન, ૨૭૦ નંગ સિવિલ ડિફેન્સ બેગ સહિત અલગ અલગ કુલ ૭૧ આઈટમોની ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. દરવાજાના નકૂચા તોડી અને બારીઓની ગ્રીલ કાઢી કુલ સવા લાખની કિંમતનો સામાન વિતેલા મહિનાઓ દરમિયાન ચોરાયા અંગે એલીસબ્રિજ પોલીસે તપાસ આરંભી છે.

જેતપુર નજીક બે સિંહણનાં કમોતથી ફરી બેધારી નીતિ ખુલ્લી પડી

સિંહો અકાળે મરે તો રામ-રામ, તેનો વસ્તાર વધ્યો તે સરકારનું મહાન કામ!

જૂનાગઢ, મંગળવાર

દેશનાં ગૌરવરૂપ સિંહો અલગ-અલગ જિલ્લાઓમાં વિસ્તરી રહ્યા છે તેનું સરકાર મોટા ઉપાડે ગૌરવ તો લે છે, પરંતુ ગુજરાતના ઘરેણા સમાન આ સાવજો જ્યાં વસવાટ કરે છે ત્યાં તેમને સલામતી આપવાની પ્રાથમિક ફરજમાં સરકારનું તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યું છે. ગઈકાલે જેતપુર તાલુકાના વાવડી નજીક રેલવે ટ્રેક પર ટ્રેન હડફેટે બે સિંહણ કપાઈ જવાની કરૂણ ઘટનાએ વન અને રેલવે વિભાગની ઘોર બેદરકારીની પોલ ખોલી નાખી છે. ગિરનારનું સુરક્ષિત અભયારણ્ય ટૂંકું પડતાં માઈગ્રેટ થઈને રેવન્યુ વિસ્તારમાં આવેલા સાવજો માટે આ વિસ્તાર હવે 'ડેથ-ટ્રેપ' બની ગયો છે ત્યારે સરકારની બેધારી નીતિ સામે વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

ગિરનાર પર માનવી શિકાર બન્યો ત્યારે ૨૫ ટ્રેકરોની ભરતી, પરંતુ જેતપુર-અમરેલી ટ્રેક પર રેલવે મિત્રની નિમણૂક કરવામાં આળસ

થોડા સમય પહેલાં જ્યારે ગિરનાર પર સિંહ દ્વારા માનવ પર જીવલેણ હુમલો થયો હતો, ત્યારે તંત્રએ સફાળા જાગીને તાત્કાલિક ધોરણે ૨૫ જેટલા ટ્રેકરોની ખાસ ભરતી કરી દીધી હતી. તો પછી, જ્યારે જેતપુર-અમરેલી રેલવે ટ્રેક પર સિંહોના જીવ જોખમમાં છે, ત્યારે ત્યાં તાત્કાલિક ધોરણે 'રેલવે મિત્ર'ની નિમણૂક કેમ કરવામાં આવતી નથી ? જ્યાં સુધી ઉચ્ચ કક્ષાની કમિટીઓ દ્વારા કોઈ મોટો નિર્ણય ન લેવાય, ત્યાં સુધી અત્યંત સામાન્ય ખર્ચમાં સ્થાનિક લોકોને રોજગારી આપીને 'રેલવે મિત્ર' તરીકે તહેનાત કરવામાં આવે તો ટ્રેક પર આવતા સિંહોને તાત્કાલિક સલામતી મળી શકે તેમ છે. માત્ર સિંહોની વસ્તી વધી અને નવા જિલ્લાઓમાં સિંહો પહોંચ્યા તેના જશ ખાટવા પૂરતી જ સરકારની જવાબદારી છે? ખુલ્લા કૂવા, વીજ કરંટ અને હવે પૂરપાટ દોડતી ટ્રેનો સાવજોનો ભોગ લઈ રહી છે. કમિટીઓના રિપોર્ટ અને અધિકારીઓની બેઠકોના નિર્ણયો આવતા મહિનાઓ નીકળી જશે, ત્યાં સુધી શું તંત્ર વધુ સિંહોના કમોતે મોતની રાહ જોશે?.

અઠવાડિયામાં પાંચ સિંહોનાં કમોત, વન્યપ્રાણીના હુમલાથી બે લોકોનાં મોત

છેલ્લા એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં પાંચ જેટલા સિંહોના કમોત થયા છે, જેમાં ટ્રેન અકસ્માતમાં ત્રણ સિંહો, ખુલ્લા કૂવામાં પડી જવાથી એક સિંહ અને વીજ કરંટ લાગવાથી એક સિંહના મૃત્યુનો સમાવેશ થાય છે. બીજી તરફ, વન્યપ્રાણીઓના રહેણાંક વિસ્તારોમાં ખલેલ અને સંચાલનના અભાવે માનવ પર હુમલા વધ્યા છે. તાજેતરમાં મેંદરડા પંથકમાં દીપડાએ એક માસૂમ બાળકનો શિકાર કર્યો હતો, જ્યારે વિસાવદરના રબારીકા ગામે એક ખેડૂત પર સિંહણે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા.

વેપારી ફરવા ગયા ને સલામત ગણાતા મેમનગરના ઘરમાં ચોરી

અમદાવાદ, મંગળવાર

દિવાળી દરમિયાન અમદાવાદ શહેર પોલીસ સતર્ક હોવાની વાતો વચ્ચે સલામત ગણાતા મેમનગર વિસ્તારના બંગલામાં ૧૦ લાખની ચોરી થઈ છે. વેપારી અને પરિવાર ફરીને આવ્યા ત્યારે ચોરી થયાની જાણ થઈ હતી.

મેમનગરના સુભાષ ચોક પાસે હેમા પાર્ક સોસાયટીમાં રહેતા વેપારી અતિતભાઈ રજનીકાંતભાઈ શાહ, પત્ની, પુત્ર અને પુત્રી સહિત પરિવાર દિવાળી વેકેશનમાં તા. ૬થી ૧૫ દરમિયાન ફરવા માટે આસામ, મેઘાલય ફરવા માટે ગયા હતા. તા. ૧૫ના રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે મુખ્ય દરવાજો બરાબર હતો. પરિવાર ઘરમાં ગયો અને મંદિરવાળા રૂમમાં પગે લાગવા જતાં બધું વેરવિખેર જણાયું હતું. ઘરના જુદા જુદા રૂમોમાં તપાસ કરતાં દરેક રૂમના લોક અને લોકર તૂટેલા હતા અને ચોરી થઈ હતી. ઘરમાં રસોડા અને પાછળના રૂમના દરવાજા, લોખંડની જાળીઓ તોડીને ઘરમાં ઘુસેલા શખ્સો ચોરી કરી ગયાની જાણ થઈ હતી. રોકડા રૂ. બે લાખ ઉપરાંત દાગીના મળી કુલ ૧૦.૧૨ લાખની ચોરી થયાની ફરિયાદ નોંધી ઘાટલોડિયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગ્રામ પંચાયતોની (છેલ્લા પાનાનું ચાલુ)

ગામોમાં સરપંચની બેઠક ફાળવણીમાં ઉપરોકત નિયમો અને તેની જોગવાઈઓનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો છે. ગામોની વસ્તી અને જાતિ પ્રમાણે બેઠકની ફાળવણી જ કરાઈ નથી અને તેના કારણે નિયમોની અમલવારીની સાતત્યતા કે એકસૂત્રતા જળવાતી નથી.

અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું કે, ચીખલી તાલુકાના ૭૦ ગામો પૈકી ૬૫ ગામો ટ્રાઇબલ જાતિની વસ્તી વધુ ધરાવે છે અને માત્ર પાંચ ગામો નોન ટ્રાઇબલ છે તેમ છતાં નોન ટ્રાઇબલ ગામોમાં ટ્રાઇબલ બેઠકોની ફાળવણી કરાઇ છે. આ જ પ્રકારે મોટાભાગની સરપંચની બેઠકોમાં અનુસૂચિત જનજાતિની બેઠકો વધારે ફાળવણી કરાઇ છે, જેને લઇને એસઇબીસી(સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) અને બિન અનામત ઉમેદવારો અને વસ્તીને ભારોભાર અન્યાય કરાયો છે. સરપંચોની બેઠક ફાળવણીમાં રોટેશન, વસ્તી ગણતરી પ્રમાણે બેઠકો ફાળવણી, સંબંધિત ગામોના સમૂહને જુદુ યુનિટ ગણી બેઠક ફાળવણી કરવી પડે તે સહિતની અનેક ગંભીર ક્ષતિઓ અને ચૂક દાખવાઇ છે.

વાત વાતમાં

મોબાઈલને ક્રેડિટ તો આપો ?

આજકાલ મોબાઈલમાં મેસેજો આવે છે કે મોબાઈલ કેટલો હાનિકારક છે ! એનાથી એકાગ્રતા ઘટે છે, સંબંધો તૂટે છે, એકલતા વધે છે, સ્વભાવ ચીડીયો થઈ જાય છે... વગેરે.

પણ મારા સાહેબો, અમુક બાબતો માટે મોબાઈલને થોડી ક્રેડિટ આપવાનું પણ રાખો...

* * *

મહાન ચિંતકો વરસોથી કહેતા આવ્યા છે કે 'સુવિચારોની સુવાસ ચારે તરફ ફેલાવો...'

હવે જ્યારે રોજ સવારે મોબાઈલ



વડે કરોડોની સંખ્યામાં સુવિચારો ફેલાઈ રહ્યા છે, તો પ્લીઝ, મોબાઈલને 'ક્રેડિટ' તો આપો ?

* * *

કવિઓએ કહ્યું છે કે 'એકબીજાને ગમતા રહીએ...' 'ગમતાનો કરીએ ગુલાલ...' વગેરે.

તો હવે જ્યારે સોશિયલ મિડીયામાં માત્ર એક જ કલાકમાં લોકો કરોડોની સંખ્યામાં એકબીજાની પોસ્ટને 'લાઈક' કરે છે ('ગમે છે' એવું કહે છે) તો પ્લીઝ, મોબાઈલને 'ક્રેડિટ' તો આપો ?

* * *

સાધુ-સંતો તો હજીયે આપણને કહે છે કે 'કોકને સાચો રસ્તો દેખાડવો એ આંગળી ચીંધ્યાનું પૂણ્ય છે...'

તો બોસ, આ 'ગૂગલ મેપ' દેશના કરોડો લોકોને જે રસ્તો બતાડે છે, એને પણ થોડી 'ક્રેડિટ' તો આપો ?

* * *

એમ તો, આ મોબાઈલ નહોતો આવ્યો ત્યારે પણ ચિંતનકારો ચિંતા કરતા હતા કે 'આજનો માનવી દહાડે દહાડે એકલો પડતો જાય છે...' બરાબર ?

પણ વડીલ, આજે લાખો લોકો મોબાઈલ વડે ઘરે બેઠાં-બેઠાં છેક ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને ગલ્ફ કન્ટ્રીઝમાં પોતાનાં સગાંવ્હાલાં જોડે દોઢ-દોઢ કલાક લગી વોટ્સએપ કોલ કરે છે... તો ભૈશાબ, કમ સે કમ એકવાર તો ઝુકરબર્ગને ક્રેડિટ આપો ?

* * *

સાધુ સંતોએ સાચું જ કહ્યું છે કે 'પ્રવૃત્તિ વિનાનું મગજ એ શયતાનનું ઘર છે...'

તો જુઓ, આજે પ્રવૃત્તિ વિનાના નવરા પડેલા કરોડો યંગસ્ટરો મોબાઈલમાં મોં ખોસીને કલાકો સુધી એમના દિમાગને 'બિઝી' રાખે જ છેને ? તો એની 'ક્રેડિટ' નહીં આપવાની ?

* * *

શું કહ્યું ? ઉપરની વાતમાં ગડબડ છે ? તો લો, આ સાંભળો : ફિલોસોફરો કહી ગયા છે કે 'માનવી જો પોતાના મનના સંગીત સાથે તાર જોડી લે, તો દુનિયાનો ઘોંઘાટ એની મેળે ઓગળી જાય...'

લો બોલો, આજના જુવાનિયાઓ કાનમાં ઈયર-પ્લગ ખોસીને મનના મ્યુઝિક જોડે જ તાર જોડે છે ને ? તો પછી...

પણ ના, બિચારા મોબાઈલને કદી 'ક્રેડિટ' નહીં મળે !

- મન્નુ શેખચલ્લી



લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર



Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-રિસ્ટ્રીક્ટ સાણંદ તથા તાલુકે સાણંદના મોજે ગામ સનાથલની સીમના ખાતા નંબર-૭૨૪ ના બ્લોક/ સર્વે નંબર-૧૧૪૦ ક્ષેત્રફળ ૭૨૮૪ સમચોરસમીટર કે જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર- ૪૦૪/અ (સનાથલ)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૯૫ ક્ષેત્રફળ ૪૩૭૦ સમચોરસમીટરવાળી ખેતીની જમીન (૧) નારણભાઇ જેઠીસંગ (૨) ભુપતભાઇ સોમાભાઇ (૩) ધર્મેન્દ્રસિંહ નારણભાઇ (૪) ધનરાજસિંહ નારણભાઇ (૫) ચંન્દ્રીકાબેન નારણભાઇ (૬) શારદાબેન જેતુભાઇ ચૌહાણ (૭) ગોપાલસિંહ જેતુભાઇ ચૌહાણ તથા (૮) સુરવીરસિંહ જેતુભાઇ ચૌહાણ તમામ રહેવાસી : અમદાવાદનાએ સદરહુ જમીન તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઇટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ અથવા હક્ક-દાવો પોષાતા આવેલ હોય તો તેના લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઇવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.
તારીખ- ૨૪/૧૧/૨૦૨૬.
હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સુષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૦૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે અમારા અસીલ જયેશભાઇ અમરશીભાઇ પરમાર રહે- એફ/ ૧૧૧, સ્પ્રિંગ પાર્ક, શરણમ- ૧૧ પાસે, નર્મદા વસાહત રોડ, સેટેલાઈટ, અમદાવાદ, મોજે- વેજલપુરની સિમના સર્વે નં.- ૧૧૮૫, ટી.પી.- ૬, એફ.પી.- ૧૧૧ની ૪૫૮૪ચો.મી.ની બિનખેતીની જમીન પૈકી ૪૪૮ ચો.મી. ની બિનખેતીની જમીન પૈકી (ખાનગી સબ પ્લોટ નંબર એ) ની ૨૨૪ ચો.મી. ની બિનખેતી જમીન જેમાં આશરે ૧૪૨.૫૦ ચો.મી.ના ઓરડીના બાંધકામ વાળી મિલકત અમારા અસીલ સાથે વિશ્વાસઘાત કરી, વેચાણ દસ્તાવેજમાં જણાવેલ અવેજની રકમ નહીં ચૂકવીને કેટલાક લે ભાગું તત્વોએ ખોટી રીતે વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે. સદર મિલકત ઉપર હાલમાં અમારા અસિલનો કબ્જો છે તેમજ સદર મિલકત ઉપર હાલમાં અમારા અસીલ કુટુંબ સાથે વસવાટ કરીએ છે તેમજ સદર વેચાણ દસ્તાવેજ રદ કરવા બાબતે અમારા અસીલે અમદાવાદ (રૂરલ) ના મહે. પ્રિન્સિપાલ સીનીયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં દાવો કરેલ છે જે સ્પે.દી.મુ. નં.- ૪૨૯/ ૨૦૨૬થી દાખલ થયેલ છે તથા તેની સાથેની મનાઈ અરજીની સુનાવણી હાલ તારીખે પેન્ડિંગ છે. વધુમાં સદરહું મિલકતમાં આવા લે ભાગું તત્વોએ મિલકતમાં ગેરકાયદેસર બળજબરીથી કબ્જો લેવાનો પ્રયત્ન કરતાં અમારા અસિલે આનંદનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી ફરિયાદ કરેલ છે જેથી સદરહું મિલકત બાબતે કોઈપણ કરાર/ દસ્તાવેજ અમારી જાણ અને સહમતી વગર કરવો નહીં, અને જો કોઈ વ્યવહાર સદરહુ મિલકત બાબતે કરવામાં આવશે તો તે રદબાતલ ગણાશે તે આ નોટિસથી જણાવીએ છીએ.
તા.24/11/2026
જયેશભાઇ અમરશીભાઇ પરમાર
મારી મારફતે
એડવોકેટ દેવદિપ જી. બ્રહ્મભટ્ટ
એ/ ૨૦૩, સત્યમેવ- ૨, કાર્ગીલ પેટ્રોલ પંપ પાસે, એસ. જી. હાઈવે, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦.
મો.- ૯૪૨૬૧૭૪૯૩૯

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદનાં મોજે ગામ સનાથલની સીમના બ્લોક/સર્વે નંબર ૨૦૫ (જુના બ્લોક/સર્વે નંબર ૧૮૧/૨) ની કુલ સમચોરસમીટર ૩૧૩૬ ની જમીન., કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૧ (સરખેજ-ઓકાફ-ફતેહવાડી-સનાથલ)માં થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર ૨૨૧ ની સમચોરસમીટર ૧૮૮૩ ની વાણિજ્ય હેતુની બીનખેતીની જમીન., સ્મિત દિનેશભાઇ ચૌધરી તથા મિહિર દિનેશભાઇ ચૌધરી એમ બંન્નેએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર સ્મિત દિનેશભાઇ ચૌધરી તથા મિહિર દિનેશભાઇ ચૌધરી એમ બંન્નેએ કોઇપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઇપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઇન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઇપણ કોર્ટ કચેરીમાં કોઇપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.
અમદાવાદ તારીખ:- ૨૪/૧૧/૨૦૨૬
નેહલ એન. શાહ એસોસીએટ્સ
સોરિન રાજેશભાઈ શાહ
એડવોકેટ
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદના ગામ મોજે ચેખલાની સીમનાં બ્લોક નંબર-૭૪૭/પૈકી ૪ ની હે-આરે-ચોમી ૧-૦૭-૦૦ યાને કે ૧૦૭૦૦ ચોરસમીટરની આકાર રૂા.૪-૩૮ પૈસાવાળી ખાતા નંબર-૩૪૨૦ ધરાવતી જુની શરતની ખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ ૩૪૫૦ ચોરસમીટરની જમીન (૧) મધુબેન તે ફતેસીંગ સુરસંગ વાઘેલાની દિકરી તે વનુભા અમરસંગ રાઠોડની પત્ની, (૨) સંજયસિંહ વનુભા રાઠોડ તથા (૩) અજયસિંહ વનુભા રાઠોડ સર્વે રહેવાસી-શક્તિનગર શેરી, મેલડી મંદિરની બાજુમાં, ચેખલા, તાલુકો સાણંદ, જીલ્લો અમદાવાદનાંએ તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.
તારીખ : ૨૩-૧૧-૨૦૨૬
વિનોદ સી. દરજી
એડવોકેટ
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૩૮૬

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ નંબર-૧૯, ફાઈનલ પ્લોટ નંબર-૨૦૪+૨૩૭ સબ પ્લોટ નંબર-૭ ની જમીન ઉપર આવેલ ''આશીર્વાદ (નવરંગપુરા) નોન-ટ્રેડીંગ કોર્પોરેશન'' ના પહેલા માળે આવેલ ફ્લેટ નંબર-૧૦૧ ની સ.ચો.વાર ૨૧૪ ના બાંધકામવાલી મીલકત (૧) ગીરીશભાઈ નારણદાસ પટેલ (૨) શિલ્પાબેન ગીરીશભાઈ પટેલની સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. તો સદરહુ મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.
તા. ૨૪-૧૧-૨૦૨૬
રૂપેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
જીજ્ઞેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
ફોર ભગત એસોસીએટસ
સરનામું: ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ નંબર-૧૯ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૦ સીટી સરવે નંબર-૩૭૦૭/ આઈની બિનખેતીની જમીન ઉપર આવેલ રંગદીપ કો.ઓ.હા.સો.લી.ના ફ્લેટ નંબર-બી/૮ ની સ.ચો.મી. ૯૪.૧૧ ના બાંધકામવાલી મીલકત (૧) નિશા જીજ્ઞેશ શાહ (૨) જીજ્ઞેશ સુરેન્દ્રભાઈ શાહની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મીલકત સૌપ્રથમ રંગદીપ કો.ઓ.હા.સો.લી.એ જીતેન્દ્રકુમાર શિવશંકર યાજ્ઞિકને એલોટ કરેલ તથા તેઓને શેર સર્ટીફીકેટ નંબર-૨૦ક્રમાંક નંબર-૮૫૬ થી ૯૦૦ તા. ૧૫-૩-૧૯૭૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ અને તે અંગેની નોંધ સીટી સરવે રેકર્ડમાં તા. ૧૩-૩-૨૦૨૫ ના રોજ નોંધ નંબર-૧૧૧૫૮ થી પાડવામાં આવેલ જે તા. ૧૩-૫-૨૦૨૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ. ત્યારબાદ જીતેન્દ્રકુમાર શિવશંકર યાજ્ઞિકનું તા. ૨૩-૧-૧૯૭૬ ના રોજ અવસાન થયેલ અને સદરહુ મીલકત તેઓના પત્ની મંજુલાબેન જીતેન્દ્રકુમાર યાજ્ઞિકના નામે સોસાયટીએ ટ્રાન્સફર કરેલ અને તે અંગેનો ઠરાવ નંબર-૬ સોસાયટીએ તા. ૩૧-૮-૧૯૮૫ ના રોજ પાસ કરેલ. ત્યારબાદ મંજુલાબેન જીતેન્દ્રકુમાર યાજ્ઞિકનું તા. ૧૬-૧-૧૯૮૬ ના રોજ અવસાન થયેલ અને સદરહુ મીલકત તેઓના સીધી લીટીના વારસદારો (૧) રૂપાબેન તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રી (૨) દીપાબેન તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રી (૩) અનુપમા તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રીના નામે તબદીલ થયેલ તથા તેઓના પુત્ર શૈલેન્દ્ર જીતેન્દ્રભાઈ યાજ્ઞિક કે જેઓ અપરણીત હતા તેઓનું તા. ૨૩-૧૧-૧૯૭૬ ના રોજ અવસાન થયેલ. ત્યારબાદ (૧) રૂપાબેન તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રી (૨) દીપાબેન તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રી (૩) અનુપમા તે જીતેન્દ્રભાઈ યાજ્ઞિકના પુત્રીએ સદરહુ મીલકત નિરંજનાબેન રજનીકાંત વસાવડાને વેચાણ આપેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ તા. ૧૪-૧૨-૨૦૦૪ ના રોજ રજી. નં. ૭૨૫૮ થી નોંધવામાં આવેલ અને તે અંગેનો ઠરાવ નંબર-૪ સોસાયટીએ તા. ૬-૧૨-૨૦૦૪ ના રોજ પાસ કરેલ. ત્યારબાદ નિરંજનાબેન રજનીકાંત વસાવડાનું તા. ૪-૮-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ અને તેઓના તા. ૧૩-૯-૨૦૦૫ ના વીલના આધારે સદરહુ મીલકત તેઓના પુત્ર કમલેશ રજનીકાંત વસાવડાના નામે તબદીલ થયેલ. ત્યારબાદ કમલેશ રજનીકાંત વસાવડાએ સદરહુ મીલકત (૧) નિશા જીજ્ઞેશ શાહ (૨) જીજ્ઞેશ સુરેન્દ્રભાઈ શાહને વેચાણ આપેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ તા. ૧૩-૬-૨૦૨૪ના રોજ રજી. નં. ૭૧૫૧ થી નોંધવામાં આવેલ. તો સદરહુ મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો નો ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવામાં આવશે.
તા. ૨૪-૧૧-૨૦૨૬
રૂપેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
જીજ્ઞેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
માનવ જે.ભગત (એડવોકેટ)
ફોર ભગત એસોસીએટસ
સરનામું: ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯ (બોપલ) તાલુકા ઘાટલોડીયાના મોજે શીલજની સીમના બ્લોક નંબર ૧૪૩૮/ બ ની ૨૨૨૬ ચોરસમીટર જમીન બિનખેતી થતા તેનો સમાવેશ જમીન નિરીક્ષક ઘાટલોડીયા, વોર્ડ શીલજ(બિનખેતી) માં થતા સીટી સરવે નંબર NA ૧૪૩૮/બ (૨૨૨૬ ચોરસમીટર) આપેલ છે. તેવી જમીન શીલ્પાબેન જીતેન્દ્રભાઈ શેઠ (૭૫ ટકાના હિસ્સેદાર) અને પ્રીયંકા ચિરાગ હિરાની

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી ભવનને તાળાં

૯૬ કરોડના આઈકોનિક બિલ્ડિંગની જાહેરાત પણ ૩ વર્ષથી કલાકારો બેઘર

અમદાવાદ,મંગળવાર

અમદાવાદના લોગાર્ડન વિસ્તારમાં આવેલું ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનું રવિશંકર રાવળ કલાભવન આજે સરકારી તંત્રની ઉદાસીનતા અને આયોજનના અભાવનું જીવંત ઉદાહરણ છે. એક સમયે કલાકારોનાં સર્જન, પ્રદર્શનો અને કલાપ્રવૃત્તિથી ધમધમતું આ ભવન છેલ્લા ત્રણ કરતાં વધુ વર્ષથી બંધ છે. છેલ્લા એક કરતાં વધારે વર્ષથી બિલ્ડીંગની આગળ આ બિલ્ડીંગ ભયગ્રસ્ત છે તેની તકતી મારી દેવાઈ છે અને કલાકારો અને મુલાકાતીઓ માટે પ્રવેશ બંધ કરાયો છે.જો કે આશ્ચર્યની વાત છે કે જોખમી જાહેર કરાયેલી ઈમારતના ડિમોલિશન કરવાની કામગીરી પણ હજુ કરાઈ નથી. એક તરફ રાજ્ય સરકાર દ્વારા અંદાજિત ૯૬ કરોડના ખર્ચે ૧૪ માળનું આઈકોનિક બિલ્ડીંગ બનશે તેવી જાહેરાત કરી દેવાઈ છે તો બીજી તરફ કલાકારો માટે ત્રણ વર્ષથી બંધ આ બિલ્ડીંગના નવા ભવનનો ફાઈનલ પ્લાન પણ તૈયાર થયો નથી. પરિણામે ગુજરાતના હજારો કલાકારોએ પ્રદર્શન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે અને કલા માટેના પ્લેટફોર્મની જાણકારી અને સુવિધાઓ માટે ગાંધીનગર સુધી લાંબા થવું પડે છે.


અકાદમીનું બિલ્ડિંગ ભયગ્રસ્ત છે તેમ જાહેર કરાયું છે તો પછી કોવિડ પહેલાં ગેલેરીઓના રિનોવેશનનો ખર્ચ કેમ કરાયો?

આ અંગે વાત કરતાં લલિતકલા અકાદમીના સચિવ મહેશ દેસાઈએ જણાવ્યું કે, કલાગુરુ રવિશંકર રાવળની પ્રેરણાથી ૧૯૬૧થી ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી કાર્યરત છે. તે અંતર્ગત ચિત્રકલા, શિલ્પકલા, ગ્રાફિક આર્ટ અને ફોટોગ્રાફી સહિતની કલાને પ્રોત્સાહન અપાય છે. અકાદમીનું બિલ્ડીંગ જર્જરિત થતાં નવું બનાવવાનું આયોજન છે જે અંતર્ગત ૯૬ કરોડના ખર્ચે આઈકોનિક બિલ્ડીંગ બનશે. જો કે બિલ્ડીંગનો કાચો પ્લાન તૈયાર છે પણ કોર ડિઝાઈન અને બહારની તરફનો દેખાવ અને તેની ડિઝાઈનનું કામ બાકી છે. હાલના બિલ્ડીંગને તોડીને અહીં નવું બિલ્ડીંગ આકાર પામશે. જો ક્યારે બનીને તૈયાર થશે તે હાલ નક્કી નથી.

૯૬ કરોડનું આઈકોનિક બિલ્ડિંગ કેવું હશે તેના દાવા

૧૪ માળના આઈકોનિક ભવનમાં ૧૦થી ૧૪ આર્ટ ગેલેરી હશે. આ ઉપરાંત આર્ટિસ્ટ ઓડિટોરીયમ, કેફે એરિયા અને બેઝમેન્ટ પાર્કિંગ જેવી સુવિધાઓ પણ ઉભી કરાશે. જો કે મુદ્દો માત્ર નવું બિલ્ડીંગ બનાવવાનો નથી પણ ત્રણ વર્ષથી કલાકારોને તેમના જ શહેરમાં મળતું કલામંચ છીનવાઈ ગયું છે તેનો છે.

આ સમગ્ર આયોજનમાં સૌથી ગંભીર બાબત તો એ છે કે આ જ ભવનની આર્ટ ગેલેરીનું કોવિડ પહેલાં ૨.૫ કરોડના ખર્ચે રિનોવેશન કરાયું હતું. જો ઈમારત જર્જરિત હતી અને તેને તોડીને નવી બનાવવાની યોજના હતી તો પછી આટલી મોટી રકમ રિનોવેશન પાછળ શા માટે ખર્ચવામાં આવી? શું તે સમયે ભવની જર્જરિત સ્થિતીની જાણ નહોતી? જો હતી તો ગેલેરીઓના રિનોવેશન પાછળ ૨.૫ કરોડ ખર્ચાયા તેની જવાબદારી કોની? આ મુદ્દે કલાકારોમાં પણ ભારે ચર્ચા છે. અકાદમી દ્વારા ૨૦૨૪-૨૫માં ૧૦૦ જેટલા કલાકારોને ગ્રાન્ટ સહાય અપાઈ હતી. જે અંતર્ગત રાજ્ય પ્રદર્શન માટે ૨૪ હજાર, રાજ્ય બહાર પ્રદર્શન માટે ૫૦ હજાર અને વિદેશ પ્રદર્શન માટે ૧ લાખની સહાયની જોગવાઈ છે. એક તરફ કલાકારોને પ્રદર્શન માટે આર્થિક સહાય આપવાની વાત છે પણ બીજી તરફ તેમના ચિત્ર સર્જનને લોકો સુધી પહોચાડવા માટેની પોતાની ગેલેરીઓ સાથેનું કલાભવન જ બંધ છે.



- આ છે ગુજરાત રાજ્ય લલિતલકા અકાદમીનું ભવન જેની બહાર તાળા છે અને બિલ્ડીંગ ભયગ્રસ્ત છે તેની તકતી લગાવી દેવાઈ છે.

એક સમયે લલિતકલા અકાદમીમાં ૨૦ જેટલી યોજનાઓ અંતર્ગત કલાકારોને લાભ મળતા હતાં આજે મોટા ભાગની યોજનાઓ બંધ છે.

પોંકની મોસમ આવી પણ શિયાળાનો મિજાજ હજુ જામ્યો નથી

સુરતી પોંકની મીઠાશ પર કુદરતનો માર બદલાતા વાતાવરણથી અસલ સ્વાદ જોખમમાં

(પ્રતિનિધિ દ્વારા) સુરત,મંગળવાર

વિશ્વભરમાં સુરતની આગવી ઓળખ બનેલા અને સુરતીઓની શિયાળાની પહેલી પસંદ એવા પોંકનું આગમન થઈ ગયું છે, પરંતુ આ વખતે પોંકના દાણામાં ન તો અગાઉ જેવું કુમળાપણું છે કે ન તો કુદરતી મીઠાશ. બદલાતા વાતાવરણ, અનિયમિત વરસાદ અને ઠંડી-ઝાકળની ઘટની અસર પોંકના પાકથી લઈને તેના સ્વાદ સુધી જોવા મળી રહી છે. એક તરફ પોંકના દાણા કડક અને મીઠાશ ઓછી છે, તો બીજી તરફ ૭૦૦થી ૮૦૦ રૂપિયા કિલોના ભાવ હોવા છતાં સુરતીઓમાં તેની માંગ વધી રહી છે.

અનિયમિત વરસાદ, ઠંડી અને ઝાકળનું ઓછું પ્રમાણ પણ જવાબદાર

પોંકના દાણા કડક-મીઠાશ ઓછી, ગુણવત્તા સુધારા માટે ઠંડી વધવાની રાહ

સામાન્ય રીતે નવેમ્બરના પ્રથમ સપ્તાહથી સુરતમાં પોંકની મોસમ જામવા લાગે છે. આંધળી વાણીની જુવારમાંથી તૈયાર થતો પોંક તેની કુમળી રચના, કુદરતી મીઠાશ અને આગવા સ્વાદ માટે જાણીતો છે. પોંક તૈયાર કરવાની પ્રક્રિયામાં જુવારના દાણાથી પરિપક્વતા અને વાતાવરણની સ્થિતિ મહત્વની ગણાય છે. ખાસ કરીને રાત્રિના સમયે પડતી ઠંડી અને ઝાકળ દાણાની ગુણવત્તા જાળવવામાં અનુકૂળ ગણાય છે. જોકે, આ વર્ષે વાતાવરણના બદલાયેલા મિજાજને કારણે પાકની ગુણવત્તા અને પોંકના આગમનના સમય પર અસર જોવા મળી રહી છે. આ વર્ષે ચોમાસામાં વરસાદનું ચક્ર પણ અસામાન્ય રહ્યું હતું. વરસાદ થોડા-થોડા સમયાંતરે પડવાને બદલે એકસાથે ભારે પ્રમાણમાં વરસ્યો હતો. ત્યારબાદ પાકને અનુકૂળ એવો વરસાદ મળ્યો ન હતો. દિવાળી સુધી વરસાદી માહોલ રહ્યા બાદ હવે શિયાળાની શરૂઆત થઈ છે, પરંતુ હજુ સુધી કડકડતી ઠંડીનો અનુભવ થતો નથી. રાત્રિના સમયે ઠંડીનું પ્રમાણ ઓછું રહેવાની સાથે ઝાકળ પણ પૂરતી પડતી નથી. તેના કારણે પોંકના દાણામાં અપેક્ષિત કુમળાપણું અને મીઠાશનો અભાવ જોવા મળી રહ્યો છે. હાલ બજારમાં મળતા પોંકમાં દાણા પ્રમાણમાં કડક હોવાનું અને અગાઉની સરખામણીએ મીઠાશ ઓછી હોવાનું વેચાણકારો જણાવી રહ્યા છે. બીજી તરફ સુરતના વિસ્તરણ અને ઝડપી શહેરીકરણની અસર પોંકની પરંપરા પર પણ પડી રહી છે. એક સમયે સુરતની આસપાસના વિસ્તારોમાં આંધળી વાણીની જુવારની ખેતી મોટા પ્રમાણમાં થતી હતી. શહેરની હદ વિસ્તરતાં ખેતીની જમીનો ઘટી છે અને જુવારની ખેતી હવે શહેરથી દૂર બારડોલી, નવસારી સહિત દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારો તરફ સરકી રહી છે.

પોંકનો અસલ સ્વાદ માણવા માટે હજી થોડા દિવસ રાહ જોવી પડશે

પોંકનું વેચાણ કરતા યોગેશ ચૌધરીના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં થઈ રહેલા ફેરફાર અને વધતા પ્રદૂષણ ની અસર આંધળી વાણીની જુવારના પાક પર પડી રહી છે. ચાલુ વર્ષે વરસાદનું પ્રમાણ અને સમય બંને પાકને અનુકૂળ રહ્યાં નથી. તેના કારણે પોંકનું આગમન પણ થોડું મોડું થયું છે. એ વાત સાચી છે કે, હાલ મળતા પોંકના દાણા પ્રમાણમાં કડક છે અને તેમાં અગાઉ જેવી કુદરતી મીઠાશ પણ નથી. પોંકની ગુણવત્તા સુધારવા માટે હવે ઠંડી અને ઝાકળ વધવાની રાહ જોવાઈ રહી છે. એટલે આ વખતે સુરતી પોંકનો અસલ સ્વાદ માણવા માટે સુરતીઓએ હજુ થોડા દિવસ રાહ જોવી પડી શકે છે.

જીવ બચાવવા નાસભાગ મચી, સદ્નસીબે જાનહાનિ ટળી

ફતેવાડી પાસે આગમાં ૧૦૦ ઝુંપડા બળ્યા,અસામાજિક તત્ત્વો સામે શંકા

અમદાવાદ,મંગળવાર

સરખેજમાં ગ્યાસપુર પાસે ફતેવાડી કેનાલ પાસે આજે સવારે અચાનક ઝુપડપટ્ટીમાં આગ લાગી હતી. ભીષણ આગના પગલે અફડાતફડી મચી જવા પામી હતી. આગની ઘટનામાં ૧૦૦ ઝુંપડા બળીને રાખ થઈ જતા ૩૫૦ શ્રમજીવીઓ બેઘર થયા હતા. ફાયર બ્રિગેડે આગને કાબુમાં લેતા સદ્નસીબે જાનહાનિ ટળી હતી. ચાર મહિનામાં બીજી વખત આજ ઝુંપડ પટ્ટીમાં આગ લાગતાં અસામાજિક તત્વોની સંડોવણી હોવાની શંકા સેવાઈ રહી છે.

ચાર મહિના પહેલા આગમાં ૭૦ ઝુંપડા સળગ્યા હતા બેઘર બનેલા ૩૫૦ લોકો રેનબસેરામાં આશરો

આંબાવાડી ખાતે રહેતા પ્રીતીબહેને પોલીસે સમક્ષ જણાવ્યું હતું કે તેઓ ફતેવાડી કેનાલ પાસે આવેલી આંગણવાડીમાં નોકરી પર હાજર હતા. ત્યારે સવોરે ૧૦ વાગે અજાણ્યો યુવક આવ્યો હતો અને ઓફસની બાજુની ઝુંપડ પટ્ટીમાં આગની જાણ કરી હતી. જેથી મહિલાએ તુરંત કન્ટ્રોલમાં ફોન કર્યો હતો તે સમયે જોતજોતામાં ઝૂંપડપટ્ટી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં ૧૦૦ જેટલાં ઝૂંપડાં આગની લપેટમાં આવી ગયાં હતાં. જેના કારણે સ્થાનિક રહીશોમાં જીવ બચાવવા માટે નાસભાગ મચી જવા પામી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે આવીને પાણીનો મારા ચલાવીને આગ બુઝાવી દીધી હતી જો કે ફાયરની સમય સૂચકતાના કારણે સદ્નસીબે કોઈ જાનીહાનિ થઈ નથી. આગની ઘટનામાં ૩૫૦ લોકો બેઘર થયા હોવાથી તેમને નજીકના રેન બસેરામાં મોકલવાની પોલીસે કામગીરી હાથ ધરી હતી. ફાયર બ્રિગેડ તરફથી માહિતી મુજબ ચાર મહિના પહેલા પણ આ ઝુપડ પટ્ટીમાં આગ લાગી હતી જેમાં ૭૦ ઝુપડા બળી હતા. આગ લગાડવામાં અસામાજિક તત્વોની સંડોવણી હોવાની શંકા સેવાઈ રહી છે.

નવરંગપુરા દર્પણ સોસાયટીમાં સોનાના ચેઈનની તફડંચી

અમદાવાદ, મંગળવાર

નવરંગપુરા દાદા સાહેબના પગલા પાસે આવેલા કાઝલ બ્લોસમ એપાર્ટમેન્ટમાં રહેતા ભાવિકભાઈ શાહ શનિવારે સવારે તેમના ઘરેથી વોકીંગમાં નીકળ્યા હતા અને દર્પણ સોસાયટી પાસેથી પસાર થતા હતા ત્યારે બાઈક પર આવેલા બે યુવકો તેમના ગળામાંથી રૂપિયા બે લાખની કિંમતનો સોનાનો ચેઈન તોડીને નાસી ગયા હતા. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

આજે 'મહિલા સામે હિંસા નિવારણ દિવસ'

ગુજરાતમાં દર ૩ મિનિટે ૧ મહિલા ઘરેલુ હિંસાનો શિકાર

અમદાવાદ,મંગળવાર

ગુજરાતમાં મહિલા સામે ઘરેલુ હિંસાના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. એક જ વર્ષમાં મહિલા સામે ઘરેલુ હિંસાના ૧.૬૮ લાખ કેસ નોંધાયા છે. આમ, સરેરાશ ૩ મિનિટે ૧ મહિલા ઘરેલુ હિંસા સામે હેલ્પલાઈનમાં મદદ માટે કોલ કરે છે.

છેલ્લા પાંચ વર્ષમાં 'અભયમ્'ને આવેલા ૯.૫૫ લાખ કોલ્સમાંથી ૪૦ ટકા ઘરેલુ હિંસાની ફરિયાદ

દર વર્ષે ૨૫ નવેમ્બરની ઉજવણી 'મહિલા સામે સામે હિંસા નિવારણ દિવસ ' તરીકે કરવામાં આવે છે. મહિલાઓ માટેની હેલ્પલાઈન 'અભયમ્' દ્વારા જારી વિગતો અનુસાર ગુજરાતમાં આ વર્ષે અત્યારસુધી ૧.૬૮ લાખથી વધુ કોલ્સ આવી ચૂક્યા છે.અભયમ્માં આવેલા કોલ્સમાંથી અંદાજે ૪૦ ટકા ઘરેલુ હિંસાને લગતા હોય છે.ગયા વર્ષે અભયમ્માં ૨.૧૭ લાખ કોલ્સ આવ્યા હતા. આ સ્થિતિએ દરરોજ આવેલા કોલ્સનું પ્રમાણ ૫૯૫ હતું. એક વર્ષ દરમિયાન જ્યાં મહિલા સામે હિંસાના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં અમદાવાદ મોખરે, સુરત બીજા અને રાજકોટ ત્રીજા સ્થાને છે. જાણકારોના મતે, ઘરેલુ હિંસાનો કાયદો ૨૦૦૫માં અસ્તિત્વમાં આવ્યો હતો. આ કાયદો અમલમાં આવ્યો એ પહેલા પણ જો કોઈ હિંસા થઈ હોય એટલે કે ભૂતકાળમાં પણ ઘરેલું હિંસા બની હોય તો એને પણ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે.હવે જે ડોમેસ્ટિક કાયદો છે એ દરેક સ્ત્રીને આવરી લે છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં મહિલા સામે હિંસાના કેસ

વર્ષ	કેસ
૨૦૨૧	૧,૬૫,૯૬૪
૨૦૨૨	૧૮૫,૭૪૬
૨૦૨૩	૨,૧૮,૨૮૧
૨૦૨૪	૨,૧૭,૨૨૮
૨૦૨૫	૧,૬૮,૦૪૧
કુલ	૯,૫૫,૨૬૦

વર્ષ ૨૦૨૫માં કયા જિલ્લામાં મહિલા સામે હિંસાના સૌથી વધુ કેસ?

જિલ્લો	કેસ
અમદાવાદ	૩૩,૮૬૯
સુરત	૧૨,૪૧૪
રાજકોટ	૧૧,૭૮૧
વડોદરા	૧૧,૩૦૮
ભાવનગર	૬,૧૮૦

વેપારીઓએ જગદીશ વિશ્વકર્મા સાથે બેઠક કરી

શોપિંગ ફેસ્ટિવલની કમાન નાના વેપારીઓને સોંપવાની માગણી

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

પચ્ચીસમાં ડિસેમ્બરથી ચાલુ થઈ રહેલા શોપિંગ ફેસ્ટિવલની કમાન નાના વેપારીઓને સોંપી દેવાની માગણી આજે ભાજના નેતા જગદીશ વિશ્વકર્માને મળીને શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠને કરી છે. આજથી સાત વર્ષ પહેલા ૨૦૧૯માં પણ વેપારીઓએ શોપિંગ ફેસ્ટિવલનું સફળ આયોજન કર્યું હતું. જોકે ૨૦૧૯ જેવી ચમક દમક ૨૦૨૪ના શોપિંગ ફેસ્ટિવલમાં જોવા ન મળી હોવાથી વેપારીઓએ આ ફેસ્ટિવલનું આયોજન તેમને સોંપવાની માગણી કરી છે.આ અંગે મુખ્યમંત્રીને પણ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

શોપિંગ ફેસ્ટિવલને સફળ બનાવવા માટે ઈનામી યોજના ચાલુ કરવાની દરખાસ્ત

આ સંદર્ભમાં અમ્યુકોના નાયબ મ્યુનિસિપલ કમિશનરે શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠન સાથે ચર્ચા વિચારણા પણ કરી હતી. શોપિંગ ફેસ્ટિવલને સફળ બનાવવા સરકાર પણ વેપારીઓનો સહયોગ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ વખતના શોપિંગ ફેસ્ટીવલમાં ૧૫૦૦૦થી વધુ વેપારીઓને જોડવા માટે ઈનામી યોજના ચાલુ કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

બીજીતરફ આજની જગદીશ વિશ્વકર્મા સાથેની બેઠક દરમિયાન અમદાવાદના સિંધી વેપારીઓએ તેમની કોમને ગુજરાત વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળે તે માટેની માગણી કરી છે. ૨૦૨૭માં આવી રહેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં આ માગણી કરવામાં આવી છે.

મહિલા તબીબને ડિજિટલ એરેસ્ટ કરવાના કેસમાં

ગુજરાતના સૌથી મોટા સાયબર ફ્રોડમાં સમયે ચાર્જશીટ ન થતાં આરોપીને જામીન

અમદાવાદ,મંગળવાર

ગાંધીનગરમાં મહિલા તબીબને સીબીઆઈ અધિકારી, સુપ્રીમ કોર્ટ અને ટ્રાઈના નામે ડરાવી સાયબર ગઠિયાઓએ ડિજિટલ એરેસ્ટ કરી આતંકવાદી કેસમાં તમારી ધરપકડ થશે તેવી ધમકી આપી રૂ. ૧૯ કરોડ, ૨૪ લાખ પડાવી લેવાના ચકચારભર્યા કેસમાં દિલ્હી સીબીઆઈ દ્વારા ઝડપાયેલા આરોપી મોહમ્મદ આસિફ મોહમ્મદ હાશિમ વિરૂધ્ધ સીબીઆઈ તરફથી ૬૦ દિવસની નિયત સમય મર્યાદામાં કોર્ટમાં ચાર્જશીટ નહીં કરાતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે રોપીને ડિફોલ્ટ જામીન પર મુકત કરવા હુકમ કર્યો હતો.

દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી સીબીઆઈ ૬૦ દિવસની સમયમર્યાદામાં ચાર્જશીટ રજૂ ન કરી શકી, કોર્ટે નોંધ લીધી

સીબીઆઈએ આરોપીના ઘરે સર્ચ કરતાં મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જેમાંથી જુદી જુદી બેંકોના ખાતા નંબરો, આઈએફએસસી કોડ, યુઝરનેમ અને પાસવર્ડ મળી આવ્યા છે. આ ઉપરાંત બેંક ખાતા સાથે જોડાયેલા રજિસ્ટર્ડ મોબાઈલ નંબરના ઓટીપી/એસએમએસ મેળવવા માટે એપીકે ફાઈલ એક્સેસ કરાઈ હોવાની વિગતો મળી આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશથી ગાંધીનગરમાં મહિલા તબીબના હાલના કેસ સહિત ગુજરાતના સાયબર ફ્રોડના ત્રણ કેસોની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી. કેસની વિગત મુજબ, ગાંધીનગરમાં રહેતાં ૭૫ વર્ષીય મહિલા ગાયનેકોલોજિસ્ટ તબીબને ગત તા.૧૫મી માર્ચે અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સાયબર ઠગોએ ઈડી, સુપ્રીમ કોર્ટ, સીબીઆઈ અને પોલીસના નામે ડરાવી તમારા મોબાઈલ નંબર પરથી અશ્લીલ પોસ્ટ થઈ રહી છે તેવી ધમકી આપી તેમના બેંક ખાતા, શેર, સોનું અને ફિક્સ્ડ ડિપોઝિટ સહિતની માહિતી કઢાવી લીધી હતી. ત્યારબાદ મહિલા તબીબને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા.

ઠગોએ મહિલા તબીબના બેંક લોકરમાં રહેલાં હીરાજડિત સોનાના દાગીના તેમજ શેર સર્ટિફિકેટ વેચાવી દીધાં હતાં અને ત્રણ મહિનાના ગાળામાં તબક્કાવાર કુલ રૂ.૧૯.૨૪ કરોડની રકમ પોતાના અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફ કરાવી લીધી હતી. વેરિફિકેશન પૂર્ણ થયા બાદ તમામ રકમ પરત કરી દેવાશે તેવી ખોટી ખાતરી આપી રકમ હડપ કરી લીધી હતી.



મેડિકલ કમિશને ૨૦૨૧ના રેગ્યુલેશનમાં સુધારો કર્યો

ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટને પ્રેક્ટિસ માટે હવે રાહતઃ સરકારે નિયમમાં છુટ આપી

અમદાવાદ,મંગળવાર

નેશનલ મેડિકલ કમિશને ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટને પ્રેક્ટિસ લાયસન્સ માટેના ૨૦૨૧ના રેગ્યુલેશન્સમાં એક મહત્વનો ફેરફાર કરતા ડ્રાફ્ટ અમેન્ડમેન્ટ જાહેર કર્યુ છે.જે મુજબ વિદેશમાંથી એમબીબીએસ કરનારા ભારતીય વિદ્યાર્થીને જે તે દેશમાં ત્યાંના નાગરિક મુજબનું પ્રેક્ટિસ લાયસન્સ મેળવવુ ફરજીયાત નહીં રહે.માત્ર જે તે દેશમાં મેડિકલ ડિગ્રી મેળવ્યા બાદ જે તે દેશના સક્ષમ સત્તામંડળમાંથી રજિસ્ટ્રેશન કરાવેલુ હોવું જોઈએ.આ ડ્રાફ્ટ સુધારા માટે સૂચનો મંગાવાયા છે અને જે ફાઈનલ થયા બાદ ૧૮ નવેમ્બર ૨૦૨૧ પછીના વિદ્યાર્થીઓને લાગુ પડશે.

ડ્રાફ્ટ સુધારા મુજબ વિદેશથી ભણેલા ભારતીય વિદ્યાર્થીને હવે જે તે દેશમાંથી પ્રેક્ટિસ લાયસન્સની મંજૂરી લેવામાંથી મુક્તિ

ભારતમાંથી ગુજરાત સહિતના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ દર વર્ષે ફિલિપાઈન્સ,જર્મની,રશિયા,ચાઈના કે જ્યોર્જિયા સહિતના અનેક દેશોમાં એમબીબીએસનો અભ્યાસ કરવા જાય છે. વિદેશમાંથી એમબીબીએસ-યુજી મેડિકલનો અભ્યાસ કર્યા બાદ ભારતીય વિદ્યાર્થીએ ભારતમાં આવીને મેડિકલ પ્રેક્ટિસ કરવા માટે જરૂરી એવુ લાયસન્સ મેળવવા માટે ભારત સરકારના નિયમોનું પાલન કરવાનું હોય છે.જેમાં મેડિકલ કમિશનના ૨૦૨૧ના ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામિનેશન પાસ કરવાથી માંડી ૧ વર્ષની ફરજીયાત ઈન્ટર્નશિપ સહિતના ઘણા નિયમો છે.વિદ્યાર્થીએ એક્ઝામ પાસ કર્યા બાદ ઈન્ટર્નશિપ કર્યા પછી જ લાયન્સ મેળવી શકે છે.આ ઉપરાંત નેશનલ મેડિકલ ગ્રેજ્યુએટ લાયન્સના ૨૦૨૧ના નિયમોમાં ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામ આપવા માટે અને પ્રેક્ટિસનું લાયસન્સ મેળવવા માટે જરૂરી લાયકાતો પણ નક્કી કરાઈ છે.

આ લાયકાતોમાં મહત્વની એક લાયકાત રેગ્યુલેશન્સમાં સેકશન ૪બીમાં રજૂ કરાઈ છે.જેમાં મેડિકલ કમિશને મોટો ફેરફાર કર્યો છે અને કેટલાક શબ્દો દૂર કર્યા છે.અગાઉ જે લાયકાતની જોગવાઈ હતી તેમાં ભારતીય વિદ્યાર્થીએ જે તે દેશમાં એમબીબીએસ કર્યા બાદ જે તે દેશના અન્ય વિદ્યાર્થીઓ પ્રેક્ટિસ માટેનું લાયસન્સ મેળવવા સક્ષમ હોવાનું પુરવાર કરવુ પડતુ હતુ એટલે કે તેને જે તે દેશના મેડિકલ પ્રોફેશનલ સત્તામંડળ દ્વારા પ્રેક્ટિસ માટેનું લાયસન્સ મેળવવાની મંજૂરી મળેલી હોવી જોઈએ.પરંતુ આ જોગવાઈને લીધે ભારતીય વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હતી કારણકે રશિયા સહિતના ઘણા દેશોમાં ત્યાંની ભાષાની પરીક્ષા પાસ કરવાથી માંડી કેટલાક નિયમો મુજબની પૂર્તતા કરવી ફરજીયાત છે.જેથી નેશનલ મેડિકલ કમિશને આ જોગવાઈમાં સુધારો કર્યો છે અને જે મુજબ હવે ભારતીય વિદ્યાર્થીએ વિદેશમાં મેડિકલ અભ્યાસ બાદ માત્ર જે તે દેશના સત્તા મંડળ-કાઉન્સિલમાંથી રજિસ્ટ્રેશન મેળવેલુ હોવું જોઈએ. પ્રેક્ટિસ લાયસન્સ મેળવેલુ ન હોય કે તેની મંજૂરી ન મળી હોય તો પણ ભારતમાં આવેલીને ગ્રેજ્યુએટ એક્ઝામ આપવાની મંજૂરી મળશે અને ભારતમાં પ્રેક્ટિસનું લાયસન્સ મળશે.મહત્વનું છે કે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામમાં હજારો ઉમેદવારો નાપાસ થયા બાદ થયેલા આંદોલનને પગલે સરકારે વર્ષમાં ત્રણ વખત પરીક્ષાની અને નિયમોમાં છુટછાટની ખાત્રી આપી હતી.જો કે હાલ કમિશને આ ડ્રાફ્ટ સુધારો જાહેર કર્યો છે અને સૂચનો-મંતવ્યો માટે ૩૦ દિવસની મુદત આપી છે સૂચનો બાદ ફાઈનલ ગેઝેટ નોટિફિકેશન જાહેર થશે અને જે ૧૮ નવેમ્બર ૨૦૨૧ ના રોજ કે તેના બાદ પ્રવેશ લેનારા તમામ વિદ્યાર્થીઓ માટે લાગુ પડશે.

સુપ્રીમ કોર્ટના આદેશથી મધ્યસ્થી માટે પહેલો બેચ તૈયાર કર્યો

કેસ કોર્ટમાં પહોંચે તે પહેલા જ મધ્યસ્થી સમિતિ બંને પક્ષને સાંભળી સમાધાન કરાવશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

કોર્ટમાં કેસનું ભારણ ઘટે અને કેસ કોર્ટમાં પહોચે તે પહેલા જ પૂરા થઈ જાય તે માટે ભારત સરકારે ગુજરાતમાં ૨૪ સભ્યની એક સમિતિની રચના કરી છે. આ સમિતિના સભ્યો પાસે કોર્ટમાં કેસ જાય તે પહેલા જ બંને પક્ષકારોને સાથે બેસાડીને સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતમાં આ કામગીરી કરવા માટ નિયુક્ત કરવામ આવેલા ૨૪ જણામાં સમાજના અગ્રણીઓ અને બિઝનેસ ઉદ્યોગમાં વર્ચસ્વ ધરાવનારાઓને પસંદ કરવામાં આવ્યા છે. ચોવીસ જણની સમિતીના સભ્યોને ૪૦ દિવસની તાલીમ પણ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશથી ભારતમાં પહેલીવાર મિડિયેશન એક્ટ હેઠળ ૨૪ સભ્યની સમિતિની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને અમલમાં લાવવામાં આવી રહી છે.

ભારત સરકારે ૨૦૨૩માં જ ઘડેલા મીડિયેશન એક્ટની જોગવાઈ હેઠળ કમિટીની રચના કરવામાં આવી

વેપાર ઉદ્યોગને લગતા કે પછી અન્ય પ્રકારના કેસોમાં બંને પક્ષોને સમાધાન સુધી લઈ જઈને બંને પાસે એફિડેવિટ પર લખાણ કરાવી સહી સિક્કા કરાવીને સમાધાન કરાવવામાં આવશે. જર્મની, જાપાન, ઈટાલી, નેધરલેન્ડ, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રાઝિલ અને સ્લોવેનિયામાં અમલમાં આવી ગયેલી મિડિયેશનની પ્રથા જેવી જ પ્રથા ભારતમાં શરુ કરવામાં આવી રહી છે. આ બ્રિનટનમાં ૯૨ ટકા અને સિંગાપોરમાં ૮૯ ટકા તથા ઓસ્ટ્રેલિયામાં ૬૬ ટકા કેસોમાં કોર્ટમાં જતાં પહેલા જ સમાધાન થઈ જાય છે.ભારત સરકારે ઘડેલો મિડિયેશન એક્ટ મધ્યસ્થીની કામગીરીને વધુ સંગીન બનાવશે. નાના નગરો અને ગ્રામીણ સ્તરના કોર્ટમાં પહોંચેલા અને કેસોના ભારણને કારણે હિયરિંગ પર ન આવતા કેસોની ફાઈલો પણ મધ્યસ્થી તરીકે નિયુક્ત થયેલા ૨૪ સભ્યોને મોકલીને એક મહિનાનો સમય આપી કેસોમાં સમાધાન કરાવવા જણાવવામાં આવશે. મધ્યસ્થીની આ સિસ્ટમ સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવશે. મિડિયેટરે આ કેસોમાં ગુપ્તતા જાળવવી પડશે.

મીડિયેશન એક્ટ હેઠળ થનારી કામગીરી

* કમિટિના સભ્યો સમાધાન કરાવીને એફિડેવિટ પર તેનું લખાણ કરીને કોર્ટમાં મોકલી આપે તે પછી કોર્ટ તેના પર ઓર્ડર કરી દેશે
* કોર્ટમાં ચાલતા કેસ પણ ચોવીસ જણની સમિતીના સભ્યોને મોકલીને નિરાકરણ લાવી આપવા એક મહિનાનો સમય આપવામાં આવશે
* બ્રિટન અને સિંગાપોરમાં અનુક્રમે ૮૯ અને ૯૨ ટકા કેસો કોર્ટમાં પહોંચતા પહેલા જ સમાધાન થઈ જતું હોવાથી કોર્ટનું ઘટી રહેલું ભારણ

વાડજમાં કારમાં દારૂનો જથ્થો સપ્લાય કરવા જતા બે ઝડપાયા

અમદાવાદ,મંગળવાર

છેલ્લાં ઘણા દિવસોથી વાડજમાં ચોક્કસ કારમાં દેશી દારૂનો મોટો જથ્થો નિયમિત રીતે સપ્લાય કરવામાં આવે છે. જે બાતમીના આધારે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓએ વાડજ અખબારનગર પાસે રાતના સમયે વોચ ગોઠવીને એક શંકાસ્પદ કારને રોકીને તપાસ કરતા તેમાંથી ૫૦૦ લિટરથી વધારે દેશી દારૂ મળી આવ્યો હતો. આ અંગે કારચાલક મહેન્દ્ર દરબાર (રહે. કલોલ) અને આકાશ રાવળની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે કલોલની કેશવ કૃપા સોસાયટીમાં રહેતા નાગજી

ફેઈક પ્રીમિયમ એપનું દૂષણ : ગુજરાત સમાચારના અહેવાલોનો પડઘો

IPOના ગ્રે માર્કેટ પ્રીમિયમ પ્રકાશિત કરવા પર પ્રતિબંધ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૨૪

રિટેલ રોકાણકારોને ગેરમાર્ગે દોરનારી અને વાસ્તવિકતાથી વિપરીત એક પ્રકારે ઊંચા વળતરની લાલચ બતાવતી આઈપીઓ ખુલતાં પૂર્વે ગ્રે માર્કેટ પ્રીમિયમ બતાવી ફસાવવાની પ્રવૃતિ પર મૂડી બજાર નિયામક તંત્ર સેબીએ લગામ લગાવી છે. ગુજરાત સમાચાર દ્વારા અહીંથી વખતો વખત આ પ્રકારની કૃત્રિમ રીતે કંપનીઓના ફંડામેન્ટલને નેવે મૂકીને આઈપીઓ ગ્રે માર્કેટ પ્રીમિયમ સર્જક કાર્ટેલનો પર્દાફાશ કરતાં અહેવાલો પ્રકાશિત કર્યાનો પડઘો પડ્યો છે. સેબીએ હવે કોઈપણ પ્લેટફોર્મ પર ઈન્ટરમીડિયરીઝને આ આઈપીઓ શેરોના ગ્રે માર્કેટ પ્રીમિયમ પબ્લિશ કરવા પર પ્રતિબંધાત્મક પગલાં લીધા છે. આઈપીઓની વણઝાર સાથે દેશમાં બિલાડીના ટોપની માફક અનેક ફેઈક પ્રીમિયમ એપ અને આ પ્રકારના પ્લેટફોર્મ થકી રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના વધેલા દૂષણને દૂર કરવા સેબીએ સરાહનીય પગલાં લીધા છે.

વેબસાઈટ્સ, ડિજિટલ પ્લેટફોર્મ, અખબારો કે મધ્યસ્થીઓ દ્વારા કોઈપણ ઈ-મેઈલ, એસએમએસ કે સોશિયલ મીડિયા થકી ગ્રે માર્કેટ પ્રીમિયમ દર્શાવી શકાશે નહીં



ભારતના મૂડી બજારમાં પાછલા મહિનાઓમાં અસંખ્ય આઈપીઓ- ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ- પબ્લિક ઈસ્યુઓ લાવીને કંપનીઓ રોકાણકારો પાસેથી નાણા એકત્ર કરી ગઈ છે અને હજુ સંખ્યાબંધ કંપનીઓ આઈપીઓ લાવવાની તૈયારીમાં છે. આ આઈપીઓમાં અનેક એવા આઈપીઓ છે કે જેમાં સિન્ડિકેટ સક્રિય બનીને આઈપીઓ ખુલતાં પૂર્વે જ રોકાણકારોનો ભોરમાવવા એટલે કે લલચાવવા માટે ગ્રે માર્કેટના નામે શેરોના પ્રીમિયમ બોલાવતા આવ્યા છે.

આ ઈસ્યુઓના ઊંચા પ્રીમિયમ જોઈને રિટેલ રોકાણકારો ગેરમાર્ગે દોરાઈ ઈસ્યુમાં પોતાની મહામૂલી મૂડી રોકીને વળતરની ઊંચી અપેક્ષા રાખતા હતા. પરંતુ ઘણા આઈપીઓ-ભરણાં બંધ થાય પછી આ ઊંચા પ્રીમિયમો અદ્રશ્ય કરાવી દઈ શેરોનું લિસ્ટિંગ ડિસ્કાઉન્ટમાં થતું હોવાનું અને રોકાણકારોને નુકશાન થયાના અને દેશના મૂડી બજાર-શેર બજારોમાં રોકાણ કરવું ન જોઈએ એવી નિરાશાએ રોકાણકારો બજારથી દૂર થવાનું જોખમ ઊભું થયું હતું. જેને ધ્યાનમાં લઈ મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ રોકાણકારોના હિતમાં હવે ગ્રે માર્કેટ પ્રીમિયમ કોઈપણ પ્લેટફોર્મ પર પ્રકાશિત નહીં કરવા ઈન્ટરમીડિયરીઝને સૂચના આપી આ દિશામાં કડક પગલાં લીધા છે.

સેબીએ બજારના સહભાગીઓ અને રજિસ્ટર્ડ ઈન્ટરમીડિયરીઝને આવનારા આઈપીઓના ગ્રે માર્કેટ પ્રીમિયમ પ્રકાશિત કરવા, દર્શાવવા કે પ્રસારિત કરવા પર તાત્કાલિક અસરથી રોક લગાવવા જણાવ્યું છે. સેબીએ રોકાણકારોને સંભવિત લિસ્ટિંગ ગેઈનનો અંદાજ લગાવવા માટે આવા બિનસત્તાવાર આંકડાઓ પર આધાર નહીં રાખવાની ચેતવણી પણ આપી છે.

સેબીએ આપેલી ચેતવણી અને અન્ય પ્રમુખ બાબતો રોકાણકારોએ જાણવી જરૂરી છે. બિનસત્તાવાર અને અનિયંત્રિત આંકડા : સેબીની એડવાઈઝરીમાં જણાવાયું છે કે, વેબસાઈટ્સ, ડિજિટલ પ્લેટફોર્મ, અખબારો અને કેટલાક મધ્યસ્થીઓ- ઈન્ટરમીડિયરીઝ દ્વારા ફેલાવવામાં આવતાં જીએમપી-ગ્રે માર્કેટ પ્રીમિયમના આંકડા સંપૂર્ણપણે બિનસત્તાવાર, અપ્રમાણિત અને અનિયંત્રિત હોય છે. બીજું કોઈ સુરક્ષા કે ગેરંટી નહીં : આ આંકડા લિસ્ટિંગ પહેલા ઔપચારિક એક્સચેન્જ માળખાની બહાર થતા શેરના વ્યવહારો પર આધારિત હોવાનો દાવો કરવામાં આવે છે. સેબીએ સ્પષ્ટ કર્યું છે કે આવા વ્યવહારો પર કોઈ નિયમનકારી દેખરેખ હોતી નથી, તેમાં સેટલમેન્ટની કોઈ ગેરંટી કે રોકાણકારોની સુરક્ષા હોતી નથી અને તે કોઈ ઔપચારિક પ્રાઈસ-ડિસ્કવરી પ્રક્રિયાને અનુસરતા નથી. આ ઉપરાંત પારદર્શિતાનો ભંગ : નિયમનકારે કહ્યું છે કે, આવા પ્રીમિયમનું પ્રકાશન રોકાણકારો માટે નુકશાનકારક સાબિત થઈ શકે છે અને તે સિક્યોરિટીઝ માર્કેટમાં પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોની વિરૂધ્ધ છે. સેબીએ તમામ રજિસ્ટર્ડ ઈન્ટરમીડિયરીઝને વેબસાઈટ, ઈમેઈલ, એસએમએસ કે સોશિયલ મીડિયા સહિત કોઈપણ માધ્યમથી જીએમપી જાહેર ન કરવા સૂચના આપી છે.

અનેક રોકાણકારોના હિતમાં સેબી દ્વારા ભરવામાં આવેલું સરાહનીય પગલું

રોકાણકારોને સેબીએ આપેલી મહત્વની સૂચના મુજબ ગ્રે માર્કેટના વ્યવહારોમાં સામેલ રોકાણકારોની સેબી કે સ્ટોક એક્સચેન્જના અધિકારક્ષેત્ર હેઠળ કોઈ સુરક્ષા લાભ મળશે નહીં. તેઓ એક્સચેન્જની ફરિયાદ નિવારણ પ્રણાલી કે ઓનલાઈન ડિસ્પ્યુટ રિઝોલ્યુશન (ઓડીઆર) પોર્ટલનો ઉપયોગ કરી શકશે નહીં.

તહેવારોને પરિણામે ઓકટોબરમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં વીસ ટકા વધારો

મુંબઈ, તા. ૨૪

નવરાત્રી- દિવાળી નિમિત્તોની ખરીદીમાં વધારાની સાથોસાથ ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. ગત મહિને નવા ક્રેડિટ કાર્ડસ જારી કરવાની સંખ્યા પણ બમણી જોવા મળી હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

સપ્ટેમ્બરની સરખામણીએ ઓકટોબરમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ વીસ ટકા વધી રૂપિયા ૨.૪૫ લાખ કરોડ રહ્યો છે. સપ્ટેમ્બરમાં આ આંક રૂપિયા ૨.૦૪ લાખ કરોડ જોવા મળ્યો હતો.

ગયા વર્ષના ઓકટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ૧૪.૪૦ ટકા વધારો થયો છે.

ગયા વર્ષના ઓકટોબરમાં બેન્કો દ્વારા ૬.૨૮ લાખ નવા ક્રેડિટ કાર્ડસ જારી કરવામાં આવ્યા હતા જ્યારે વર્તમાન વર્ષના સમાન મહિનામાં આ આંક ૧૪ લ ાખ રહ્યો હતો. સપ્ટેમ્બરમાં આ ઉમેરો ૧૨.૬૦ લાખ રહ્યો હતો.

હાલમાં ભારતમાં કુલ આઉટસ્ટેન્ડિંગ ક્રેડિટ કાર્ડસની સંખ્યા ૧૨.૬૭ કરોડ છે જે ગયા વર્ષના ઓકટોબરમાં ૧૧.૪૧ કરોડ રહી હતી.

યુપીઆઈ સાથે રુપે ક્રેડિટ કાર્ડસને લિન્ક કરવાની જોગવાઈ હોવાને કારણે પણ ક્રેડિટ કાર્ડસની માગમાં વધારો જોવા મળી રહ્યો છે. ક્રેડિટ કાર્ડસ મારફત પેમેન્ટસની સંખ્યા પણ ઓકટોબરમાં વાર્ષિક ધોરણે ૩૨ ટકા વધી ૬૮.૩૦ કરોડ રહી છે.



ક્રેડિટ કાર્ડસની સંખ્યામાં વધારો થતા કાર્ડસ દીઠ સરેરાશ ખર્ચનો આંક નીચો રહ્યો હતો અને ઓકટોબર ૨૦૨૫માં જે પ્રતિ કાર્ડ રૂપિયા ૪૧૩૩ હતો તે વર્તમાન વર્ષના સમાન મહિનામાં ઘટી રૂપિયા ૩૫૮૫ આવી ગયો હતો.

નવરાત્રી ઉપરાંત દિવાળી નિમિત્તેની ખરીદીને કારણે ક્રેડિટ કાર્ડસના વપરાશમાં ગત મહિને વધારો થયો હોવાનું એક બેન્કરે જણાવ્યુ હતું.

તહેવારોને અનુલક્ષીને નવા ક્રેડિટ કાર્ડસ જારી કરવાની સંખ્યા પણ ગત મહિને બમણી જોવા મળી

ક્રૂડમાં મિડલ ઈસ્ટ તથા લીબીયાથી સપ્લાય વધ્યો

ક્રૂડ ઘટી ત્રણ મહિનાના તળીયે: ચાંદીના ભાવ ફરી તૂટ્યા: જોકે સોનું ઉંચકાયું

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

મુંબઈ ઝવેરીબજારમાં આજે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. ગુરુનાનક જયંતિના કારણે બેન્ક હોલીડે વચ્ચે બુલીયન બજારે બંધ પાળ્યો હતો. જોકે બંધ બજારે આજે સોનાના ભાવમાં ધીમો સુધારો જ્યારે ચાંદીના ભાવમાં નવેસરથી ઘટાડો જોવા મળ્યો હોવાનું બજારના સૂત્રો જણાી રહ્યા હતા.

ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪ પાર: રૂપિયો તૂટ્યો: ગોલ્ડ ઈટીએફમાંથી એકઝીટ ૧૦૦ અબજ ડોલર પાર

મુંબઈ ફરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ ઉંચકાઈ રૂ.૯૩ની ઉપર બોલાતા થયાના નિર્દેશો પણ મળ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૩૬૨૧થી ૩૬૨૨ વાળા આજે ઉંચામાં ભાવ ૩૬૭૮ તથા નીચામાં ભાવ ૩૬૦૭ થઈ ૩૬૨૩થી ૩૬૨૪ ડોલર રહ્યાના સમાચાર હતા.

ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪ પાર કરી ૧૦૪.૪૦ થયા પછી ૧૦૩.૯૯થી ૧૦૪ આસપાસ રહ્યાના સમાચાર હતા. ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોનું ફરી સેલીંગ જોવા મળ્યું હતું. દરમિયાન, ઘરઆંગણે મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૫૦થી ૧૦૦ વધ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૨૦૦૦ તૂટ્યા હતા.

અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૯૯૫ના રૂ.૧૨૯૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૯૫૦૦ બોલાતા હતા



જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ ઘટી રૂ.૧૫૪૦૦૦ બોલાયા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ ૯૯૫ના રૂ.૧૨૪૫૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૫૧૦૦ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ રૂ.૧૫૦૫૦૦ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા.

મુંબઈ ફરન્સી બજારમાં આજે બંધ બજારે ડોલરના ભાવ રૂ.૯૨.૯૧ વાળા વધી રૂ.૯૩.૦૩થી ૯૩.૦૪ બોલાતા હતા. દરમિયાન, વિશ્વબજારમાં આજે ક્રૂડતેલના ભાવ બ્રેન્ટક્રૂડના ૯૦.૮૩ વાળા નીચામાં ભાવ ૮૮.૧૦ થઈ ૮૯.૨૪ ડોલર રહ્યા હતા. યુ.એસ. ક્રૂડના ભાવ ૮૧.૯૯ વાળા ૭૯.૦૭ થઈ ૭૯.૯૭ ડોલર રહ્યા હતા. ક્રૂડના ભાવ ઘટી નીચામાં ત્રણ મહિનાના તળીયે ઉતર્યા હતા. મધ્ય-પૂર્વ તરફથી ક્રૂડનો પુરવઠો વધ્યાના વાવડ હતા. લીબીયામાં બંધ પડેલી પાઈપલાઈન ફરી શરૂ થતાં તેની સપ્લાય પણ વધ્યાના વાવડ હતા. ક્રૂડ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકની ૨૯મી નવેમ્બરે મળનારી મિટિંગ પર હવે ક્રૂડ બજારની નજર રહી હતી.


ક્રૂડના ભાવ ૨૦૨૭માં પૂર્વાર્ધમાં ૭૦ ડોલર સુધી ઉતરવાની શક્યતા જે.પી. મોર્ગન જૂથે દર્શાવી હતી. ઈરાન યુધ્ધ હમણાં શાંત પડ્યું છે ત્યારે રશિયા તથા યુક્રેન વચ્ચે છાશવારે છમકલા ચાલુ રહેતાં ક્રૂડ બજારમાં અજંપો ચાલુ રહ્યાનું પણ જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઘટી ૧૨૮૩ થઈ ૧૩૦૭થી ૧૩૦૮ ડોલર રહ્યા હતા જ્યારે વૈશ્વિક પેલેડીયમના ભાવ ઘટી ૮૭૬ થઈ ૮૮૭થી ૮૮૮ ડોલર રહ્યા હતા.

NBFCના ગોલ્ડ લોન પોર્ટફોલિઓની વ્યાપક ચકાસણીની આવશ્યકતા: RBI

મુંબઈ, તા. ૨૪

સોનાના ભાવમાં તાજેતરમાં થયેલા જોરદાર ઘટાડાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસ)ને તેમના ગોલ્ડ લોન પોર્ટફોલિઓની વ્યાપક ચકાસણીની આવશ્યકતા હોવાનું જણાવ્યુ હતું.

ગોલ્ડ પર લોનના ઊંચા પ્રમાણ સામે પણ ધિરાણદારોને ચેતવણી



સોનાના ભાવમાં તાજેતરના ઘટાડાને કારણે મૂલ્યથી લોનનું પ્રમાણ ખોરવાઈ ગયું છે. ગોલ્ડ સામે ૮૫ ટકા જેટલા લોનના ઊંચા પ્રમાણ સામે પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

સોનાના ભાવમાં ૩૫થી ૪૦ ટકા ઘટાડો થયો છે ત્યારે તેમાં વધુ સાવચેત રહેવાની જરૂરત હોવાનું રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં એનબીએફસીસના સીઈઓ ને તાકીદ કરી હોવાનું સુત્રોએ જણાવ્યુ હતું.

સદર બેઠકમાં એનબીએફસીસ ઉપરાંત હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ તથા માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓના ડાયરેકટર્સ તથા એક્ઝિકયૂટિવ્સ પણ હાજર રહ્યા હતા.

ગ્રાહકોને સરળ સેવા, ફરિયાદ નિવારણ માટે અસરકારક યંત્રણા તથા રિકવરીની યોગ્ય પદ્ધતિ પર પણ ગવર્નરે ભાર આપ્યો હતો.

ભારત સહિત વિશ્વના અનેક દેશોની નાણાં સંસ્થાઓ પર સાઈબર હુમલામાં વધારો થયો છે, જેને પરિણામે કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે સાઈબર સિક્યુરિટી માળખાને મજબૂત બનાવવા પણ નિર્દેશ અપાયો હતો.

એનબીએફસીસ તથા હાઉસિંગ ફાઈનાન્સ દ્વારા કરાતા ધિરાણ જવાબદારીભર્યા રહે તે પણ આવશ્યક છે.

એપ્લિકેશન પ્રોગ્રામીંગ ઈન્ટરફેસિસ (એપીઆઈસ) સંબંધિત નિયંત્રણોને મજબૂત બનાવવા, થર્ડ પાર્ટી સિસ્ટમ્સ માટે સલામતિ સખત કરવા તથા ફન્ડસ ટ્રાન્સફર પરની દેખરેખ વધારવા આરબીઆઈએ બેન્કો, તથા એનબીએફસીસને આ અગાઉ જ સૂચના આપેલી છે.

AI કંપનીઓનું ફંડિંગ વધીને ૧.૬ બિલિયન ડોલર પહોચ્યું

અમદાવાદ, તા. ૨૪

ભારતમાં આ ટફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કંપનીઓએ ૨૦૨૬ના પ્રથમ નવ મહિનામાં ઈક્વિટી ફંડિંગમાં ઈ૧.૬ બિલિયન (આશરે ૧૪,૮૬૦ કરોડ) એકત્ર કર્યા છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં જોવા મળેલા સ્તર કરતાં લગભગ બમણા છે તેમ ટ્રેક્સન ટેકનોલોજીસના અહેવાલમાં જણાવાયું હતું. ૨૦૧૯ પછી આવરી લેવામાં આવેલા નવ મહિનાના સમયગાળામાં આ સૌથી વધુ ફંડિંગ છે.

૨૦૧૯ પછી આવરી લેવામાં આવેલા નવ મહિનાના સમયગાળામાં આ સૌથી વધુ ફંડિંગ



અહેવાલ અનુસાર, ભારતીય એઆઈ કંપનીઓએ ૨૦૨૬ના નવ મહિનામાં ઈક્વિટી ફંડિંગમાં ૧.૬ બિલિયન ડોલર એકત્ર કર્યા છે, જે ૨૦૨૫ના નવ મહિનાના ૮૨૨ મિલિયન ડોલર કરતાં ૯૬% વધુ અને ૨૦૨૪ના નવ મહિનાના ૬૧૬ મિલિયન ડોલર કરતાં ૧૬૨% વધુ છે, જે ૨૦૧૯ પછીના નવ મહિનાના સમયગાળામાં સૌથી વધુ ફંડિંગ દર્શાવે છે.આ ફંડિંગ ૮૭ રાઉન્ડમાં એકત્ર કરવામાં આવ્યું હતું, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં થયેલા ૧૪૯ રાઉન્ડ કરતાં ઓછું હતું. આ દર્શાવે છે કે આ વધારો પ્રમાણમાં ઓછા પરંતુ મોટા સોદાઓ (ડીલ્સ)ને કારણે થયો છે.

રોકાણમાં પ્રારંભિક તબક્કાનું (અર્લી-સ્ટેજ) ફંડિંગ મોખરે રહ્યું હતું, જ્યારે આ સમયગાળા દરમિયાન મુંબઈ બેંગલુરુને પાછળ છોડીને સૌથી વધુ ફંડિંગ મેળવતું શહેર બન્યું હતું.

FY૨૭માં રેલવે મુસાફરોની સંખ્યા વધીને ૮ અબજને પાર થશે

અમદાવાદ, તા. ૨૪

માંગમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી નાણાકીય વર્ષ ૨૦૨૭માં રેલવે મુસાફરોની સંખ્યા ૮ અબજનો આંકડો વટાવી જવાની અપેક્ષા છે, તેમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬માં મુસાફરોની સંખ્યા ૭.૪ અબજ રહી હતી, જેનો અર્થ છે કે અંદાજિત સ્તર સુધી પહોંચવા માટે આ વર્ષે લગભગ ૮% વૃદ્ધિ થશે.

માલવહન ક્ષેત્રે તાજેતરના સુધારાઓને કારણે ૧૦થી ૭૦ ટકાનો વધારો

જોકે, આ સંખ્યા હજુ પણ કોરોના મહામારી પહેલાંના નાણાકીય વર્ષ ૨૦૧૯માં નોંધાયેલા લગભગ ૮.૪૪ અબજ મુસાફરોના સર્વોચ્ચ સ્તર કરતાં ઓછી રહેશે. મહામારી પહેલાં ૮ અબજથી વધુ રહેલી મુસાફરોની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૧માં ઘટીને ૧.૨૫ અબજ થઈ ગઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨માં સુધરીને ૩.૫ અબજ અને નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૭.૩ અબજ પર પહોંચી હતી.

રેલવેએ છેલ્લા ૫-૬ વર્ષમાં ટ્રેક, સ્ટેશનો અને ટ્રેનની ક્ષમતાના વિસ્તરણની સાથે ૨,૫૦૦ થી વધુ નવી ટ્રેન સેવાઓ ઉમેરી છે.

માલવહન ક્ષેત્રે તાજેતરના સુધારાઓને કારણે ગયા વર્ષની સરખામણીમાં વિવિધ ચીજવસ્તુઓની હેરફેરમાં ૧૦ થી ૭૦%નો વધારો થયો છે.

નાસકોમે AI, સાયબર સિક્યોરિટી અને સુધારા માટે કરેલી રજૂઆત

અમદાવાદ, તા. ૨૪

આઈટી ઈન્ડસ્ટ્રી બોડી નાસકોમે જણાવ્યું હતું કે તેણે કેન્દ્રીય બજેટ ૨૦૨૭-૨૮ માટે વિવિધ સૂચનો રજૂ કર્યા છે, જેમાં મુખ્યત્વે એઆઈ સર્વિસીસ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન સ્કીમનો સમાવેશ થાય છે. આ યોજના શરૂઆતના ત્રણ વર્ષના સમયગાળા માટે હશે, જેનો ઉદ્દેશ્ય નાની આઈટી કંપનીઓને એઆઈના પ્રભાવ વચ્ચે ટેકનિકલ સુવિધાઓ અને નિષ્ણાતોના સહયોગ દ્વારા કર્મચારીઓના કૌશલ્ય પરિવર્તન (વર્કફોર્સ ટ્રાન્સફોર્મેશન) અને ટેકનોલોજીના વિકાસ તથા વ્યાપારીકરણમાં મદદ કરવાનો છે.

MSME માટે સાયબર સિક્યોરિટીમાં સહાયની માંગ

મુખ્યત્વે ચાર ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરતા નાસકોમે જણાવ્યું હતું કે, જેમ જેમ જનરેટિવ છૈં અને એજન્ટિક AI આઈટી ક્ષેત્રમાં ગ્રાહકોની માંગ, ડિલિવરી અને કોમર્શિયલ મોડલ્સને નવો આકાર આપી રહ્યા છે, તેમ કંપનીઓએ ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવી સેવાઓ વિકસાવવી પડશે અને સ્ટાફને ફરીથી તાલીમ આપવી પડશે. આ બાબત નાણાકીય મર્યાદા ધરાવતી નાની આઈટી કંપનીઓ પર વધુ દબાણ લાવે છે. નાસકોમે ભારતમાં નિર્મિત અને સંચાલિત લાયસન્સ, સબસ્ક્રિપ્શન, વપરાશ-આધારિત અથવા પરિણામ-આધારિત આવક મેળવતી સેવાઓ સહિત ટેક વિકાસ અને વ્યાપારીકરણને ટેકો આપવાની પણ ભલામણ કરી છે.

કર્મચારીઓના કૌશલ્ય પરિવર્તન (વર્કફોર્સ ટ્રાન્સફોર્મેશન) સંદર્ભે, આ યોજના હેઠળ શિક્ષણને નિરીક્ષણ હેઠળના પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સાથે જોડવાનું આયોજન છે, જેથી કંપનીના અનુભવી કર્મચારીઓ ઉચ્ચ ભૂમિકાઓમાં આગળ વધી શકે અને નવા આવનારાઓ પ્રત્યક્ષ અનુભવ મેળવી શકે.

દરમિયાન, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) માટે, એઆઈ આધારિત સાયબર હુમલાઓ વધી રહ્યા હોવાથી નાસકોમે સાયબર સિક્યોરિટીમાં સહાયની માંગ કરી છે. આ ભલામણમાં ઉત્પાદન અને સેવા ક્ષેત્રના એમએસએમઈને સાયબર સુરક્ષાનું મૂળભૂત સ્તર જાળવી રાખવામાં મદદ કરવા માટે બજેટમાં પ્રથમ તબક્કાની મર્યાદિત ફાળવણી સાથેના 'કોન્ટ્રિબ્યુટરી સાયબર સિક્યોરિટી પ્રોગ્રામ'ની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

કર્ણાટક તથા મહારાષ્ટ્રમાં નવી તુવેરની ધીમી ગતિએ આવક શરૂ

મુંબઈ, તા. ૨૪

કર્ણાટક તથા મહારાષ્ટ્રમાં નવી તુવેરની આવક શરૂ થઈ હોવાનું જોવા મળી રહ્યું છે. વર્તમાન વર્ષની ખરીફ મોસમમાં નબળા ચોમાસાને કારણે આ રાજ્યોમાં પાક પર પ્રતિકૂળ અસર થઈ છે.

નબળા ચોમાસાને કારણે પાક પર જોવાઈ રહેલી અસર

હાલમાં નવી તુવેરની આવક થોડીઘણી કવોન્ટિટીમાં શરૂ થઈ છે. દેશમાં મહારાષ્ટ્ર તથા કર્ણાટક તુવેરના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે પાકનો ઉછેર નબળો રહેતા ખેડૂતોએ ફરીથી વાવણી હાથ ધરી હતી પરંતુ ફરીથી લેવાયેલા પાકની પણ સ્થિતિ સારી નહીં હોવાનું સ્થાનિક સુત્રોએ જણાવ્યુ હતું.

મહારાષ્ટ્રમાં પાણીની અછતને કારણે તુવેરનું કદ નાનુ જણાઈ રહ્યુ છે અને સુકા હવામાનને પરિણામે પાકમાં ભેજનો મુદ્દો આ વર્ષે જોવા મળશે નહીં. હાલમાં થોડીઘણી માત્રામાં નવી આવક શરૂ થઈ છે, પરંતુ ડિસેમ્બરમાં તેમાં વધારો થવાની અપેક્ષા છે એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું.

વર્તમાન વર્ષમાં દેશમાં તુવેરનું વાવેતર ૨.૮૩ ટકા વધી ૪૭.૨૫ લાખ હેકટર્સ રહ્યું છે. મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં દૂકાળની સ્થિતિને પરિણામે તુવેરનું ઉત્પાદન ૨૦-૨૫ લાખ ટનની રેન્જમાં રહેવા ધારણાં છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બરના ગાળામાં તુવેરની આયાત ૩૮ ટકા વધી ૬.૯૮ લાખ ટન રહી છે.

એશીયાના બજારોમાં તોફાની તેજી

નિક્કીમાં ૨૨૦૮, તાઈવાનમાં ૩૩૧૦ જ્યારે કોસ્પી ૨૯૭ પોઈન્ટ ઉછળ્યો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

ગુરૂનાનક જયંતી નિમિતે આજે-મંગળવારે ભારતીય શેર બજારોમાં બંધ રહ્યા હતા. જ્યારે વૈશ્વિક બજારોમાં આજે ખાસ એશીયા-પેસેફિક દેશોના બજારોમાં તોફાની તેજી જોવાઈ હતી.

ગિફ્ટ નિફટી ઈન્ડેક્સમાં સાંજે ૧૧૫ પોઈન્ટનો સુધારો

વૈશ્વિકે મોરચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રે થઈ રહેલા ઝડપી પરિવર્તનને લઈ વિશ્વમાં સર્જાઈ રહેલી ઉથલપાથલમાં એનવીડિયાના સીઈઓ તરીકે ફરી જેનસેન હુઆંગને બોર્ડ દ્વારા પદ ૫ લેવાયાના ઘટનાક્રમ અને એઆઈ ક્ષેત્રે થયેલા રોકાણો જોખમી બની રહ્યાના નિષ્ણાંતોના અભિપ્રાય વચ્ચે આજે વૈશ્વિક બજારોમાં એઆઈ સંબંધિત કંપનીઓના શેરોમાં કડાકો બોલાયો હતો. એનવીડિયાનો શેર પાછલા દિવસોમાં તીવ્ર ઉછાળા બાદ આજે ૫.૨ ટકા જેટલો તૂટીને સાંજે ૧૫૬.૪૦ ડોલર નજીક રહ્યો હતો. એશીયાના શેરબજારોમાં તોફાની ઉછાળો આવ્યો હતો. જો કે ગિફ્ટ નિફટી ઈન્ડેક્સ સાંજે ૧૧૫ પોઈન્ટનો સુધારો બતાવતો હતો.

જાપાનના ટોક્યો શેર બજારનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ પાછલા દિવસોમાં તૂટ્યા બાદ આજે ૨૨૦૭.૯૮ પોઈન્ટ ઉછળીને ૫૮૬૪૪.૬૩ અને તાઈવાનનો તાઈવાન વેઈટેજ ૩૩૧૦.૪૫ પોઈન્ટની છલાંગે ૪૦૧૨૨.૩૫, ચાઈનાનો શાંઘાઈ કોમ્પોઝિટ ૧૦ પોઈન્ટ વધીને ૩૫૪૮.૩૭ રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨૯૭.૪૯ પોઈન્ટ ઉછળીને ૫૦૦૬.૦૩ રહ્યા હતા. જો કે યુરોપના બજારોમાં સાંજે સાંકડી વધઘટ જોવાઈ હતી. લંડન શેર બજારનો ફુત્સી પાંચ પોઈન્ટનો ઘટાડો, ફ્રાંસનો કેક ૪૦ ઈન્ડેક્સ ૨૦ પોઈન્ટનો સુધારો અને જર્મનીનો ડેક્ષ ૧૬૨ પોઈન્ટનો ઘટાડો બતાવતા હતા. વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ સાંજે બ્રેન્ટ ક્રુડના સાધારણ વધીને ૮૯.૬૦ ડોલર અને નાયમેક્ષ-ન્યુયોર્ક ક્રુડના ૮૦.૩૩ ડોલર નજીક રહ્યા હતા.

સોનું તૂટતા ગોલ્ડ લોન ધિરાણકર્તાઓ સામે નવો પડકાર

અમદાવાદ, તા. ૨૪

છેલ્લા એક વર્ષમાં સોનાના ભાવમાં તીવ્ર ઘટાડાથી કોલેટરલ કવરને ખતમ કરવાનો ભય ઉભો થયો છે, જેના કારણે ઘણા ધિરાણકર્તાઓને મા જન કોલ વધારવાની ફરજ પડી છે અને કેટલાક કિસ્સાઓમાં, બાકી રકમ વસૂલવા માટે હરાજીનો આશરો લેવો પડ્યો છે. આમ, સોનાના ભાવ તૂટતા ગોલ્ડ લોન ધિરાણકર્તાઓ સામે પડકાર ઊભો થવા પામ્યો .

યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારાની અપેક્ષાઓ જેવા કારણોસર સોનાના ભાવ બહુ-મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયા હતા. સોનું ૨૦૨૬માં રૂ. ૧,૮૧,૦૦૦ની ટોચે પહોંચ્યું હતું જે ઘટીને ૧,૨૮,૦૦૦ ઉતરી આવ્યું હતું.



ગોલ્ડ લોન સાથે સંકળાયેલ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું કે અમે નિયમિતપણે ગ્રાહકો સાથે વાતચીત કરીએ છીએ, તેમને ચુકવણી માટે આગ્રહ કરીએ છીએ અને સમયસર હરાજી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ



પ્રીમિયમ સ્માર્ટફોનની કિંમતોમાં ૩૦%નો વધારો થશે

અમદાવાદ, તા. ૨૪

મેમરી ચિપની કિંમતમાં થયેલા તીવ્ર વધારાને કારણે, વર્ષના અંત સુધીમાં મોટાભાગની બ્રાન્ડ્સના પ્રીમિયમ ફ્લેગશિપ સ્માર્ટફોનની કિંમતોમાં ૩૦ ટકાનો વધારો થઈને તે પ્રતિ નંગ રૂ. ૧ લાખથી વધુ થવાની ધારણા છે. ડિવાઇસની કિંમતોમાં વધારાની સાથે ગ્રાહકોની અપેક્ષાઓ પણ વધી રહી છે. થોડા વર્ષો પહેલા, ભારતમાં રૂ. ૧ લાખનો સ્માર્ટફોન ભાગ્યે જ જોવા મળતો હતો. આજે, જેમ-જેમ ફ્લેગશિપ ફોનની કિંમતો વધી રહી છે, તેમ-તેમ આ પ્રાઇસ પોઇન્ટ વધુને વધુ સામાન્ય બની રહ્યો છે. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં ફોનની કુલ કિંમતમાં મેમરી કાર્ડનો હિસ્સો ૧૩ ટકા હતો, તે વધીને ૪૩ ટકા થવાની અપેક્ષા છે.

નવી સાયબર નીતિ માટે ઉદ્યોગ સંગઠનોનએ કરેલી માંગ

અમદાવાદ, તા. ૨૪

તાજેતરમાં વૈશ્વિક સ્તરે થયેલા આઉટેજ (સેવા ખોરવાઈ જવાની ઘટનાઓ) અને AI-આધારિત સુરક્ષા ખામીઓએ વિદેશી ટેકનોલોજી તથા સિંગલ-ટેકનોલોજી વિક્રેતાઓ (વેન્ડર્સ) પરની અતિશય નિર્ભરતાના જોખમોને ઉજાગર કર્યા છે, તેમ ઉદ્યોગ સંગઠનોએ જણાવ્યું છે. તેમણે નવી સાયબર નીતિ ઘડવા અને સ્વદેશી ઉકેલો (સોલ્યુશન્સ) પર વધુ ભાર મૂકવા હાકલ કરી છે.

ઉદ્યોગ સંગઠનોએ સ્વદેશી ટેકનોલોજી અને ટેલિકોમ ઉત્પાદનો, તેમજ ઘરઆંગણે વિકસિત સાયબર સુરક્ષા ઉકેલો અને સેવાઓનો એક વ્યાપક ડેટાબેઝ અથવા યાદી તૈયાર કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે.

ખાદ્યતેલોમાં મિશ્ર હવામાનઃ વૈશ્વિક પામતેલમાં મંદી અટકી પ્રત્યાઘાતી ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે આયાતી પામતેલના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો જ્યારે મસ્ટર્ડ- સરસવ તેલના ભાવ વધુ ઉંચકાયા હતા. અન્ય દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ બેતરફી સાંકડી વધઘટે અથડાતા રહ્યા હતા. દરમિયાન, ગુરુનાનક જયંતીના પગલે બેન્ક હોલીડે વચ્ચે બજારમાં આજે હાજરી પાંખી રહી હતી તથા નવા વેપારો પણ ધીમા રહ્યા હતા.

સરસવ તેલના ભાવ ઉછળી રૂ.૨૦૦૦ પાર કરી ગયા

સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૭૭૫ રહ્યા હતા તથા આ ભાવોએ બાયર્સ વધુ રહ્યાના સમાચાર હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૩૫ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૭૫થી ૧૩૮૦ રહ્યા હતા જ્યારે ત્યાં આયાતી પામતેલના ભાવ રૂ.૧૨૪૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૩૫૬ બોલાઈ રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં આજે મલેશિયા પામતેલ વાયદાના ભાવ ઘટતા અટકી તળીયેથી ઝડપી ૯૯ પોઈન્ટ પ્રત્યાઘાતી ઉછળ્યાના સમાચાર મળ્યા હતા. ઘરઆંગણે આજે હઝીરા ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૩૭૨થી ૧૩૭૪ તથા ડિસેમ્બરના રૂ.૧૩૭૭ રહ્યા હતા.

મગફળીના ભાવ સૌરાષ્ટ્ર ખાતે ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી કરીને ઉંચામાં રૂ.૧૭૦૦થી ૧૭૨૫ રહ્યા હતા. વિશ્વબજારમાં કૂડતેલના ભાવ જોકે ઘટાડા પર રહેતાં અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાતેલના ભાવ ૪૫ પોઈન્ટ ઘટાડા પર રહ્યા હતા. જ્યારે ત્યાં સોયાખોળના ભાવ ૪૭ પોઈન્ટ ઉંચકાતા તેની પાછળ ત્યાં સોયાબીનના ભાવ ૮૦ પોઈન્ટ વધી ગયાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, મુંબઈ હાજર બજારમાં દિવેલાના ભાવ આજે ૧૦ કિલોદીઠ રૂ.પાંચ વધતાં હાજર એરંડાના ભાવ કિવ.ના રૂ.૨૫ ઉંચકાયા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ સોયાખોળના રૂ.૧૦૦૦ ઉછળ્યા હતા જ્યારે અન્ય ખોળો શાંત હતા.

મુંબઈ બજારમાં સિંગતેલના ભાવ રૂ.૧૮૬૦ જ્યારે કપાસીયા તેલના ભાવ રૂ.૧૪૨૦ રહ્યા હતા. સામે મુંબઈ આયાતી પામતેલના ભાવ રૂ.૧૨૮૫ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૩૦ રહ્યા હતા જ્યારે મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ ઉછળી રૂ.૨૦૦૦ તથા રિફાઈન્ડના ભાવ રૂ.૨૦૩૦ બોલાયા હતા. સામે સનફલાવરના ભાવ રૂ.૧૫૦૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૨૦ રહ્યા હતા.

પેકેજડ ડ્રિન્કિંગ વોટર ઉદ્યોગમાં સલામતિના ધોરણોની ચકાસણી થશે

મુંબઈ, તા. ૨૪

પેકેજડ ડ્રિન્કિંગ વોટરની ગુણવત્તામાં કથિત ક્ષતિઓને પગલે બિસ્લેરી ઈન્ટરનેશનલ વિરુદ્ધ નિયમનકારી પગલાં બાદ દેશનો ચાર અબજ ડોલરનો પેકેજડ ડ્રિન્કિંગ વોટર ઉદ્યોગ સલામતિના ધોરણ સંદર્ભમાં ચકાસણી હેઠળ આવી ગયો છે.

કથિત ક્ષતિને ધ્યાનમાં રાખી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પેકેજડ ડ્રિન્કિંગ વોટર કંપનીઓ ખાતેથી સેમ્પલ મેળવી તેની ચકાસણી કરવા યોજના ઘરાવતી હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

સંપૂર્ણ ઉદ્યોગ હવે તપાસના ઘેરામાં છે. બિસ્લેરીના પેકેજડ ડ્રિન્કિંગ વોટરના એક સેમ્પલમાં નિશ્ચિત મર્યાદાનું પાલન કરવામાં કહેવાતી નિષ્ફળતા તથા લેબોરેટરી ટેસ્ટમાં પોલિન્યુક્લિઅર એરોમેટિક હાઈડ્રોકાર્બન્સ મળી આવ્યાનો દાવો કરી ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ બિસ્લેરી ઈન્ટરનેશનલ સામે તપાસ હાથ ધરી હતી.

પોતાના પ્રોડક્ટસ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ધોરણો પ્રમાણે છે કે કેમ તેની ખાતરી રાખવા હવે દરેક કંપનીઓ તકેદારી લેવાશે.

બંધ રહેલા બજાર

અમદાવાદ, તા. ૨૪

આજે ગુરૂનાનક જયંતિને અનુલક્ષીને મુંબઈ શેરબજાર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ સત્તાવાર બંધ રહ્યા હતા. આ ઊપરાંત આજે હૂંડિયામણ બજાર, કોમોડિટી એક્સચેન્જ અને મુંબઈ બજારો પણ બંધ રહ્યા હતા. આજે ગુજરાતના વિવિધ જિલ્લાના માર્કેટ યાર્ડો દેવદિવાળી પર્વને અનુલક્ષીને બંધ રહ્યા હતા.

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૮૫૦-૩૨૩૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૩૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૨૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦
દિવેલ	૨૭૦૦
પામોલીન જુનો ડબો	૨૧૦૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૩૩૦૦
તીખું સરસીયું	૩૫૦૦
સનફલાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૨૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૭૫
રાજકોટ મગફળી
સોનુ ૨૪ કેરેટ ૧૩૧૫૦૦
૧ કિલો ચાંદી ૧૫૭૦૦૦

ઓક્ટોબરમાં સૌર ઊર્જાનું ઉત્પાદન રેકોર્ડ સપાટીએ

અમદાવાદ, તા. ૨૪

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર અનુસાર, ઓક્ટોબર ૨૦૨૬માં ભારતનું સૌર ઊર્જા (સોલાર પાવર) ઉત્પાદન કુલ વીજ ઉત્પાદનના રેકોર્ડ ૧૨% પર પહોંચી ગયું છે, પરંતુ સ્વચ્છ વીજળીનો એકંદર હિસ્સો એક વર્ષ અગાઉના ૩૦%થી ઘટીને ૨૭% થયો છે. આનું કારણ નબળું જળવિદ્યુત (હાઈડ્રોપાવર) ઉત્પાદન અને વીજળીની વધતી માંગને લીધે કોલસા પર વધેલી નિર્ભરતા હતી.

૨૦૧૯ પછી ભારતના પાવર મિક્સમાં સૌર ઊર્જાનું પ્રમાણ તેના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું હોવા છતાં, સ્વચ્છ વીજળીના હિસ્સામાં ૩.૩ ટકાનો ઘટાડો થયો છે, જે દર્શાવે છે કે નવીનીકરણીય (રિન્યુએબલ) ઊર્જા ક્ષમતાના વિસ્તરણની સાથે કોલસા પરની નિર્ભરતા ઘટાડવી એ એક મોટો પડકાર છે.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૫૦૫૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૪૫૦૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૫૧૦૦
અમ. ચાંદી ૧૫૪૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૯૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૯૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૩૦
અમ. કપાસિયા નવો ૨૬૨૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી	૮૦-૧૬૦
બટાકા ડીસા	૧૦૦-૨૬૦
ડુંગળી મહારાષ્ટ્ર	૭૦૦-૧૦૪૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૪૦૦-૮૦૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૫૨૦૦૦-૧૫૪૦૦૦	સોનું (૯૯.૫) ૧૨૮૨૦૦-૧૨૯૨૦૦
ચાંદી રૂપુ ૧૫૧૮૦૦-૧૫૩૮૦૦	હોલમાર્ક ૧૨૬૯૧૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦	**રાજકોટ**
સોનું (૯૯.૯) ૧૨૮૫૦૦-૧૨૯૫૦૦	ચાંદી ૧૫૭૦૦૦
	૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૧૫૦૦
	સીક્કા (૧ ગ્રામ) ૧૩૨૦૦
	૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૧૬૯૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૮૦-૨૦૦
ટગર ૮૦૦-૧૦૦૦
ડમરો ૧૫-૨૦
લીલી ૨૦-૨૫
હજારી ગલ ૫૦૦-૮૦૦



સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારતના યુવા ઓપનરના ૨૮ બોલમાં ૧૦૦, ૫૨ બોલમાં ૨૦૦ રન

૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગથી લિસ્ટ-એ ક્રિકેટમાં વર્લ્ડ રેકોર્ડ્સ હારમાળા સર્જી

વન ડે મેચમાં ભારતે ૨૫૦નો ટાર્ગેટ ૧૪.૨ ઓવરમાં જ પાર પાડ્યો વૈભવે ૨૦૪માંથી ૧૯૬ રન ચોગ્ગા-છગ્ગાની મદદથી ફટકાર્યા

દોહા, તા.૨૪

ઈન્ડિયા-એના ૧૫ વર્ષના યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગની સાથે આક્રમક મિજાજ તેમજ પાવરપંચનો પરચો દેખાડતાં યુએઈ સામેની રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની ગ્રૂપ સ્ટેજની આખરી મેચમાં ૨૮ છગ્ગા અને સાત ચોગ્ગા સાથે ૨૦૪ રન માત્ર ૫૩ જ બોલમાં નોંધાવીને ઈતિહાસ રચી દીધો હતો.

વૈભવે તેની વિસ્ફોટક ઈનિંગ દરમિયાન લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી સદી, ૧૫૦ રન અને બેવડી સદીના સીમાચિહ્નો હાંસલ કર્યા હતા. તે અગાઉ લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ અડધી સદીનો રેકોર્ડ ધરાવે છે. તેની તોફાની બેટિંગને સહારે ભારતે ૨૫૦નો ટાર્ગેટ માત્ર ૧૪.૨ ઓવરમાં જ ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડીને ખળભળાટ મચાવી દીધો હતો.

વૈભવની રેકોર્ડબ્રેકિંગ ઈનિંગમાં ૨૮ છગ્ગા અને સાત ચોગ્ગા સામેલ હતા. આમ તેણે છગ્ગાની મદદથી ૧૬૮ રન નોંધાવ્યા હતા. જ્યારે સાત ચોગ્ગાની મદદથી ૨૮ રન કર્યા હતા. તેની ઓવરઓલ ૨૦૪ રનની ઈનિંગમાં ચોગ્ગા-છગ્ગાની મદદથી ૧૯૬ રન સામેલ હતા. વૈભવે લિસ્ટ-એ મેચમાં ૧૦૦ કે વધુ રનની ઈનિંગ રમનારા બેટ્સમેનોમાં સર્વોચ્ચ સ્ટ્રાઈકરેટનો ડી વિલિયર્સનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. વૈભવની આ લિસ્ટ-એ ક્રિકેટની પહેલી જ સદી છે.

ઈન્ડિયા-એના ૨૫૦માંથી ૨૦૪ રન વૈભવના

૨૫૦ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ભારત તરફથી વૈભવ અને અભિષેક (૧૨)ની જોડીએ ૨૧ બોલમાં ૬૮ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી.વૈભવે પ્રભસિમરન (૩) સાથે ૧૩ બોલમાં ૪૦ અને રિન્કુ સિંઘ (૧૯) સાથે ૪૩ બોલમાં ૧૩૭ રન જોડ્યા હતા. આખરે રિન્કુ અને કુશાગ્રની જોડીએ ટીમને જીતાડી હતી.

યુએઈના બોલરોની દયનીય હાલત

વૈભવની આક્રમક બેટિંગની સામે યુએઈના બોલરોની હાલત દયનીય બની ગઈ હતી. તેમના પાંચેય બોલરોની ઈકોનોમી ૧૧ કે તેથી વધુ રહી હતી. ખાસ કરીને ઈબરાર અહમદે તો ૩ ઓવરમાં ૨૩.૬૬ની ઈકોનોમીથી ૭૧ રન આપ્યા હતા અને અભિષેકની વિકેટ મેળવી હતી. જ્યારે ઉદ્દિશ સુરીએ બે ઓવરમાં ૨૪.૦૦ની ઈકોનોમીથી ૪૮ રન આપ્યા હતા અને તેને વિકેટ મળી નહતી.

ભારતના ભૂતપૂર્વ અંડર-૧૯ના ખેલાડીની યુએઈ તરફથી સદી

ભારતની અંડર-૧૯ ટીમના ભૂતપૂર્વ વાઈસ કેપ્ટન હરપ્રીત સિંઘ ભાટિયાએ યુએઈ તરફથી ૧૪૪ બોલમાં ૧૨ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૧૩૦ રન નોંધાવ્યા હતા. આ સાથે યુએઈની ટીમ ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૪૯ રન સુધી પહોંચી હતી. બાસિલ હામિદે ૩૬* રન કર્યા હતા. અર્ષદ ખાને ૪૩ બોલમાં ચાર વિકેટ મેળવી હતી. યુએઈની ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી.



વૈભવના પ્રત્યેક ૫૦ રન

રન	બોલ	રન	બોલ
૫૦	૧૬	૧૫૦	૪૦
૧૦૦	૨૮	૨૦૦	૫૨

લિસ્ટ-એની ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા

છગ્ગા	બેટ્સમેન	દેશ	હરિફ	સ્થળ	તારીખ
૨૮	વૈભવ સૂર્યવંશી	ભારત-એ	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
૨૩	શોર્ટ	વે.ઓસ્ટ્રેલિયા	ક્વિન્સલેન્ડ	સીડની	૨૮.૦૯.૧૮
૨૧	જેકોબ્સ	ઓકલેન્ડ	ઓટાગો	ઓકલેન્ડ	૧૨.૧૧.૨૬

લિસ્ટે-એ ક્રિકેટમાં વૈભવના મેજર માઈલસ્ટોન

વિગત	બોલ	હરિફ	સ્થળ	તારીખ
ફાસ્ટેસ્ટ ૫૦	૧૧	શ્રીલંકા-એ	દમ્બુલ્લા	૨૧.૬.૨૬
ફાસ્ટેસ્ટ ૧૦૦	૨૮	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
ફાસ્ટેસ્ટ ૧૫૦	૪૦	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
ફાસ્ટેસ્ટ ૨૦૦	૫૨	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬

સાઉથ આફ્રિકાના ડી વિલિયર્સને પણ પાછળ રાખ્યો

લિસ્ટ-એમાં ૧૦૦ કે વધુ રનમાં સૌથી વધુ સ્ટ્રાઈકરેટ

સ્ટ્રાઈકરેટ	બેટ્સમેન	દેશ	હરિફ	સ્થળ	તારીખ
૩૮૪.૯૦	વૈભવ સૂર્યવંશી	ભારત-એ	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
૩૩૮.૬૩	ડી વિલિયર્સ	સાઉથ આફ્રિકા	વિન્ડિઝ	જોહનીસબર્ગ	૧૮.૦૧.૧૫
૩૨૮.૫૪	ફ્રેઝર-મેકગર્ક	સાઉથ ઓસી.	તાસ્માનિયા	એડીલેડ	૦૮.૧૦.૨૩

વૈભવે ઈબરારની ઓવરમાં ૩૦ ને સુરીની ઓવરમાં ૨૮ રન ફટકાર્યા

વૈભવ સૂર્યવંશીએ ભારતની ઈનિંગની સાતમી ઓવરમાં કુલ ૩૦ રન તેમજ ૧૨મી ઓવરમાં કુલ ૨૮ રન ફટકારતાં સનસનાટી મચાવી હતી. ઈબરારે નાંખેલી ઈનિંગની સાતમી ઓવરના પ્રારંભે સૂર્યવંશી ૮૯ રને હતો અને તેણે ૬, ૪, ૪, ૬, ૬,૪ એમ કુલ મળીને છ બોલ પર ૩ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકારતાં ૩૦ રન ઝૂડ્યા હતા. આ સાથે તે ૧૧૯ પર પહોંચ્યો હતો. આ પછી ભારતની ઈનિંગની ૧૨મી ઓવર સુરીએ નાંખી હતી. ત્યારે વૈભવ ૧૬૪ રને હતો રમતો હતો. તેણે ૧૨મી ઓવરમાં ૬, ૬, ૬, ૬,૪, ૦ સ્કોર કર્યો હતો અને કુલ ૨૮ રન લીધા હતા અને ઓવરના અંતે વૈભવ ૫૦ બોલમાં ૧૯૨ રને પહોંચ્યો હતો.

મેકગર્કનો ૨૯ બોલમાં સદીનો રેકોર્ડ તૂટ્યો

લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ સદી

બોલ	બેટ્સમેન	દેશ	હરિફ	સ્થળ	તારીખ
૨૮	વૈભવ સૂર્યવંશી	ભારત-એ	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
૨૯	ફ્રેઝર-મેકગર્ક	સાઉથ ઓસી.	તાસ્માનિયા	એડીલેડ	૦૮.૧૦.૨૩
૩૧	ડી વિલિયર્સ	સાઉથ આફ્રિકા	વિન્ડિઝ	જોહનીસબર્ગ	૧૮.૦૧.૧૫

૫૧ બોલના અંતરથી ફાસ્ટેસ્ટ બેવડી સદીનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ બેવડી

બોલ	બેટ્સમેન	દેશ	હરિફ	સ્થળ	તારીખ
૫૨	વૈભવ સૂર્યવંશી	ભારત-એ	યુએઈ	દોહા	૨૪.૧૧.૨૬
૧૦૩	ચાડ બોવેસ	સેન્ટરબરી	ઓટાગો	કાઈસ્ટચર્ચ	૨૩.૧૦.૨૪
૧૧૪	જગદીસન	તમિલનાડુ	અરુણાચલ	બેંગાલુરુ	૨૧.૧૧.૨૨

૧૬ ઈનિંગમાં માત્ર બીજી જ સદી છે.

સ્ટોક્સ-બેનકોફ્ટની સાથે બાંગ્લાદેશના ખેલાડી પણ IPLની હરાજીની પ્રાથમિક યાદીમાં સામેલ

ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં સર્વોચ્ચ સ્કોર કરનારો ભારતીય

પ્રિયાંશ આર્યના ૬૮ બોલમાં ૧૮૧ : ટી-૨૦ના ઈતિહાસનો સેકન્ડ હાઈએસ્ટ વ્યક્તિગત સ્કોર

ઈન્દોર, તા.૨૪

દિલ્હીના ઓપનિંગ બેટ્સમેન પ્રિયાંશ આર્યએ તમિલનાડુ સામેની સૈયદ મુસ્તાક અલી ટી-૨૦માં ૧૯ છગ્ગા અને ૭ ચોગ્ગા સાથે ૬૮ બોલમાં ૧૮૧ રન ફટકારીને ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે પ્રિયાંશે ટી-૨૦ના ઈતિહાસમાં સેકન્ડ હાઈએસ્ટ વ્યક્તિગત સ્કોરનો તેમજ ટી-૨૦માં સર્વોચ્ચ સ્કોર કરનારા ભારતીય બેટ્સમેન તરીકેનો રેકોર્ડ સર્જ્યો હતો. પ્રિયાંશની તોફાની બેટિંગને સહારે દિલ્હીની ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૭૫ રન નોંધાવ્યા હતા. જવાબમાં તમિલનાડુની ટીમ ૧૮.૩ ઓવરમાં ૧૫૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને દિલ્હી ૧૧૬ રનથી વિજેતા બન્યું હતું.

ઈન્દોરમાં રમાયેલી ટી-૨૦માં તમિલનાડુએ ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. પ્રિયાંશે ૧૮ બોલમાં અડધી સદી ફટકારતાં દિલ્હીએ પાવરપ્લેમાં ૯૪/૧ સ્કોર કર્યો હતો. તેણે કારકિર્દીની ત્રીજી ટી-૨૦ સદી ૩૬ બોલમાં નોંધાવી હતી અને ૬૦ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. આર્યએ ધ્રુલ (૮) સાથે ૩૦, નિતિશ રાણા (૧૮) સાથે ૪૬ બોલમાં ૧૧૮ રન શરૂઆતની બે વિકેટમાં જોડ્યા હતા. આ પછી ચોથી વિકેટમાં આર્ય-અનુજ રાવતે (૧૬) ૪૦ બોલમાં ૮૭ રન ઊમેર્યા હતા.

તમિલનાડુની ટીમ જવાબમાં ૧૫૯માં સમેટાઈ ગઈ હતી અને દિલ્હી ૧૧૬ રનથી જીત્યું હતું. દિગ્વેશ રાઠીએ ચાર વિકેટ ઝડપી હતી.



પ્રિયાંશની સિદ્ધિ

* ટી-૨૦માં સર્વોચ્ચ સ્કોરમાં પ્રેટોરિઅસના ૧૮૮* (ટાઈટન્સ વિ. નાઈટ્સ, બ્લોઈમ્ફોન્ટાઈન, ૨૦૨૬) પછી પ્રિયાંશ બીજા ક્રમે.
* ટી-૨૦માં સર્વોચ્ચ સ્કોર કરનાર ભારતીય. કે.એલ. રાહુલનો (૧૬૨, દિલ્હી વિ. પંજાબ, આઈપીએલ ૨૦૨૬)નો રેકોર્ડ તોડ્યો. ભારતની મહિલા ક્રિકેટર કિરણ નવગીરનો ૧૬૨ રનનો (૨૦૨૧) રેકોર્ડ પણ તોડ્યો
* ટી-૨૦ની ઈનિંગમાં સૌથી વધુ ૧૯ છગ્ગાના ફિન એલન (સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન વિ. વોશિંગ્ટન ફ્રિડમ,જુન-૨૦૨૫)ના રેકોર્ડની બરોબરી કરી.
* સૈયદ મુસ્તાક અલી ટ્રોફીના ઈતિહાસનો સર્વોચ્ચ સ્કોર, ફાસ્ટેસ્ટ ૧૫૦ રન (૬૦ બોલ), ઈનિંગમાં સૌથી વધુ છગ્ગાનો રેકોર્ડ.

સૈયદ મુસ્તાક અલી ટ્રોફી અપડેટ

* હર્ષલ પટેલના ૪૧ અને આશુતોષ શર્માના ૨૩ બોલમાં પાંચ છગ્ગા સાથે ૪૦*ને સહારે ગુજરાતે ૧૮૭/૭ સ્કોર કર્યો હતો. જોકે અમન રાવે ૫૯અને કે.હિમતેજાએ ૫૪ રન કરતાં હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૧૮૮/૫ રન કરતાં જીત હાંસલ કરી હતી. ગુજરાતને છઠ્ઠી મેચમાં ચોથી હાર મળી હતી.
* હાર્વિકના ૩૧ બોલમાં ૫૧ છતાં ૧૪૧માં સમેટાયેલી સૌરાષ્ટ્રની ટીમને ૪૪ બોલ બાકી હતા, ત્યારે પંજાબ સામે સાત વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. પંજાબના અમનજોત સિંઘે ૨૯ રનમાં ચાર વિકેટ ઝડપી હતી અને અનમોલપ્રીતે ૫૨* રન કર્યા હતા.
* અતીત શેઠના પાંચ છગ્ગા અને બે ચોગ્ગા સાથેના ૪૫ અને કૃણાલ પંડ્યાના ૨૧*ની મદદથી બરોડાએ ૧૩૪નો ટાર્ગેટ ૧૬.૨ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી પાર પાડતાં ઝારખંડને હરાવ્યું હતુ.

પ્રિયાંશે ૧૯ છગ્ગા ને ૭ ચોગ્ગા ફટકાર્યા : દિલ્હીએ ૨૭૫/૫ સ્કોર ખડકીને તમિલનાડુને ૧૧૬ રનથી હરાવ્યું

બીજી ટેસ્ટ : બાંગ્લાદેશના ૯૧ સામે સાઉથ આફ્રિકાના ૪૯૪/૭

ઈંગ્લેન્ડે બીજી ટી ૨૦માં ઓસ્ટ્રેલિયાને પરાજય આપ્યો

કેરારા, તા. ૨૪

ઓસ્ટ્રેલિયા સામે પ્રવાસી ઈંગ્લેન્ડે બીજી ટી-૨૦માં આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાએ આપેલો ૧૮૫ રનનો લક્ષ્યાંક માત્ર ૧૩.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. આ વિજય સાથે પાંચ મેચની શ્રેણી ૧-૧થી બરાબર થઈ ગઈ છે. ઈંગ્લેન્ડના ઓપનર ડોનાલ્ડે ૩૨ બોલમાં ૮૫ રન ચાર ચોગ્ગા અને નવ છગ્ગા ફટકાર્યા હતા.બીજી તરફ ફિલિપ સોલ્ટે માત્ર ૩૦ બોલમાં ૫૮ રન પાંચ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે કર્યા હતા. અગાઉ ઓસ્ટ્રેલિયાએ નિખિલ ચૌધરીના ૪૫ રનને લીધે ૨૦ ઓવરોમાં ૮ વિકેટે ૧૮૪ રન કર્યા હતા.

ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ બનવા માટેની રેસમાંથી પી. ટી. ઉષા ખસી ગયા

નવી દિલ્હી, તા. ૨૪

ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA)નાં વર્તમાન પ્રમુખ અને ભૂતપૂર્વ એથલિટ પી.ટી. ઉષાએ ફરી પ્રમુખપદ મેળવવાની રેસમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. પ્રમુખપદ માટે ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર ગગન નારંગ, આર્ચરી એસોસિયેશન ઓફ ઈન્ડિયાના મહાસચિવ અને દિલ્હી ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ વીરેન્દ્ર સચદેવ અને ભારતીય ઓલિમ્પિક સંઘના ભૂતપૂર્વ મહાસચિવ રાજીવ મહેતાએ ઉમેદવારી નોંધાવી છે. આમ, હાલની સ્થિતિએ પ્રમુખપદ માટે ત્રિપાંખિયો જંગ થવાની શક્યતા છે.પાંચ ડિસેમ્બરે ચૂંટણી યોજાનાર છે.

પ્રમુખપદ માટે ગગન નારંગ, વીરેન્દ્ર સચદેવ અને રાજીવ મહેતા વચ્ચે ત્રિકોણીય જંગ : ચૂંટણી પાંચ ડિસેમ્બરે

આજે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે તેમણે પોતાનું નામાંકન ભર્યું નહોતું. આ સાથે જ ભારતીય ઓલિમ્પિક સંઘને આગામી ચૂંટણી બાદ નવા પ્રમુખ મળવાનું નિશ્ચિત બન્યું છે.

ગુકેશ અને સિન્દારોવ વચ્ચે પ્રથમ મેચ ડ્રો

ઝુરિચ : ભારતના ડિફેન્ડિંગ ચેમ્પિયન ડી.ગુકેશ અને ઉઝબેકિસ્તાનના ચેલેન્જર સિન્દારોવ વચ્ચે શરૂ થયેલી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની પ્રથમ મેચ ૩૭ મુવ બાદ ડ્રો થઈ હતી. ચેમ્પિયનશિપમાં બંને ખેલાડીઓ વચ્ચે કુલ ૧૪ મુકાબલા ખેલાશે અને જે ખેલાડી પહેલા ૭.૫ સ્કોર કરશે તે વિજેતા બનશે. ખરાખરીના મુકાબલાનો પ્રારંભ કરાવતા ફિડેના પ્રમુખ ટિમુર ટુર્લોવે સફેદ મહોરાથી રમતાં સિન્દારોવ તરફથી પ્રથમ મુવ કર્યો હતો. જ્યારે કાળા મહોરાથી રમતાં ગુકેશ તરફથી પ્રથમ મુવ ફિડેના ડેપ્યુટી પ્રેસિડેન્ટ અને ભારતના પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે કર્યો હતો.

જાહેર નોટિસ

જત જી-અમદાવાદ, તા-ધાટલોડિયા, મોજે-બોપલની સીમના બ્લોક નં- ૫૫૨ + ૫૫૪ + ૫૫૫ + ૫૭૬અ + ૫૭૬બ/૧ + ૫૫૧અ + ૫૫૩, ટી.પી. સ્કીમ નં-૩ (બોપલ) ના ફાઈનલ પ્લોટ નં- ૧૯૯/૧ તથા ૨૦૪ તથા ૨૦૦ ની બીનખેતીની જમીન ૫૨ આવેલ ''ગાર્ડન હોમ્સ'' ના બંગલો નંબર-૬૦ ની ૧૫૫ સમ ચો.મી. જમીન તથા તેના ઉપર ૧૮૧ સમ ચો.મી. (બિલ્ટઅપ) ના બાંધકામવાળી મિલકત (૧) કશ્યપ ઘનશ્યામભાઈ પટેલ (૨) ઘનશ્યામ જશભાઈ પટેલ (૩) અલકનંદા ઘનશ્યામ પટેલ ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી સદર મિલકત અંગેના તેઓના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, ધિરાણ, વિગેરે કાંઈપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા(વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઈટલ સર્ટીફીકેટ આપીશ,જેની નોંધ લેશો.

Girish Vithlani (Advocate)
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad.
(M): 98983 46164

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર, સબ-ડિસ્ટ્રીકટ દહેગામ તાલુકાના મોજે ગામ -ધમીજ ની સીમના ખાતા નં. ૧૨૦૭ ના બ્લોક/સર્વે નં. ૩૦૭ (જુનો નં. ૩૦૪) ની હે.આરે.ચો.મી.૦૦-૪૨-૩૯ જેના આકાર રૂા.૨.૬૦ પૈસા વાળી જુ.શ. ખેતીની જમીનના કબજેદાર પદમાબેન જીતુભાઈ પટેલ/ સરોજબેન ભરતભાઈ પટેલ ના નામે વેચાણ હક્કે કબજા ભોગવટામાં ચાલી આવેલ તે ખેતીની જમીન ઘનશ્યામસિંગ ભીમસીંગ બિહોલા/ઈન્દ્રજીતસિંગ ભીમસિંગ બિહોલા ને વેચાણ આપવાની હોઈ સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ (અભિપ્રાય) ની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિત સંબંધ, દાવો, અલાખો, બોજો, તારણ, ચાર્જ, લીયન, ગણોતહક્ક, વારસાઈ હક્ક, તકરાર અગર કોઈપણ પ્રકારની કોર્ટ કાર્યવાહી ચાલતી હોય કે સદરહુ જમીન અંગે સરકારી બેંક કે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનું લેણું હોય કે કોઈ બાનાચિઠ્ઠી, બાનાખત, વેચાણ કરાર, કબજા કરાર, વેચાણ દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની, રસ્તા કરાર કે અન્ય લખાણો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે પ્રમાણિત પુરાવાઓ સહીત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન ઉપર અન્ય કોઈ પણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત હીસ્સો નથી. અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ માની અમો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ (અભિપ્રાય) આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી. તેની નોંધ લેવી.

તા.૨૫-૧૧-૨૦૨૬
મહેશ બી.પંડીત, એડવોકેટ
૫, સૌદર્યવિલા શોપીંગ, નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯.
મો. :- ૯૩૭૬૭૬૪૭૫૧

જાહેર નોટિસ

જીલ્લો અમદાવાદ, તાલુકો ધાટલોડીયા, મોજે ઘુમાની સીમના બ્લોક નં. ૪૦૨ વિગેરે ની બીનખેતીની જમીન ઉપર ''શ્રી વ્રજશ્યામ કો. ઓ. હા. સો. લી.''ની ''ગ્રીનસીટી''ના નામથી આવેલ પ્લોટીંગ સ્કીમના પ્લોટ નં. ૬૮૧ ની ૫૦૦ ચો.વાર ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન સુનીતાબેન બાબુભાઈ પ્રજાપતિની સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટાની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સર્ટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈપણનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો, દાવો, તકરાર, બોજો ઈત્યાદી કાંઈ પોષાતો હોયતો નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહી અને જે તે શખ્સનો પોષાતો લાગભાગ હકક, હીત, હીસ્સો જતો યાને વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સર્ટિફિકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, વકીલ બ્રીજ પાસે, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદનાં તાલુકે દશક્રોઈનાં મોજે ગામ- વિસલપુરની સીમનાં સર્વે/બ્લોક નંબર ૯૭૫/૧/પૈકી ૧ નો સીટી સર્વે ઓફીસ- સાણંદના વોર્ડ વિસલપુરમાં સમાવેશ થતા ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર NA975/1/p1/5 ની કુલ ૬૫૩૨.૭૩ ચોરસમીટર જમીન પૈકી ૪૧૮૦.૬૦ ચોરસમીટર યાને કે ૫૦૦૦ ચોરસવારની બિનખેતીની જમીન જે નામે - (૧) રાકેશકુમાર કનૈયાલાલ પટેલ (તે ૭૨% જમીનના હિસ્સેદાર) અને (૨) બાવા અમીતપુરી રાજેશપુરી (તે ૨૮% જમીનના હિસ્સેદાર) ની સંયુકત માલિકી અને કબજા ભોગવટાવાળી જમીન બોજા રહિત, નાકરજ તમામ દાવાઓથી મુક્ત અને ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી સદરહુ જમીનનાં ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે. તો સદરહું જમીન બાબતે જો કોઈને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં લેખિત પુરાવા સાથે રજી.આર.પી.એ.ડી. પોસ્ટ મારફતે અમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો સદરહું જમીન ઉપર કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિસ્સો, દાવો કે અન્ય કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો જતા (વેવ) કરેલ છે તેમ સમજી અમો ઉપરોકત જમીન અંગેનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની અચૂક નોંધ લેવી.

સ્થળ - અમદાવાદ
તારીખ - ૨૩/૧૧/૨૦૨૬
PRAGNESH K. BAROT
KUNAL K. BAROT
ADVOCATE'S
Office :- FF/106, Satva Complex, Opp. Bhavin School, Thaltej, Ahmedabad - 380059.
M-98987 96137

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ) તથા તાલુકા મણીનગરના મોજે ગામ બાગે-ફીરદોસની સીમના બ્લોક/સર્વે નંબર-૩૫/૧+૨ ના ખાતા નંબર-૬૩૯ ના ક્ષેત્રફળ ૧૨૭૯૯ સમચોરસમીટરની જમીન (સદરહુ જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નંબર-૧ (ખોખરા-મહેમદાવાદ-ઘોડાસર) માં થતાં ફાઈનલ પ્લોટ નંબર-૧ ફાળવવામાં આવેલ છે) ''સી. મોહનલાલ પ્રાઈવેટ લીમીટેડ'' એ નામની કંપની કે જેની રજીસ્ટર્ડ ઓફીસ :- સી.ટી.એમ ટેક્ષટાઈલ મીલ્સ, સી.ટી.એમ ચાર રસ્તા, રામોલ રોડ, અમદાવાદ ની માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે તેના વતી તેના ડિરેકટરશ્રી કનકમલ ભંવરલાલ બોથરા એ સદરહુ જમીન તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ- ૨૪/૧૧/૨૦૨૬.
હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ ગાંધીનગરના માણસા તાલુકાના મોજે અંબોડ ગામની સીમના સર્વે / બ્લોક નંબર-૬૩૫ (રી-સર્વે અગાઉનો જુનો સર્વ નંબર-૩૯૨) પૈકીની ૧૯૪૩ ચોરસમીટર બીનખેતીની જમીન ઉપર આવેલ યોજના ''રોમન વેલી''માં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નંબર-૮ ની આશરે ૧૭.૬૫ ચોરસમીટર એરીયાના બાંધકામ સહીતની મિલકત સિધ્ધરાજસિંહ શંકરસિંહ ચાવડાની એ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે તો સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ વિગેરે રહેલ/કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લ

ભારતે તત્કાળ સહાયની તૈયારીઓ શરૂ કરી

નેપાળમાં ૫.૬નો ધરતીકંપ : ભૂતાન, પૂર્વોત્તર ભારત, બાંગ્લાદેશ પણ ધ્રૂજ્યાં

કાઠમંડુ, તા. ૨૪

નેપાળની તિબેટ (ચીન)ની સરહદે મંગળવારે સવારે ૭.૧૭ કલાકે ૫.૬ અંકનો ધરતીકંપ થયો હતો. તેનુ કેન્દ્ર તપલીજુંગ જિલ્લામાં આવેલા ઑવાનચુંગ ગોળામાં હોવાનું નેશનલ અર્થક્વેક મોનીટરીંગ એન્ડ રીસર્ચ સેન્ટરે જણાવ્યું હતું. તે સ્થળ કાઠમંડુથી પૂર્વે ૨૭૫ કિ.મી. દૂર આવેલું છે. યુરોપિયન- મેડીટેટ સ્થિત સીસ્મોલોજીકલ સેન્ટર (ઇએમએસસી) જણાવે છે કે, તે ભૂકંપની તીવ્રતા ૫.૩ની હતી પરંતુ તે માત્ર ૧૦ કિ.મી.ની ઉંડાઇએ જ થયો હતો. સહજ છે કે, આટલી ઓછી ઉંડાઇએ ભૂકંપ થયો હોવાથી નુકસાન વધુ થયું હોઇ શકે પરંતુ મંગળવારે બપોર સુધી તો જાનમાલની નુકસાનીની ખબર મળી શકી નથી.

પૂર્વ નેપાળમાં થયેલા આ ભૂકંપથી ઉત્તર બંગાળના કેટલાક વિસ્તારો દાર્જીલિંગ, જલપાઈગુરી, કુચ-બિહારમાં તેમજ ભૂતાન તથા પૂર્વોત્તર ભારતમાં ધ્રૂજારી થઈ હતી. આ ભૂકંપની જાણ થતાં ભારતે સહાય માટે તત્કાળ તૈયારીઓ શરૂ કરી હતી પરંતુ હજી નુકસાનીની માહિતી મળી નથી.

ઉલ્લેખનીય છે કે, રવિવારે સવારે જાપાનના મધ્યભાગમાં ૫.૭ અંકનો ભૂકંપ થયો હતો તેથી ઘરોના બારી-બારણા તૂટી પણ ગયા હતા. દુકાનોના બારણા પણ તૂટી ગયા હતા તે ભૂકંપને લીધે, કેટલાક મકાનો પણ ધરાશાયી થયા હતા તેથી ૨૨ જણાને ઈજાઓ પણ થઈ હતી. ભૂકંપની ધ્રુજારી શરૂ થતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા.

જો કે, યુ.એસ. જ્યોલોજિકલ સર્વેના જણાવ્યા પ્રમાણે તે ભૂકંપની તીવ્રતા ૫.૫ની હશે આ ભૂકંપ રાત્રે ૧.૦૪ વાગે થયો હોવાથી લોકોમાં ભારે ગભરાટ વ્યાપી ગયો હતો. શીઝાઓકા પ્રીફેક્ચર સ્થિત એચી અને શીઝાઓકા શહેરમાં આ ભૂકંપની સૌથી વધુ અસર થઈ હતી તે ૪૦ કી.મી.ની ઉંડાઈએ શરૂ થયો હતો. મધરાત પછી થયેલા આ ભૂકંપે સહજ રીતે લોકોમાં ગભરાટ ફેલાવી દીધો હતો. લોકો ઉંઘમાંથી ઝબકી, જાગી, માર્ગો ઉપર દોડી ગયા હતા.

ભારતીય સંરક્ષણ

(પહેલા પાનાનું ચાલુ)

એજન્સીઓને શંકા છે. એક મામલો પણ સામે આવ્યો છે, જેમાં એક પાકિસ્તાની જાસૂસે પોતાની ઓળખ છૂપાવીને ગ્રુપમાં જગ્યા બનાવી હતી, આ એજન્ટે પોતાની ઓળખ સોનિયા તરીકે આપી હતી અને પોતે ડીઆરડીઓની વૈજ્ઞાનિક હોવાનો દાવો પણ કર્યો હતો. એજન્સીને એવી શંકા છે કે ગ્રુપમાં સામેલ કેટલાક લોકોએ રૂપિયા લઈને સંવેદનશીલ માહિતી ગ્રુપમાં મુકી હોઈ શકે છે. જોકે આ મુદ્દે હાલ વિસ્તૃત તપાસ કરવામાં આવી રહી છે.

દેશમાં મંદિરોની

(પહેલા પાનાનું ચાલુ)

જોઈ શકે. દાનની ગણતરી માટેના રૂમમાં તમામ ખુણે ઉચ્ચ ક્વોલિટીના સીસીટીવી કેમેરા લગાવવામાં આવે, બનાવટી નોટો પકડવા માટે મશીન લગાવવામાં આવે. બદરીનાથ મંદિરમાં આવેલા દાનની ગણતરી સમયે ગેરરિતી થઈ હોવાનો મુદ્દો સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવ્યો હતો જે બાદ ત્રણ સભ્યોની એસઆઈટી રચાઈ હતી. આ એસઆઈટીએ દાનમાં ગેરરિતી થઈ હોવાની વાત કબુલી હોવાના અહેવાલો છે. એવા અહેવાલો છે કે એસઆઈટીને કેટલાક મંદિરોની સુરક્ષા વ્યવસ્થા મજબુત લાગી હતી તેથી આવા મંદિરોને અન્ય મંદિરોએ પણ અનુસરવા જોઈએ તેવી ભલામણ પણ કરવામાં આવી છે.

યુક્રેનને મદદ

(પહેલા પાનાનું ચાલુ)

ભાંગફોડનો પ્રયત્ન કરવાનો આરોપ મૂકાયો હતો. આ મહિને અગાઉ ઈંગ્લેન્ડમાં બેઝ ધરાવતા અમેરિકન સૈનિકની રશિયા વતી જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલેન્ડ, રોમાનિયા અને અન્ય નાટો દેશોએ જણાવ્યું હતું કે તેઓ મોસ્કો સમર્થિત કેટલીય ભાંગફોડનો ભોગ બન્યા છે.

અધિકારીએ દેશની સુરક્ષાને નુકસાન કર્યાનો આરોપ

ચીને બીજા દેશ માટે જાસુસી કરનાર અધિકારીને મૃત્યુદંડ ફટકાર્યો

બેઇજીંગ, તા. ૨૪

ચીનના એક અધિકારીને વિદેશી દેશ સાથે જાસુસી કરવા બદલ મૃત્યુદંડની સજા ફરકારવામાં આવી હોવાનું સરકાર સાથે જોડાયેલા પ્રકાશને જણાવ્યું હતું.

અમેરીકી ગુપ્તચર એજન્સી ચીનમા સોર્સ ઊભા કરવા પ્રચાર કરતા સમયે આ વિગતો બહાર આવી

ચીનના નેશનલ એડમિનિસ્ટેશન ઓફ સ્ટેટ સિક્રેટ્સ પ્રોટેકશન સાથે જોડાયેલ પ્રકાશન કંપનીએ જણાવ્યું હતું કે દોષિચ વ્યક્તિની અટક મા છે, અને વિદેશમા કામ કરતી વખતે વિદેશી ગુપ્તચર સેવા દ્વારા તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેને સાથે કામ કરવા માટે તૈયાર કર્યા હતાં.

ચીની અદાલતો સામાન્ય રીતે રાજ્ય સુરક્ષાના કેસોની માહિતી પ્રકાશિત કરતી નથી પરંતુ તાજેતરના વર્ષોમાં રાજ્ય સુરક્ષાના શક્તિશાળી મંત્રાલય અને ગોલ્ડ વોલ પ્રેસે ધરપકડનો વધુ પ્રચાર કર્યો છે અને જાસૂસી વિશે ચેતવણીઓને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મીડિયા, ફિલ્મો અને કોમિક્સ નો ઉપયોગ કર્યો છે.

નિવેદન અનુસાર મા ને ગોપનીયતા અને વફાદારી સાથે જોડાયેલ શરતો વાળા સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં.

વૈભવ સૂર્યવંશીના

(પહેલા પાનાનું ચાલુ)

રેકોર્ડ. ડિ વિલિયર્સનો ૩૩૮.૬૩ (સાઉથ આફ્રિકા તરફથી વિન્ડિઝ સામે, જોહનીસબર્ગ, ૨૦૧૫)નો રેકોર્ડ તોડ્યો.

૪૦ : લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ ૧૫૦ રનનો વર્લ્ડ રેકોર્ડ. અગાઉનો ૫૯ બોલ ૧૫૦ રન (બિહાર તરફથી વિ. અરુણાચલ, ૨૦૨૫) પુરા કરવાનો રેકોર્ડ પણ વૈભવના નામે હતો.

અકાલી દળની

(પહેલા પાનાનું ચાલુ)

નવિને કહ્યું હતું કે યોગ્ય સમય આવશે ત્યારે બેઠકોની ફાળવણી અંગે નિર્ણય લેવામાં આવશે. ગઠબંધન બાદ ભાજપે અકાળી દળને 'મોટા ભાઈનો દરજ્જો આપ્યો હતો, અને કહ્યું હતું કે જે મોટા ભાઈ હોય તે જ મુખ્યમંત્રી બને. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર ટ્વિટ કરીને કહ્યું હતું કે અકાલી દળ એનડીએ પરિવારમાં પરત આવ્યું તે આનંદની વાત છે, બન્ને પક્ષો સાથે મળીને પંજાબને નવી ઉંચાઇ પર લઇ જશે. જ્યારે પ્રેસ કોન્ફરંસમાં ભાજેપ કહ્યું હતું કે ટૂંક સમયમાં પંજાબ અંગે ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવશે. અકાલી દળના વડા સુખબીરસિંહ બાદલે કહ્યું હતું કે આ માત્ર કોઈ રાજકીય ગઠબંધન નહીં પરંતુ લાગણીઓ સાથે જોડાયેલા સંબંધો છે.

જન્મ સ્થળ અંગે વિસંગતતાને કારણે જવા ન દેવાયા

બ્રિટન જઈ રહેલા સીજેપી નેતા સૌરવ દાસને એરપોર્ટ પર જ અટકાવાતા વિવાદ

નવી દિલ્હી, તા. ૨૪

કોકરોચ જનતા પાર્ટીનાં સહ સંયોજક સૌરવ દાસને અડધી રાતે દિલ્હીનાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (આઈજીઆઈ) પર બ્રિટન જતા રોકવામાં આવતા વિવાદ થયો છે.

પાસપોર્ટમાં દર્શાવેલા જન્મ સ્થળ અંગે જોવા મળેલી વિસંગતતા અંગે પાસપોર્ટ ઓફિસે નોટિસ ફટકારી

સૌરવદાસનાં જન્મ સ્થળ અંગે જોવા મળેલી વિસંગતતાઓ અંગે ચાલી રહેલી તપાસને કારણે તેમને વિદેશ યાત્રા કરવાથી રોકવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે સીજેપી નેતાને નોટિસ પણ ફટકારવામાં આવી છે.

સીજેપી નેતા સૌરવ દાસનાં પાસપોર્ટમાં બતાવવામાં આવેલા જન્મ સ્થળ અંગે વિસંગતતાઓ જોવા મળી છે અને આ જ કારણે ચેન્નાઈની રિજિયોનલ પાસપોર્ટ ઓફિસ (આરપીઓ) એ તેને જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર આરપીઓએ ૨૩ નવેમ્બરે સૌરવ દાસને કારણ દર્શક નોટિસ જારી કરી હતી અને વિસંગતતા અંગે સાત દિવસની અંદર જવાબ માંગવામાં આવ્યો હતો.

નોટિસમાં તેમને જાણ કરી દેવામાં આવી હતી કે જવાબ મળવા સુધી તે આ પાસપોર્ટનો ઉપયોગ કરી શકશે નહીં.

આ અંગે પ્રતિક્રિયા આપતા સૌરવ દાસે સરકાર પર યુવાનોનાં નેતૃત્વવાળા આંદોલનથી ડરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સરકાર આ અભિયાનને દબાવવાનાં પ્રયત્નો કરી રહી છે.

આ માટે તે નેતાઓને વિદેશ જવાથી રોકી રહી છે, દેખાવો પર પ્રતિબંધ મૂકી રહી છે અને સોશિયલ મીડિયા કન્ટેન્ટને સેન્સર કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે તેમને ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં એક કાર્યક્રમમાં કોકરોચ આંદોલન પર બોલવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતાં.

સરકાર યુવાનોનાં નેતૃત્વવાળા આંદોલનથી ડરી રહી હોવાથી સીજેપી નેતાઓને વિદેશ જવાથી રોકી રહી છે : સૌરવ દાસ

યુક્રેન યુદ્ધમાં

(પહેલા પાનાનું ચાલુ)

સૌથી મોટો આંકડો છે. હવે યુક્રેનના લશ્કરમાં કેટલા મોટાપાયા પર જાનહાનિ થઈ છે, તેના આંકડા હજી મળ્યા નથી. યુક્રેનના લશ્કરને પણ નોંધપાત્ર ફટકો પડ્યો હોવાનું મનાય છે. જો કે તે વ્યાપક પાયા પર સ્વીકારી લેવાયું છે કે યુક્રેન કરતાં રશિયન સૈનિકોની જાનહાનિ વધારે પ્રમાણમાં થઈ છે. સામાન્ય રીતે ડિફેન્સ કરનારા કરતાં આક્રમણ કરનારા દેશો વધારે નુકસાન સહન કરતાં હોય છે. આટલા જંગી મૃત્યુઆંક છતાં પુતિન હજી પણ અટકવાનું નામ લેતા નથી. તેમને યુક્રેન તો ઠીક પોતાના સૈનિકોની પણ ચિંતા નથી. રશિયાએ યુક્રેનના ઝાપોરિજઝિયા પર કરેલા હુમલામાં બેના મોત થયા હતા અને ૪૦ને ઈજા થઈ હતી.

રશિયા દર શિયાળાની જેમ આ વખતે પણ ફરીથી યુક્રેનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વીજમથકોને નુકસાન પહોંચાડી રહ્યુ છે, જેથી યુક્રેનિયનોની સ્થિતિ વધુ ખરાબ થાય. યુએનનું કહેવું છે કે યુદ્ધમાં અત્યાર સુધી ૧૮ હજારથી વધુ યુક્રેનના નાગરિકો મૃત્યુ પામ્યા છે અને ૫૭ હજારથી વધારે ઈજા પામ્યા છે.

વૈભવનો વિસ્ફોટ

(પહેલા પાનાનું ચાલુ)

બોલનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો. મેકગર્કે ૨૦૨૩માં સાઉથ ઓસ્ટ્રેલિયા તરફથી તાસ્માનિયા સામે આ રેકોર્ડ સર્જ્યો હતો. આ પછી તેણે બીજા ૨૪ બોલમાં એટલે કે કુલ બાવન બોલમાં ૨૦૦ રન પુરા કર્યા હતા અને લિસ્ટ-એ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ બેવડી સદીનો વર્લ્ડ રેકોર્ડ ૫૧ બોલના અંતરથી તોડી નાંખ્યો હતો. અગાઉનો ૧૦૩ બોલનો વર્લ્ડ રેકોર્ડ ન્યુઝીલેન્ડના ચાડ બોવેસે સેન્ટરબરી તરફથી ઓટાગો સામે ૨૦૨૪માં જ નોંધાવ્યો હતો.

૧૫ વર્ષના ભારતીય ઓપનરે લિસ્ટ-એ મેચની ૧૦૦ કે વધુ રનની ઈનિંગમાં હાઈએસ્ટ સ્ટ્રાઈકરેટનો ડિવિલિયર્સનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો. વૈભવે ૩૮૪.૯૦ના સ્ટ્રાઈકરેટથી આ રન ફટકાર્યા હતા. ડિ વિલિયર્સે સાઉથ આફ્રિકા તરફથી વિન્ડિઝ સામે જોહનીસબર્ગ વન ડેમાં ૩૩૮.૬૩ના સ્ટ્રાઈકરેટથી રન ફટકાર્યા હતા.

૨૦૨૨-૨૩માં ઈરાનના અમાનવીય કાયદા સામે હિંસક દેખાવોમાં મહિલાઓ સહિત ૫૦૦થી વધુનો ભોગ લેવાયો હતો

જાહેરમાં હિજાબ

(પહેલા પાનાનું ચાલુ)

આપવામાં આવી છે.

પશ્ચિમી દેશોની સરકારો તથા માનવ અધિકાર જૂથોએ કોરડા મારવાની સજાને આંતરરાષ્ટ્રીય કાનૂન ઉલ્લંઘન કરવા સમાન ગણાવી તેની ઉગ્ર ટીકા કરી છે. ફરજિયાત હિજાબ પહેરવાના ઈરાનના કઠોર કાયદાના વિરોધમાં અગાઉ મહિલાઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરાયા હતા જેમાં મોટી સંખ્યામાં પુરુષો પણ સામેલ થયા હતા. આ હિંસક વિરોધમાં અનેક મહિલાઓએ પોતાના વાળ પણ કાપ્યા હતા અને હિજાબ, બુરખા સળગાવ્યા હતા. તેમાં અગ્રીમ ભાગ લેનારી ઈરાની મહિલા મહસા અમીચીનું કસ્ટડીમાં જ મૃત્યુ થતા જનતા રણે ચઢી પણ હતી છતાં તે કાળો કાયદો યથાવત્ રખાયો છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

આવ્યા છે. અમિત શાહે જાહેર કર્યું છે કે અકાલી દળ મોટા ભાઈની ભૂમિકામાં રહેશે. ચૂંટણી જીત્યા પછી અકાલી દળના નેતા જ મુખ્યમંત્રી બનશે. બંને પક્ષો ભેગા મળીને પંજાબમાં ત્રણ વખત સરકાર બનાવી ચૂક્યા છે. કૃષિ સુધારા કાયદાઓને લઈને સપ્ટેમ્બર ૨૦૨૦માં ૨૪ વર્ષબાદ બંનેનું ગઠબંધન તૂટી ગયું હતું. આપ અને કોંગ્રેસને સત્તાથી દુર રાખવા માટે ભાજપે અકાલી દળ સાથે ગઠબંધન કર્યું છે.

પશ્ચિમ બંગાળનું નામ બદલવા માટે ૯મી ડિસેમ્બરે વિધાનસભામાં પ્રસ્તાવ મૂકાશે

પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર રાજ્યનું નામ બદલીને 'પશ્ચિમ બંગા' કરવા માંગે છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના જણાવ્યા પ્રમાણે નામ બદલવાનો પ્રસ્તાવ ૯મી ડિસેમ્બરે વિધાનસભામાં રજૂ થશે. પ્રસ્તાવ પસાર થયા પછી કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે જ્યાં નામ બદલવાની સંસદીય અને કાયદાકીય પ્રક્રિયા પૂરી થશે. અંગ્રેજીમાં પણ રાજ્યનું નામ 'વેસ્ટ બંગાળ'ને બદલે 'પશ્ચિમ બંગા' રહેશે. પશ્ચિમ બંગાળની રચનાનો ઈતિહાસ ૨૦ જૂન ૧૯૪૭ સાથે જોડાયેલો છે અને નવા નામથી ઈતિહાસને માન્યતા આપવામાં આવશે. ઘણા લાંબા સમયથી ભાજપ 'પશ્ચિમ બંગા' નામને રાજ્યની રચના અને વિભાજનના ઈતિહાસ સાથે જોડી રહ્યો છે. ૧૯૪૭માં બંગાળના વિભાજન પછી પૂર્વ વિભાગને પૂર્વ બંગાળ, જે હવે બાંગ્લાદેશ છે કહેવામાં આવ્યું હતું.

પંજાબમાં આપએ ચૂંટણીનો શંખનાદ ફૂંક્યો

પંજાબમાં ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓની વચ્ચે આમ આદમી પાર્ટી ૨૬ નવેમ્બરે પોતાના ૧૪મા સ્થાપના દિવસ પર મોઘા ખાતે શક્તિ પ્રદર્શન કરશે. પક્ષે આ મોકા પર એક મોટી રેલીનું આયોજન કર્યું છે. અત્યાર સુધી જાહેર કરવામાં આવેલા વિધાનસભાની ચૂંટણીના તમામ એટલે કે ૭૧ ઉમેદવારો આ રેલીમાં હાજર રહેશે. મુખ્યમંત્રી ભંગવત સિંહ માન અને પક્ષના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ આ મંચ પર હાજર રહેશે. પ્રદેશના રાજકારણમાં પહેલી વખત આપે જાહેર કરેલા ૭૧ ઉમેદવારો રાષ્ટ્રીય અને પ્રદર્શના નેતૃત્વ સાથે દેખાશે. આ સિવાય આમ આદમી પાર્ટીના તમામ હોદેદારો પણ રેલીમાં હાજર રહેશે. આ રેલી માટે મોઘાને પસંદ કરવા માટે પણ રાજકીય કારણ છે. માલવાની વચ્ચે આવેલું મોઘા પહેલેથી જ મોટી રાજકીય રેલીઓનું કેન્દ્ર રહ્યું છે.

બાબા રામદેવને બાબા બાગેશ્વર સાથે શું વાંકુ પડ્યું?

ઉત્તર પ્રદેશના દબગ રાજકારણી રાજા ભૈયાએ કુંડા ખાતે કથાકાર ધિરેન્દ્ર શાસ્ત્રીની રામકથાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ભારે સફળ રહ્યો હતો. જોકે આ કાર્યક્રમની સફળતા યોગગુરુ રામદેવને ગમી લાગતી નથી. બાબા રામદેવે કડવાશથી કહ્યું હતું કે, આવા લોકો પાંખડનો સહારો લઈને લોકોમાં ભ્રમ ફેલાવે છે. એમનાથી દુર રહેવું જોઈએ. બાબા બાગેશ્વરએ મધ્યપ્રદેશમાં એક કાર્યક્રમ દરમિયાન ભગવાન રામ અને કૃષ્ણની સરખામણી કરવાથી મોટો વિવાદ થયો હતો. એ વખતે પણ બાબા રામદેવે બાબા બાગેશ્વર વિરુદ્ધ નિવેદન કર્યું હતું. એ વખતે બાબા રામદેવે એવી ટીકા કરી હતી કે, 'કેટલાક લોકોએ વેદ, પુરાણ, રામાયણ કે મહાભારત વાંચ્યા નથી. એમને લોકશાહી કે બંધારણ વિશે પણ ખબર નથી. ગમે ત્યાંથી બકવાસ કર્યા કરે છે. જોકે બાબા બાગેશ્વરે બાબા રામદેવની ટીકાનો કોઈ જવાબ હજી સુધી આપ્યો નથી.'

લંડન જતા રોકવાથી સૌરવ દાસે બળાપો કાઢ્યો

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતા સૌરવ દાસે એવો આક્ષેપ કર્યો છે કે, એમને લંડન જતા રોકવામાં આવ્યા હતા. ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને એમણે એવો દાવો કર્યો છે કે તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં લેક્ચર આપવા જવાના હતા, પરંતુ દિલ્હી એરપોર્ટ પર ઈમીગ્રેશન કાઉન્ટર પર એમને અટકાવવામાં આવ્યા હતા. જોકે સત્તાવાર મળેલી જાણકારી પ્રમાણે સૌરવ દાસને ઓક્સફર્ડ યુનિવર્સિટી નહીં પરંતુ ઓક્સફર્ડ યુનિયનમાં ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ચર્ચા પહેલી ડિસેમ્બરે યોજાવાની છે. સૌરવ દાસને કોકરોચ મૂવમેન્ટ માટે બોલવાનું કહેવામાં આવ્યું હતું. સૌરવ દાસને રોકવામાં આવવાથી સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ સરકારની ટીકા કરીને કહ્યું હતું કે લોકોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

મોહમદ યુનુસ બાંગ્લાદેશમાં ફરીથી આગ ભડકાવી રહ્યા છે


બાંગ્લાદેશમાં જેન ઝીને ઉશ્કેરીને હિંસા ફેલાવી શેખ હસીનાને સત્તા ભ્રષ્ટ કરનાર મોહમદ યુનુસ હવે પોતે તકલીફમાં મૂકાઈ ગયા છે. શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરવા માંગતા હોવાથી બાંગ્લાદેશમાં તણાવ છે. આ પરિસ્થિતિમાં મોહમદ યુનુસ, શેખ હસીનાના પક્ષ આવામી લીગ વિરુદ્ધ આંદોલન કરવાના છે.

મળતી માહિતી પ્રમાણે મોહમદ યુનુસએ કેટલાક કલાકો માટે બાંગ્લાદેશની યાત્રાઓ કરી હતી. એ વખતે એમણે એનસીપીના નેતા નાહિદ ઈસ્લામ અને આસીફ મહેમુદ સાથે મીટીંગ કરી હતી. આ પક્ષ ૨૦૨૪માં હસીના વિરોધી આંદોલન કરનાર વિદ્યાર્થીઓએ બનાવ્યો છે. યુનુસ સાથેની મીટીંગ પછી આ નેતાઓએ વડાપ્રધાન તારીક રહેમાન સાથે મીટીંગ કરી હતી. શેખ હસીનાની પરત ફરવાની યોજના વચ્ચે તારીક રહેમાન વિરોધ પક્ષો સાથે વાતચીત કરી રહ્યા છે. બાંગ્લાદેશના જમાત-એ-ઈસ્લામીના પ્રતિનિધિઓ સાથે પણ બધા ભેગા મળવાના છે.

કેરલમમાં માતા-પિતાની ઉપેક્ષા કરનારને ત્રણ વર્ષની જેલ થશે

કેરલમના મુખ્યમંત્રી વીડી સતિષનએ જાહેરાત કરી છે કે માતા-પિતાની સંપત્તિ લીધા પછી એમની ઉપેક્ષા કે એમની સાથે દુરવ્યવહાર કરનાર સંતાનોને ત્રણ વર્ષની સજા થશે. રાજ્ય વિધાનસભામાં સિનિયર સીટીઝન્સની સારસંભાળ અને સુરક્ષા માટે બીલ પસાર કરવામાં આવ્યું છે.

આ બીલ ઓક્ટોબર મહિનામાં પસાર થયું હતું. મુખ્યમંત્રી પથાનાપુરમના ગાંધી ભવન ખાતે વૃદ્ધ પુરુષો માટે બનાવવામાં આવેલા રહેઠાણોનું ઉદઘાટન કરી રહ્યા હતા. એ વખતે એમણે આ માહિતી આપી હતી. વૃદ્ધો માટેના આ રહેઠાણનું નામ પિતૃ મંદિરમ છે. દેશના બીજા રાજ્યો કરતા કેરલમના મુખ્યમંત્રી વૃદ્ધોની તકલીફો વધુ સારી રીતે સમજી શકે છે. સત્તામાં આવ્યા પછી કેરલમ સરકારે સૌથી પહેલો નિર્ણય વૃદ્ધો માટે અલગ વિભાગ બનાવવાનો લીધો હતો.







આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : બેંકના, વીમા કંપનીના, શેરોના કામકાજમાં સાનુકૂળતા મળી રહે. કૌટુંબિક-પારિવારીક કામકાજ અંગે દોડધામ-શ્રમ જણાય.

વૃષભ : આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત થતી જાય. રાજકીય-સરકારી કામકાજ અંગેની મુલાકાતમાં સાનુકૂળતા મળી રહે.

મિથુન : કોર્ટ-કચેરીના કામમાં આપે સાવધાની રાખવી પડે. ઉતાવળ કરવી નહીં. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાંભીડ જણાય.

કર્ક : આપના કામની કદર-પ્રશંસા થવાથી આનંદ થાય. કામ કરવાનો ઉત્સાહ રહે. સીઝનલ ધંધામાં લાભ-ફાયદો મળી રહે.

સિંહ : આપના કાર્યની સાથે ઘર-પરિવાર- સગા-સંબંધીવર્ગ- મિત્રવર્ગના કામકાજ અંગે દોડધામ-શ્રમ જણાય. ખર્ચ જણાય.

કન્યા : નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુ વર્ગનો સાથ-સહકાર મળી રહે.

તુલા : દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી-બેચેની જેવું લાગ્યા કરે. તબીયતની અસ્વસ્થતાને લીધે કામ કરવાની ઈચ્છા થાય નહીં.

વૃશ્ચિક : આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. પરંતુ વિચારોની અસમંજસતા-દ્વિધા અનુભવાય, ઉચાટ રહે.

ધન : સીઝનલ ધંધામાં આપે ગ્રાહકવર્ગનું ધ્યાન રાખવું પડે. માલનો વધુ પડતો ભરાવો કરવો નહીં. વાદ-વિવાદથી સંભાળવું પડે.

મકર : આપની મહેનત- અનુભવ- આવડત- બુદ્ધિથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી આપને લાભ-ફાયદો મળી રહે.

કુંભ : આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. વાહન ચલાવવામાં ઉતાવળ કરવી નહીં.

મીન : આપના કામમાં ઉપરીવર્ગ - સહકાર્યકરવર્ગ - નોકર-ચાકર વર્ગ મદદરૂપ થવાના પ્રયાસ કરે. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૫/૧૧/૨૦૨૬,બુધવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ પસાર થાય. **નોકરી-ધંધો :** નોકરી-ધંધામાં વર્ષના પ્રારંભ અને અંતમાં તકલીફ-પ્રતિકૂળતા રહે. કામમાં કોઈને કોઈ રૂકાવટ આવ્યા કરે. તેમાં પણ વર્ષનો ઉત્તરાર્ધ વધુ પીડાદાયક રહે. વર્ષની મધ્યમાં આપને કામમાં સરળતા રહે. આપના કામની કદર-પ્રશંસા થાય. આપને નવી તક પ્રાપ્ત થાય. **નાણાંકીય સુખાકારી :** નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. જમીન-મકાન-વાહન અંગે ખર્ચ-ખરીદી જણાય. ઉધારી ફસાઈ ન જાય તેની તકેદારી રાખવી. નવા નાણાંકીય જોખમ વધારવા નહીં. જાવકનું પ્રમાણ વધી જવાને લીધે મુશ્કેલી અનુભવો. **વિદ્યાર્થીવર્ગ :** વિદ્યાર્થીવર્ગ માટે વર્ષ ઠીક છે. વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહ્યા વગર વર્ષના પ્રારંભથી જ અભ્યાસની તૈયારી શરૂ કરી દેવી. મિત્રવર્ગની મુશ્કેલી અનુભવાય. પરીક્ષા સમયે હતાશા-નિરાશાથી સંભાળવું પડે.

દક્ષિણ એશિયાઈ અને બૌદ્ધ દેશ લાઓસમાં કાર્તિક પૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી




દક્ષિણ એશિયાઈ દેશોમાં મુખ્યત્વે બૌદ્ધ પરંપરા વધુ પ્રમાણમાં જોવા મળે છે. આવા જ એક દેશ લાઓસમાં બૌદ્ધ પરંપરાનું પાલન કરતાં લુઆંગ ફેસ્ટિવલની ઉજવણી થઈ હતી. પાંચ દિવસનો આ તહેવાર ૨૦થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાયો હતો. આ વખતના તહેવારની ઉજવણીની થીમ હતી બધા સાથે મળીને લાઓ સંસ્કૃતિની જાળવણી કરીએ. તેમા પરપરાગત ધાર્મિક પૂજાવિધિઓ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લાઓસના વિએન્ટિનમાં લોકોએ આ ઉજવણીમાં ઉત્સાહ અને આનંદપૂર્વક ભાગ લીધો હતો. તહેવાર હોઈ આખો દેશ હિલોળે ચઢ્યો હતો. પાંચ દિવસ સુધી ચાલેલા આ તહેવારમાં લોકોએ આનંદ અને ઉત્સાહપૂર્વક જ નહીં તેની સાથે શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. જનઉન્માદનો કોઈ પાર પણ ન હતો. લોકોએ વિધિપૂર્વક અને પરંપરાગત રીતે તેમના તહેવારની ઉજવણી કરી હતી. કાર્તિક જયંતિનું દક્ષિણ એશિયામાં અનૂ બૌદ્ધોમાં આગવું અને વિશેષ મહત્ત્વ છે. આ દિવસે લોકો મંદિરમાં જઈ વિશેષ પૂજા કરે છે, મંદિરમાં વિશેષ પૂજા કરતા હોય છે. લોકો રંગબેરંગી ફૂલોનો શણગાર કરે છે, મીણબત્તી પ્રગટાવે છે, વિવિધ પ્રકારે પૂજા કરે છે.એકબીજાના ઘરે જાય છે.

બન્ને છ વર્ષ પછી સાથે દેખાશે

જોન અબ્રાહમની ફોર્સ થ્રીમાં નોરા ફતેહીનું આઈટમ સોંગ

મુંબઈ, તા. ૨૪

જોન અબ્રાહમ અને હર્ષવર્ધન રાણેને ચમકાવતી 'ફોર્સ ૩' ફિલ્મમાં ખાસ આઈટમ સોંગ માટે નોરા ફતેહીને પસંદ કરવામાં આવી છે. નોરા ફતેહી અને જોન અબ્રાહમ છ વર્ષ બાદ ફરી સાથે કામ કરશે.



અગાઉ નોરા અને જોન ની જોડીએ ૨૦૧૮માં 'સત્યમેવ જયતે' ફિલ્મમાં દિલબર, ૨૦૧૯માં 'બાટલા હાઉસ'માં ઓ સાકી સાકી અને ૨૦૨૧માં 'સત્યમેવ જયતે ટુ'માં કુસુ કુસુ જેવા હીટ આઈટમ સોંગ આપ્યા છે. હવે ૧૯ માર્ચ ૨૦૨૭માં રિલિઝ થનારી ફિલ્મ 'ફોર્સ ૩'માં ફરી એકવાર જોન અને નોરાની જોડી કેવો રંગ જમાવે છે તેના પર બધાંની નજર હશે. ૨૦૧૧માં 'ફોર્સ' અને ૨૦૧૬માં 'ફોર્સ ૨' રજૂ થઈ હતી. હવે 'ફોર્સ ૩' આવી રહી છે.

આયુષમાન સારો ગાયક પણ હોવાથી ફિટ બેસશે

સંત કબીરની ભૂમિકાની હોડમાં આયુષમાન સૌથી મોખરે

મુંબઈ, તા. ૨૪

સંત કબીરની બાયોપિક 'કબીરા' બની રહી છે. તેમાં મુખ્ય ભૂમિકા માટે આયુષમાન ખુરાના સૌથી મોખરે છે.


'યેહ પ્રેમ મોલ લિયા' ફિલ્મના સહનિર્માતા મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા પંદરમી સદીમાં કાશીમાં થઇ ગયેલા સંત કબીરના જીવન પર આધારીત એપિક મ્યુઝિકલ ડ્રામા ફિલ્મ કબીરાનું શૂટિંગ ૨૦૨૭ના પ્રારંભે જ શરૂ કરી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. સહનિર્માતા 'યેહ પ્રેમ મોલ લિયા' ફિલ્મમાં આયુષમાન ખુરાનાના કામથી ખુશ હોઈ તેઓ ખુરાનાને આ ફિલ્મમાં પણ રિપિટ કરવા માંગે છે. ખુરાના જો આ ફિલ્મ માટે ૨૦૨૭માં તારીખો ફાળવી નહીં શકે તો તેના સ્થાને કોઇ નવોદિત એક્ટરને તક આપવામાં આવશે.

જોકે તે પહેલાં ૨૬૦ કરોડની કમાણી કરી લીધી

અમેરિકામાં રામાયણ ત્રીજા સપ્તાહમાં જ ૭૫૨ થિયેટરમાંથી ઉતારી લેવાઈ

મુંબઈ, તા. ૨૪

ત્રીજા અઠવાડિયામાં જ રણબીર અને સાઈ પલ્લવીની 'રામાયણ ભાગ વન' ફિલ્મનો જાદુ ઓસરવા માંડ્યો છે. નોર્થ અમેરિકામાં 'રામાયણ' ફિલ્મ ત્રીજા અઠવાડિયામાં ૭૫૨ થિયેટર્સમાંથી ઉતરી ગઈ હતી. જો કે, નિતેશ તિવારીની 'રામાયણ' ફિલ્મે દુનિયાભરમાંથી કુલ ૧૭૦૪.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. નોર્થ અમેરિકામાં 'રામાયણ' ફિલ્મની કમાણી ૨૮ મિલિયન ડોલર્સ થવાને આરે છે. નોર્થ અમેરિકામાં 'રામાયણ' ફિલ્મને પાંચ નવેમ્બરે ૧૪૩૩ થિયેટર્સમાં રજૂ કરવામાં આવી હતી. બીજા અઠવાડિયામાં તેમાંથી ૩૦૦ કરતાં વધારે થિયેટર્સમાંથી ફિલ્મ ઉતરી ગઈ હતી. ત્રીજા અઠવાડિયે એટલે કે ૨૦ નવેમ્બરે માંડ ૬૮૧ થિયેટર્સમાં ફિલ્મ દર્શાવાઈ રહી હતી. આમ, પહેલા અઠવાડિયાની સરખામણીમાં ફિલ્મે ૭૫૨ થિયેટર્સ ગુમાવ્યા છે.



ભારતમાંથી 'રામાયણ' ફિલ્મને ૯૫૫.૪૫ કરોડ રૂપિયાની ચોખ્ખી કમાણી થઈ છે જ્યારે કુલ કમાણી ૧૧૪૧.૬૫ કરોડ રૂપિયા થઈ છે. વિદેશમાંથી અંદાજે ૫૬૩ કરોડ રૂપિયાની કમાણી થઈ છે.


દુનિયાભરમાં ૧૭૦૦ કરોડથી વધુની કમાણી : જોકે હજુ બ્રેક ઈવન બાકી

હું મર્યા બાદ પણ જીવતો રહીશ !

રામગોપાલ વર્માએ એઆઈથી પોતાનો ડિજિટલ ક્લોન બનાવી દીધો

મુંબઈ, તા. ૨૪

રામ ગોપાલ વર્માએ એક્સ પર પોતાનો ડિજિટલ ક્લોન તૈયાર કરી મુકી દીધો છે જે કોઈપણ સવાલોના જવાબો રામુની સ્ટાઈલમાં આપે છે. રામ ગોપાલ વર્માએ જણાવ્યું હતું કે હવે હું મર્યા બાદ પણ મારા વિચારો દ્વારા લોકોની વચ્ચે જીવિત રહીશ. એક એઆઈ એન્જિનિયરે મારો આ ડિજિટલ ક્લોન બનાવ્યો છે.




રામ ગોપાલ વર્માના ડિજિટલ ક્લોનના પહેલા પાના પર જણાવ્યું છે કે મારા નવા વર્ઝનમાં ઘણાં નવા ફિચર્સ ઉમેરવામાં આવશે. આ ડિજિટલ ક્લોન મારા દોસ્તોને ઓળખી કાઢશે. મારી પસંદ અનુસાર ફિલ્મોની સમીક્ષા કરશે અને પોતે પણ કથાઓ લખશે. જેના પરથી એઆઈ દ્વારા લાંબી ફિલ્મ પણ બનાવી શકાશે.

ગયા વર્ષે રામ ગોપાલ વર્માએ શિક્ષણ પર એક લાંબી પોસ્ટ મુકી શિક્ષણ ખતમ થઈ ગયું હોવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે જો એઆઈ લાખો કેસ વાંચી થોડી સેકન્ડઝમાં જ દર્દીઓની બિમારીનું નિદાન કરી શકતું હોય તો મેડિકલ સ્ટુડન્ટે આ શીખવા માટે દસ વર્ષ બગાડવાની શી જરૂર છે? આ કોઈ ડરામણી કલ્પના નથી પણ આજની હકીકત છે.

એઆઈ થોડી સેકન્ડમાં નિદાન કરી શકે તો ૧૦ વર્ષના મેડિકલ શિક્ષણની જરૂર નથી

ઓક્શન હાઉસ ક્રિસ્ટી પહેલી ડિસેમ્બરે ઐતિહાસિક વસ્તુઓની હરાજી કરશે



ક્રિસ્ટી ક્લાસિક વીકના પ્રદર્શનનો પ્રારંભ પહેલી ડિસેમ્બરથી થઈ રહ્યો છે. અહીં વિવિધ પ્રકારની ઐતિહાસિક વારસો અને ધરોહર માનવામાં આવતી વસ્તુઓની હરાજી કરવામાં આવનારી છે. તેમા ૧૭૪૪માં લુઈસ ૧૫મો જે ચાંદીના કપમાં વાઈન પીતો હતો તેની આખી પેર છે. લગભગ પોણા ત્રણસો વર્ષ સુધી આ પ્રકારની વસ્તુ રહેવી જ મોટી વાત છે. લુઈ-૧૫માનું આવું જ ગોલ્ડ અને એનેમલ ટેબલ સ્નફ બોક્સ છે, તે પણ આટલું જૂનું છે. આવું જ એક અન્ય કલેકશન ૧૭૭૧થી ૧૭૭૬ની સાલના ટેબલનું છે. આ ટેબલ ધ બ્લેકવાયર એરિટિકા કલેકશનનો હિસ્સો છે. તે સમયગાળાનું સિલ્વર કોફી પોટ જોઈને તે સમયના રાજા કેવું વૈભવી જીવન જીવતા હતા તેની ઝાંખી થાય છે. આવો જ એક અમૂલ્ય વારસો મેસનીર તુરિન છે, તેને સરળ ભાષામાં શાહી વાસણ કહી શકાય. આ વાસણ ૧૭૩૪-૩૬ના સમયગાળાના છે. કિંગસ્ટનના બીજા ડ્યુક એવલીન પિયરપોઈન્ટના સમયગાળાના આ વાસણ છે. તેનો ભાવ જ કમસેકમ ૪૦થી ૬૦ લાખ પાઉન્ડની વચ્ચે હોવાનો માનવામાં આવે છે. આવા અમૂલ્ય રાજાશાહીના વારસાની હરાજી થવાની છે.

નેપાળના હાઈડ્રોપાવર, સિમેન્ટ, રોડ અને અન્ય સેક્ટરમાં કરોડો રૂપિયા ઠાલવીને તેને પાંગળું કરી મુક્યું છે

ચીને નેપાળને કરોડો આપી 'બંદીવાન' બનાવ્યું

હિમાલયના સફેદ સાગરમાં વસેલા નાનકડા રાષ્ટ્ર નેપાળના રાજકારણ અને અર્થતંત્રમાં હાલ એક નવો વળાંક જોવા મળી રહ્યો છે. નેપાળના યુવા અને લોકપ્રિય વડા પ્રધાન બાલેન શાહે તાજેતરમાં

> છેલ્લા એક દાયકામાં નેપાળની જૂની રાજકીય નેતાગીરીની કુંઠિત વિચારસરણી અને વ્યાપક રીતે ફેલાયેલા ભ્રષ્ટાચારને કારણે ચીને નેપાળની અંદર પોતાનું એક એવું મજબૂત આર્થિક અને વ્યૂહાત્મક નેટવર્ક ફેલાવી દીધું છે, જેમાંથી બહાર નીકળવું બાલેન શાહની નવી સરકાર માટે લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહ્યું છે : નેપાળનું કુલ જાહેર દેવું ૩ ટ્રિલિયન નેપાળી રૂપિયાના ઐતિહાસિક આંકડાને પાર કરી ગયું છે, જે દેશના કુલ ઘરેલુ ઉત્પાદનના લગભગ ૪૫.૫૯ ટકા જેટલું છે. આ કુલ દેવામાંથી આશરે ૧,૫૯૮ અબજ નેપાળી રૂપિયા વિદેશી દેવું છે. ચીને નેપાળને ૧.૪ અબજ અમેરિકન ડોલરની સહાય અને લોનની પ્રતિબદ્ધતા આપી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૫૪૫ મિલિયન ડોલરથી વધુની રકમ આપી દેવામાં આવી છે : બાલેન શાહ ભલે નવી આશાઓ અને સુધારાવાદી વિઝન સાથે ભારત આવ્યા હોય, પરંતુ તેમની સામે સૌથી મોટો પડકાર ચીનના આ આર્થિક ચક્રવ્યૂહને ભેદવાનો છે. ભારત નેપાળને આર્થિક સહાય, અનુદાન અને કનેક્ટિવિટી આપીને તાત્કાલિક રાહત ચોક્કસ આપી શકે છે, પરંતુ ચીને નેપાળના અર્થતંત્ર, બેંકિંગ, ઉદ્યોગ અને માળખાગત સુવિધાઓમાં જે અબજો રૂપિયાનું રોકાણ અને લોનનું જાળું બિછાવ્યું છે જે મોટી મુશ્કેલી છે.

સદીઓ જૂના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધો છે, અને ભારતે પણ નેપાળના વિકાસ માટે હજારો કરોડ રૂપિયાના વિકાસ પેકેજ તથા રેલ-રોડ કનેક્ટિવિટીના નવા પ્રોજેક્ટ્સની જાહેરાત કરીને જ ભારતની સત્તાવાર મુલાકાત લીધી છે, જેમાં તેમણે ભારતને એક વિશ્વસનીય પાડોશી ગણાવીને આર્થિક, માળખાગત અને ઊર્જા ક્ષેત્રે મોટી અપેક્ષાઓ વ્યક્ત કરી છે. ભારત અને નેપાળ વચ્ચે મિત્રતાનો હાથ લંબાવ્યો છે. ભારતીય વડા પ્રધાને ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી. આ ઉપરાંત ભારત અને નેપાળ વચ્ચેના ઐતિહાસિક સંબંધોને મહોર મારવા અયોધ્યા અને નેપાળ વચ્ચે સરયુ-કમલા ટ્રેનની શરૂઆત કરાઈ. તે સિવાય ભારતના કંડલા બંદર સુધી વેપાર કરવાની નેપાળને મદદ કરવામાં આવી છે. ભારતે પોતાના તરફથી કશું જ બાકી રાખ્યું નથી. નેપાળ તેના માટે જ ભારત પાસે આવ્યું છે.

બીજી તરફ આ રાજદ્વારી ઉત્સાહની પાછળ એક કડવી અને ચિંતાજનક વાસ્તવિકતા છુપાયેલી છે. છેલ્લા એક દાયકામાં નેપાળની જૂની રાજકીય નેતાગીરીની કુંઠિત વિચારસરણી અને વ્યાપક રીતે ફેલાયેલા ભ્રષ્ટાચારને કારણે ચીને નેપાળની અંદર પોતાનું એક એવું મજબૂત આર્થિક અને વ્યૂહાત્મક નેટવર્ક ફેલાવી દીધું છે, જેમાંથી બહાર નીકળવું બાલેન શાહની નવી સરકાર માટે લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, નેપાળના અર્થતંત્ર પર દેવાનો બોજ કેટલો ગંભીર છે તે સમજવા માટે તાજેતરના આંકડાઓ પર નજર કરવી જરૂરી છે. નેપાળના જાહેર દેવા વ્યવસ્થાપન કાર્યાલયના અહેવાલ મુજબ, નેપાળનું કુલ જાહેર દેવું ૩ ટ્રિલિયન નેપાળી રૂપિયાના ઐતિહાસિક આંકડાને પાર કરી ગયું છે, જે દેશના કુલ ઘરેલુ ઉત્પાદનના લગભગ ૪૫.૫૯ ટકા જેટલું છે. આ કુલ દેવામાંથી આશરે ૧,૫૯૮ અબજ નેપાળી રૂપિયા (લગભગ ૧૧.૮૭ અબજ અમેરિકન ડોલર) વિદેશી દેવું છે. જોકે, આંકડાકીય દૃષ્ટિએ નેપાળના કુલ વિદેશી દેવામાં વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી બહુપક્ષીય સંસ્થાઓનો હિસ્સો મોટો છે, પરંતુ દ્વિપક્ષીય લોન અને વ્યાપારી શરતોના મામલે ચીનનો પગપેસારો નેપાળ માટે સૌથી મોટો માથાનો દુખાવો બન્યો છે.

નેપાળના નાણા મંત્રાલયના દસ્તાવેજો દર્શાવે છે કે ચીને નેપાળને ૧.૪ અબજ અમેરિકન ડોલરની સહાય અને લોનની પ્રતિબદ્ધતા આપી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૫૪૫ મિલિયન ડોલરથી વધુની રકમ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત, નેપાળમાં ચીનનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ સ્ટોક ૩૫.૫ અબજ નેપાળી રૂપિયા સુધી પહોંચી ગયું છે, અને દર વર્ષે નેપાળમાં થતી નવી વિદેશી રોકાણની પ્રતિબદ્ધતાઓમાં ૪૪ ટકાથી વધુ હિસ્સો માત્ર ચીની કંપનીઓનો રહે છે. આ ઉપરાંત ચીને નેપાળને પોતાની 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (BRI) યોજના હેઠળ એવી રીતે જકડી લીધું છે કે નેપાળના મોટાભાગના મહત્વાકાંક્ષી માળખાગત પ્રોજેક્ટ્સ આજે ચીનની લોન, ચીની ટેકનોલોજી અને ચીની કોન્ટ્રાક્ટરો પર નિર્ભર છે. આમાં સૌથી મોટું અને વિવાદાસ્પદ ઉદાહરણ પોખરા આંતરરાષ્ટ્રીય




વિમાનમથક છે.

ચીનની એક્ઝિમ બેંક પાસેથી આશરે ૨૧૬ મિલિયન ડોલરની લોન લઈને આ એરપોર્ટ બનાવવામાં આવ્યું છે. આ લોનની શરતો અત્યંત કઠોર છે; તેમાં ૭૫ ટકા રકમ પર ૨ ટકાના દરે વ્યાજ વસૂલવામાં આવે છે, જે વિશ્વ બેંક કે ભારતની સરખામણીમાં ઘણું મોંઘું છે. કરુણતા એ છે કે જાન્યુઆરી ૨૦૨૩માં ઉદ્ઘાટન થયા બાદ પણ આ એરપોર્ટ પરથી નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ શરૂ થઈ શકી નથી. એરપોર્ટની કોઈ આવક નથી, છતાં નેપાળ સરકારે ચીની બેંકને લોનના હપ્તા અને વ્યાજ ચૂકવવા પડી રહ્યા છે. નેપાળના ભ્રષ્ટાચાર વિરોધી પંચની તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે આ પ્રોજેક્ટનો ખર્ચ કૃત્રિમ રીતે ૭૪ મિલિયન ડોલર જેટલો વધારી દેવામાં આવ્યો હતો અને ચીની કંપની CAMC એન્જિનિયરિંગને કરવેરામાં ગેરકાયદેસર છૂટછાટો આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, માત્ર પોખરા જ નહીં, પરંતુ ભગવાન બુદ્ધની જન્મભૂમિ લુમ્બિની નજીક આવેલા ગૌતમ બુદ્ધ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ભૈરહવાના નિર્માણમાં પણ ચીની કંપની નોર્થવેસ્ટ સિવિલ એવિએશન એરપોર્ટ કન્સ્ટ્રક્શન ગ્રુપની મુખ્ય ભૂમિકા રહી છે, અને તે એરપોર્ટ પણ આજે સફેદ હાથી સમાન સાબિત થઈ રહ્યું છે. આ ઉપરાંત, નેપાળના હાઈડ્રોપાવર પ્રોજેક્ટ અને ઊર્જા ક્ષેત્રમાં ચીને ઊંડા મૂળ નાખ્યા છે. રસુવા જિલ્લામાં આવેલો ૧૧૧ મેગાવોટનો રસુવાગઢી હાઈડ્રોપાવર પ્રોજેક્ટ, ૬૦ મેગાવોટનો અપર ત્રિશુલી-૩A પ્રોજેક્ટ (જેમાં ચીનની એક્ઝિમ બેંકે આશરે ૧૨૫ મિલિયન ડોલરની લોન આપી છે), ૪૫૬ મેગાવોટના અપર તામાકોશી પ્રોજેક્ટનું સિવિલ વર્ક (સિનોહાઈડ્રો કંપની દ્વારા), અને પશ્ચિમ સેતી તથા બુઢી ગંડકી જેવા અબજો રૂપિયાના જળવિદ્યુત પ્રોજેક્ટ્સમાં ચીની કંપનીઓનો સીધો કે આડકતરો કબજો છે.

નેપાળના સિમેન્ટ ઉદ્યોગમાં પણ ચીનની હૉંગશી સિમેન્ટ (૩૬૦ મિલિયન ડોલરનું રોકાણ) અને હુઆક્સિન સિમેન્ટ (૧૪૦ મિલિયન ડોલરનું રોકાણ) જેવી કંપનીઓએ નેપાળના સ્થાનિક બજાર પર વર્ચસ્વ જમાવી દીધું છે. તદુપરાંત, કેરુંગ-કાઠમંડુ રેલવે લાઈન, કોદારી અને રસુવાગઢી હાઈવેના વિસ્તરણ, તથા કાઠમંડુ રિંગ રોડ પ્રોજેક્ટ દ્વારા ચીને નેપાળની ભૌગોલિક ધોરીનસો પર પોતાનો પ્રભાવ સ્થાપિત કર્યો છે. ચીનની આ રોકાણ નીતિ પાછળ માત્ર આ થક નકો નહીં, પરંતુ નેપાળને રાજદ્વારી અને વ્યૂહાત્મક રીતે દબાવી દેવાની ઊંડી ચાલ રહેલી છે.

ચીનની લોન આપવાની પદ્ધતિ ડેટ ટ્રેપ એટલે કે દેવાની જાળ તરીકે ઓળખાય છે. ચીન જ્યારે કોઈ પ્રોજેક્ટ માટે લોન આપે છે, ત્યારે



શરત મૂકે છે કે તે પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ ચીની સરકારી કંપનીને જ મળશે, તેમાં વપરાતી મશીનરી અને કાચો માલ ચીનથી જ આયાત થશે, અને એન્જિનિયરોથી લઈને મજૂરો સુધીનો સ્ટાફ પણ ચીનથી આવશે. આમ, ચીન જે લોન નેપાળને આપે છે, તેમાંથી ૮૦ ટકાથી વધુ નાણાં પાછા ચીનની કંપનીઓ અને ચીનના અર્થતંત્રમાં જ જતા રહે છે, જ્યારે નેપાળના માથે માત્ર વ્યાજ સહિતનું દેવું રહી જાય છે. વધુમાં, નેપાળ અને ચીન વચ્ચેનો વેપાર સંપૂર્ણપણે એકતરફી છે. નેપાળ ચીન પાસેથી દર વર્ષે અબજો રૂપિયાનો માલ આયાત કરે છે, જ્યારે તેની સામે નહીવત ચીન ખાતેની નિકાસ નહિવત છે. આ પ્રચંડ વેપાર ખાધ નેપાળના વિદેશી હૂંડિયામણના ભંડારને સતત ખોખલું કરી રહી છે.

આ તમામ પરિબળોને કારણે વર્તમાન નેપાળ સરકાર અને વડા પ્રધાન બાલેન શાહ એક અત્યંત લાચાર અને સંકટભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. નેપાળની આ લાચારી પાછળ મુખ્ય ચાર કારણો જવાબદાર છે. પ્રથમ, નેપાળની ફિસ્કલ સ્પેસ સાવ સંકોચાઈ ગઈ છે. નેપાળ સરકારના કુલ બજેટનો એક મોટો હિસ્સો (નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આશરે ૪૧૭ અબજ નેપાળી રૂપિયા) માત્ર જૂના દેવાની મૂડી અને વ્યાજ ચૂકવવામાં જ ખર્ચાઈ રહ્યા છે, જે દેશના કુલ મૂડીખર્ચ જેટલો જ છે. સરકાર પાસે નવા વિકાસ કાર્યો કરવા માટે પોતાના ભંડોળમાં નાણાં બચ્યા નથી. બીજું, નેપાળે પોખરા એરપોર્ટની લોનને 'ગ્રાન્ટ' (અનુદાન)માં ફેરવવા અથવા લોન માફ કરવા માટે ચીનને વારંવાર વિનંતી કરી છે, પરંતુ બેઈજિંગે આ વિનંતીને સ્પષ્ટપણે નકારી કાઢી છે. ચીન જાણે છે કે દેવાના બોજ હેઠળ દબાયેલું નેપાળ તેની કોઈ પણ રાજકીય કે સુરક્ષા સંબંધિત માંગણીઓનો વિરોધ કરી શકશે નહીં.

ચીનની ચુંગાલમાંથી છુટવા નેપાળે પારદર્શક નીતિઓ અપનાવવી પડશે

મોટું કારણ ચીનનું રાજકીય અને વ્યૂહાત્મક દબાણ છે. જ્યારે પણ નેપાળ ભારત કે અમેરિકા સાથે કોઈ આર્થિક કે માળખાગત કરાર કરવા આગળ વધે છે, ત્યારે ચીન તરત જ પડદા પાછળથી દબાણ ઊભું કરે છે. ઉદાહરણ તરીકે, ભારત નેપાળ પાસેથી વીજળી ખરીદવા તૈયાર છે, પરંતુ ભારતે સ્પષ્ટ નીતિ બનાવી છે કે તે એવા કોઈ પણ હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાંથી વીજળી નહીં ખરીદે જેમાં ચીની કંપનીઓનું રોકાણ કે ભાગીદારી હોય. આ નીતિને કારણે નેપાળના અનેક જળવિદ્યુત પ્રોજેક્ટ્સ અધવચ્ચે અટકી પડ્યા છે, કારણ કે ચીની કંપનીઓ દ્વારા બનાવેલી વીજળી ખરીદનાર કોઈ નથી અને નેપાળનું સ્થાનિક બજાર તેટલી વીજળી વાપરવા સક્ષમ નથી. ચોથું, નેપાળની ભૂગોળ તેને ચારેબાજુથી જમીનથી ઘેરાયેલું રાખે છે. ભારત સાથે નેપાળની ખુલ્લી સરહદ અને ઐતિહાસિક સંબંધો હોવા છતાં, ભૂતકાળમાં થયેલી રાજકીય ભૂલોને કારણે નેપાળે ચીનને વિકલ્પ તરીકે અપનાવ્યું હતું. આજે તે જ વિકલ્પ નેપાળના ગળાનો ફાંસો બની ગયો છે. આજે વડા પ્રધાન બાલેન શાહ ભલે નવી આશાઓ અને સુધારાવાદી વિઝન સાથે ભારત આવ્યા હોય, પરંતુ તેમની સામે સૌથી મોટો પડકાર ચીનના આ આર્થિક ચક્રવ્યૂહને ભેદવાનો છે. ભારત નેપાળને આર્થિક સહાય, અનુદાન અને કનેક્ટિવિટી આપીને તાત્કાલિક રાહત ચોક્કસ આપી શકે છે, પરંતુ ચીને નેપાળના અર્થતંત્ર, બેંકિંગ, ઉદ્યોગ અને માળખાગત સુવિધાઓમાં જે અબજો રૂપિયાનું રોકાણ અને લોનનું જાળું બિછાવ્યું છે, તે આગામી દાયકાઓ સુધી નેપાળની વિદેશ નીતિ અને આર્થિક સ્વાયત્તતાને બંધક બનાવી રાખશે. નેપાળની સરકાર આજે એવા દોરાહે ઊભી છે જ્યાં એક તરફ ભારત સાથેના કુદરતી અને વિશ્વાસપાત્ર સંબંધોને પુનર્જીવિત કરવાની તક છે, તો બીજી તરફ ચીનના દેવાની ચૂકવણી અને તેના રાજકીય દબાણ સામે ઝૂકવાની લાચારી છે.

જ્યાં સુધી નેપાળ પારદર્શી આર્થિક નીતિઓ અપનાવીને ચીનની ઊંચા વ્યાજવાળી લોન પરની નિર્ભરતા ઓછી નહીં કરે, ત્યાં સુધી હિમાલયનું આ સુંદર રાષ્ટ્ર બેઈજિંગની આર્થિક ગુલામીમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ શકશે નહીં.

કર્ણાટકમાં કોંગ્રેસનું અભિયાન : મેટા, ભાજપ કા બેટા !



કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં કોંગ્રેસે સોશિયલ મીડિયા કંપની મેટાની સામે પોસ્ટર કેમ્પેઈન શરૂ કર્યું છે. યુથ કોંગ્રેસે મેટા પર શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની તરફેણમાં કામ કરવાનો અને રાજકીય ભેદભાવનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસે આ અભિયાનનું નામ મેટા ભાજપ કા બેટા આપ્યું છે. બેંગ્લુરુ એરપોર્ટ પર જતાં રસ્તા પર મોટું હોર્ડિંગ લગાવવામાં આવ્યું છે, તેમા માર્ક ઝુકરબર્ગને આરએસએસના ડ્રેસમાં બતાવવામાં આવ્યો છે.

દુબઈમાં બસ-ટ્રક વચ્ચે ટક્કર ભારતીયો સહિત ૧૩નાં મોત

(પીટીઆઈ) દુબઈ, તા. ૨૪

યુએઈનાં રાસ અલ ખૈમાહમાં બસ અને ટ્રકની ટક્કરમાં મૃત્યુ પામેલા લોકોમાં ભારતીય નાગરિકો પણ સામેલ છે. વાણિજ્ય દૂતાવાસે જણાવ્યું હતું કે તેણે પીડિત પરિવારોનો સંપર્ક કર્યો છે અને શક્ય તમામ મદદ કરવા માટે સ્થાનિક અધિકારીઓ સાથે મળીને કામ કરી રહી છે.

દૂતાવાસે જણાવ્યું છે કે હજી વધુ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. અત્યાર સુધી એ સ્પષ્ટ થયું નથી કે આ અકસ્માતમાં કેટલા ભારતીયોનાં મોત થયા છે.

યુએઈનાં ગૃહ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે રાસ અલ ખૈમાહમાં અલ વતન રોડ પર એક યાત્રી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. શરૂઆતમાં ૧૧ લોકોનાં મોતનાં સમાચાર આવ્યા હતાં.

જો કે ત્યારબાદ હોસ્પિટલમાં વધુ બે લોકોનાં મોત થયા હતાં. જેના કારણે મૃતકોની સંખ્યા વધીને ૧૩ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં અન્ય ૧૪ લોકો પણ ઘાયલ થયા છે.

મીડિયા રિપોર્ટ અનુસાર બસમાં ૪૧ લોકો સવાર હતાં. આ બસ ટેકનિકલ ખામીને કારણે રસ્તામાં ઉભેલા એક ટ્રક સાથે અથડાઈ ગઈ હતી.

દેવદિવાળીએ વારાણસી ૨૧ લાખ દીવડાની રોશનીથી ઝળહળી ઉઠ્યુ



દેવદિવાળી એટલે કે મંગળવારના દિવસે કાશી એટલે કે વારાણસીની ધરતી જાણે રોશનીથી નહાઈ ઉઠી હોય તેવું વાતાવરણ સર્જાયુ હતુ. ગંગા કિનારા પર લાખો દીવડાઓની સજાવટે એવુ વાતાવરણ સર્જયુ કે આખુ કાશી જાણે તારાઓની જેમ ટિમટિમાઈ રહ્યુ છે. દેવદિવાળીના આ પ્રસંગે ગંગા ઘાટ પર ૧૧ લાખથી પણ વધુ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા, જ્યારે આખી વારાણસીમાં ૨૧ લાખથી પણ વધુ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. દીવડાના ઝગમગાટ, ગંગા આરતી, લેઝર શો, ડ્રોન શો અને આતશબાજીએ આ પર્વને અત્યંત ભવ્ય બનાવી દીધુ હતુ. ૨૧૦૦ જેટલા ડ્રોનની મદદથી શિવ તાંડવનું દ્રશ્ય પણ રજૂ પણ કરાયું હતું. ભારતીય સંસ્કૃતિના આ પર્વનો લ્હાવો લેવા ૪૦ દેશમાંથી મહેમાન આવ્યા હતા. લગભગ ૧૫ લાખ પ્રવાસી આ આયોજનનો હિસ્સો બન્યો હોવાનો તંત્રનો દાવો છે.

દિલ્હીનાં મધ્ય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગનો ચુકાદો

બીમારીની યાદીમાં કોવિડ ન હોય તો પણ વીમાની રકમ ચૂકવવી પડશે

નવી દિલ્હી, તા. ૨૪

વીમા પોલિસીમાં કોવિડ-૧૯નું નામ પ્રમુખ બિમારીઓની યાદીમાં ન હોવાને કારણે વીમા કંપની વીમાનો દાવો ફગાવી શકે નહીં. દિલ્હીનાં મધ્ય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીને મૃતકનાં પિતાને ૨૯.૬૯ લાખ રૂપિયા ૬ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચુકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત ૫૦,૦૦૦ રૂપિયા કેસનાં ખર્ચ પેટે ચુકવવા પણ જણાવ્યું છે.

મૃતકનાં પિતાને ૨૯.૬૯ લાખ રૂપિયા ૬ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચુકવવા આયોગનો વીમા કંપનીને આદેશ

ગ્રાહક આયોગનાં અધ્યક્ષ દિવ્યા જ્યોતિ જયપુરિયાર અને સભ્ય ડો. રશ્મિ બંસલની બેન્ચે જણાવ્યું હતું કે કોઈ બિમારીનું નામ યાદીમાં સામેલ ન હોવાથી ગંભીર બિમારીને કારણે થયેલા મોતનાં દાવાને યાંત્રિક રીતે ફગાવી ન શકાય.

બિમારીની ગંભીરતાની સાથે તેની પ્રાણઘાતક અસરને પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. બેન્ચે કંપનીને આદેશની પ્રમાણિત નકલ મળ્યાનાં ૪૫ દિવસની અંદર ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. આવું ન કરવા પર વીમાની રકમ પર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૧થી વાસ્તવિક ચુકવણી સુધી ૯ ટકા વાર્ષિક વ્યાજ ચુકવવું પડશે.

કોઈ બીમારીનું નામ યાદીમાં સામેલ ન હોવાથી ગંભીર બીમારીને કારણે થયેલા મોતનાં દાવાને યાંત્રિક રીતે ફગાવી ન શકાય : આયોગ

કેસની વિગત અનુસાર રોહિણી સેક્ટર-૨૮ નિવાસી મહેન્દ્ર સિંહ ઠાકરાનનાં પુત્ર વિકાસ કુમારનું ૪૧ વર્ષની ઉંમરમાં કોવિડને કારણે મોત થયું હતું. હોસ્પિટલ તરફથી જારી કરાયેલા ડેથ રિપોર્ટમાં કોવિડ સંક્રમણ, બંને ફેફસામાં નિમોનિયા, ગંભીર શ્વાસ સંબધી મુશ્કેલી, શોક ઓફ સેપ્ટિસને મોતનું કારણ બતાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ પિતાએ વીમાની રકમ માટે દાવો કર્યો હતો. જો કે કંપનીએ વીમાની રકમ ચુકવવાનો ઈનકાર કરતા જણાવ્યું હતું કે કોવિડ-૧૯ પોલિસીમાં સામેલ બિમારીઓની યાદીમાં સામેલ નથી. ખંડપીઠે જણાવ્યું હતું કે યાદીમાં બિમારી સામેલ ન હોવાને કારણે એ નિષ્કર્ષ કાઢી ન શકાય કે તેનાથી જાનનો ખતરો નથી.

રાજ્ય સરકારે કેન્દ્રનાં હસ્તક્ષેપની માંગ કરી

ઓઈલ કંપનીઓનો ઈથેનોલ મુક્ત પેટ્રોલ આપવાનો ઈનકાર : કેરળ

(પીટીઆઈ) તિરુવનંતપુરમ, તા. ૨૪

ઓઈલ કંપનીઓએ ઈથેનોલ મુક્ત પેટ્રોલનાં નમૂના આપવાનો ઈનકાર કરતા કેરળે કેન્દ્ર સરકારનાં હસ્તક્ષેપની માંગ કરી છે. રાજ્યમાં વેચવામાં આવતા ઈંધણમાં ઈથેનોલનાં પ્રમાણની તપાસ કરવા માટે આ નમૂનાની જરૂર હતી.

પેટ્રોલ પંપ પરથી એકત્ર પેટ્રોલનાં નમૂનાની તપાસ માટે ઈથેનોલ મુક્ત પેટ્રોલની જરૂર પડે છે

રાજ્યનાં ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન અનૂપ જેકબે કેન્દ્રીય પેટ્રોલિયમ એને કુદરતી ગેસ હરદીપ સિંહ પુરી અને રાજ્ય પ્રધાન સુરેશ ગોપીને પત્ર લખ્યો હતો.

તેમણે તેમને હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે જેથી જરૂરી નમૂના કોઈ પણ વિલંબ વગર રાજ્યનાં અધિકારીઓને મળી શકે. જૈકબે પોતાના પત્રમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારને અનેક જગ્યાએથી ફરિયાદો મળી છે. જેમાં ઓટોમોબાઈલ એન્જિનો પર ઈથેનોલ મિક્સ કરવાથી પડતી અસર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ ચિંતાઓને ધ્યાનમાં રાખી સરકારે છેલ્લા બે સપ્તાહમાં રાજ્યનાં રિટેલ આઉટલેટમાંથી પેટ્રોલનાં નમૂના એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. જેથી એ જાણી શકાય કે વેચવામાં ઈંધણમાં ઈથેનોલનું પ્રમાણ કેટલું છે. નાગરિક પુરવઠા વિભાગે નક્કી નિયમો અનુસાર નમૂના એકત્ર કર્યા હતાં અને તેને તપાસ માટે રાજ્ય સરકારની કેમિકલ એગ્ઝામિનર પ્રયોગશાળામાં મોકલી દેવામાં આવ્યા હતાં.

પ્રયોગશાળાએ જણાવ્યું હતું કે એકત્ર કરવામાં આવેલા નમૂનાની તપાસ (ક્રોસ ચેક) માટે ઈથેનોલ મુક્ત પેટ્રોલની જરૂર છે. આ નમૂના ફક્ત ઓઈલ કંપનીઓ પાસે જ ઉપલબ્ધ હોય છે.



એનવિડિયાના સીઈઓ તરીકે જેન્સેન હુઆંગની નાટકીય રીતે વિદાય થઈ તેનાથી વધારે નાટકીય રીતે તેમની ઘરવાપસી પણ થઈ. તેના પગલે સોશિયલ મીડિયામાં જાણે મીમ્સનું પૂર આવ્યું છે. એકમાં હુઆંગને આઈરિશ બોક્સર તરીકે જાણે ૧૧ રાઉન્ડ પછી બોક્સિંગ મુકાબલો જીતી ગયો હોય તે બતાવાયો છે. જ્યારે બીજામાં કોફિનમાં સુતેલા જેન્સેનને એલિસા જોઈ રહી છે ત્યારે જેન્સન અચાનક જ તેનું ગળું પકડી લે છે. આ સિવાય એકમાં તેને કંપનીમાં ઘસી જતો બતાવાયો છે, સામાન્ય રીતે પોપ ક્વીન મેડોના તેના ચાહકો તરફ આ રીત ઘસી જતી હોય છે, હુઆંગ પણ બિલકુલ તે રીતે જ કંપની તરફ જઈ રહ્યો છે. અંતિમ મીમ્સમાં તેન અમેરિકન બાસ્કેટ બોલ સ્ટારે માઈકલ જોર્ડનની જેમ ટ્રોફી જીત્યા પછી રડતો બતાવાયો છે. એટલે કે ફરી પાછો હું કંપનીમાં આવી ગયો ખરો ત દર્શાવાયું છે.

પૂર્વ એર માર્શલે યુદ્ધની નવી રણનીતી તરફ ધ્યાન દોર્યું

યુક્રેનના ડ્રોને રશિયન જહાજ ડુબાડતા ભારતીય નેવીને એલર્ટની સલાહ

નવી દિલ્હી, તા. ૨૪

રશિયાના સહયોગી દેશ લિબિયામાં રશિયાના એરક્રાફ્ટ કેરિયર પર યુક્રેને હુમલો કર્યો હતો, જે બાદ જહાજ સમુદ્રમાં સમાઈ ગયું હતું. યુક્રેને આ હુમલાથી સાબિત કરી દીધુ છે કે કોઈ દેશની નેવી કે જહાજો પર હુમલા કરવા નેવીની જ જરૂર નથી, ડ્રોનની મદદથી પણ આવા હુમલા શક્ય છે. આ મુદે ભારતીય એરફોર્સના નિવૃત્ત એર માર્શલ સંજીવ કપુરે ભારતીય નેવીને એલર્ટ કરી છે.

માનવરહિત ડ્રોનથી પણ નેવીનો સામનો કરવો શક્ય હોવાનું યુક્રેનના હુમલાએ સાબિત કર્યું

નિવૃત્ત એર માર્શલ સંજીવ કપુરે સોશિયલ મીડિયા પર યુક્રેનના રશિયાના જહાજ પર હુમલાનો ઉલ્લેખ કરીને એક પોસ્ટ કરી હતી, જેમાં તેમણે કહ્યું હતુંકે યુક્રેનના ડ્રોને ૧૮૦૦ કિમી દૂર લિબિયામાં કેંગાઝી તટ પર રશિયન એરક્રાફ્ટ કેરિયર પર હુમલો કરીને તેને ડુબાડી દીધુ હતું. જેના પર ધ્યાન આપવાની જરૂર છે.

પોતાની પોસ્ટમાં ભારતીય નેવીને ટેગ કરીને તેમણે વધુમાં કહ્યું હતું કે આ હુમલા બાદ લાગી રહ્યું છે કે હવે સસ્તા માનવરહિત સિસ્ટમની જરૂરિયાત વધી શકે છે. જેમાં કોઈ નેવી સામે ટક્કર આપવા માટે પોતાની નેવી હોવાની જરૂરિયાત નથી રહી ગઈ. નોંધનીય છે કે પહેલી વખત યુક્રેને અન્ય દેશોમાં રશિયાના મથકો પર હુમલા શરૂ કર્યા છે. આ હુમલાના ભાગરૂપે જ લિબિયામાં રશિયન જહાજ પર ડ્રોનથી મોટો હુમલો કર્યો હતો.

હુઆંગની વાપસીથી એનવિડિયાના શેરમાં ઉછાળો : ટ્રમ્પને ૧.૫૦ કરોડ ડોલરનો લાભ !

મુંબઈ, તા. ૨૪

એનવિડિયાના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર (સીઈઓ) તરીકે જેન્સેન હુઆંગની પુનઃનિમણૂંકની જાહેરાત બાદ એનવિડિયાના શેરભાવમાં આવેલા જંગી ઉછાળાને પરિણામે કંપનીના ઈન્વેસ્ટરોને લાભ થયો છે એટલુ જ નહીં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પણ શેરભાવમાં ૩૦ ટકા જેટલા ઉછાળાથી ૧.૫૦ કરોડ ડોલરનો લાભ થયા ની ગણતરી મુકાઈ રહી છે. કરેલી જાહેરાત પ્રમાણે ૩૦ સપ્ટેમ્બરના રોજ ટ્રમ્પ પાસે એનવિડિયાના ૩,૭૦,૦૦૦ શેરો હતા. બાર દિવસ પહેલા જેન્સેન હુઆંગના રાજિનામા બાદ એનવિડિયાના શેરભાવમાં જંગી ઘટાડો થઈ ગયો હતો. જો કે સોમવારે તેમાં ૩૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. ગવર્નમેન્ટ એથિકસ કચેરી પાસે ટ્રમ્પના પોર્ટફોલિઓની ૩૦ સપ્ટેમ્બર સુધીની વિગતો છે ત્યારપછી તેમણે કરેલી ખરીદી અથવા વેચાણનો રેકોર્ડ નહીં હોવાનું એક અહેવાલમાં જણાવાયુ હતું.

સોમવારે એનવિડિયાનો શેરભાવ ૩૧.૫૪ ટકા વધી ૧૬૫.૧૨ ડોલર બંધ આવ્યો હતો. હુઆંગને એનવિડિયાના સીઈઓ તથા પ્રેસિડેન્ટના પદ પર પાછા બેસાડવામાં ટ્રમ્પે મોટી ભૂમિકા ભજવી હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયું છે. હુઆંગની પુનઃનિમણૂંકના નિર્ણયને ટ્રમ્પે તુરંત જ આવકાર્યો પણ હતો.

હુઆંગ સામે હજી આંતરિક તપાસ જારી

જેન્સેન હુઆંગે બીજા અફેર્સની પણ બોર્ડ સમક્ષ કબૂલાત કરી

વોશિંગ્ટન,તા.૨૪

જેન્સેન હુઆંગની ફિલ્મી સ્ટાઈલમાં એનવિડિયાના ચેરમેન પદે ઘરવાપસી થઈ તેના પછી તેમનું કંપનીના બોર્ડ સાથે મેરેથોન સેશન ચાલ્યું હતું. આ સેશનમાં તેમણે તેમના બે જાણીતા સિવાયના બીજા કેટલાક અફેરની વાત પણ સ્વીકારી હતી. કેટલાક કલાક સુધી ચાલેલી બેઠકમાં તેણે તેના વર્તણૂકને લગતી બાબતો સ્વીકારીને તેમાં સુધારો કરવાની ખાતરી પણ આપી હતી.

હુઆંગની ત્રીજી ડિસેમ્બરના રોજ સેનેટ સમક્ષ થનારી સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ થશે

બોર્ડે હુઆંગ સાથે લાંબા સેશન પછી કંપનીમાં તેમના પુનરાગમનને શ્રેષ્ઠ ગણાવ્યું હતું, એમ આ અંગેની જાણકારી ધરાવનારાએ અમેરિકન અખબારને જણાવ્યું હતું. કંપનીના સહસ્થાપક હુઆંગે એનવિડિયાની હેલ્થકેર વાઈસ પ્રેસિડેન્ટ કિમ્બર્લી પોવેલ અને ચાઈનીઝ બિઝનેસવુમન એલિસ હુઆંગ સાથેના અફેરના કારણે રાજીનામુ આપવું પડ્યુ હતુ. તેના પછી કોઈ ત્રીજી અને અજાણી મહિલા સાથે પણ અફેર ધરાવતો હોવાનું મનાય છે અને આ મહિલા પણ એનવિડિયાની કર્મચારી હોવાનું જ કહેવાય છે. જો કે હજી પણ કંપનીની આંતરિક સ્વતંત્ર તપાસ તો ચાલુ જ છે. તેની દેખરેખ સ્વતંત્ર ડિરેક્ટરો રાખી રહ્યા છે. તેઓને ચિંતા છે કે હુઆંગ ચીનના જાસૂસી પ્રકરણનો ટાર્ગેટ હોઈ શકે છે. હુઆંગની ત્રીજી ડિસેમ્બરે સેનેટની કમિટી સમક્ષ પણ સુનાવણી થવાની છે. તેનું લાઈવ સ્ટ્રીમિંગ થશે.

આ સિવાય કેલિફોર્નિયાના એટર્નીએ પણ કંપનીની ચિપ નિકાસની અને શેરહોલ્ડર ડિસ્ક્લોઝરની તપાસ શરૂ કરી છે. આમ ઓગામી સપ્તાહ નક્કી કરશે કે એનવિડિયાનો સીઈઓ તરીકે હુઆંગને ફરીથી આરુઢ કરવાનો નિર્ણય કેટલો યોગ્ય હતો.

યૂપીના પૂર્વ સાંસદ બનવારીલાલને ૨૮ વર્ષ જૂના કેસમાં ત્રણ વર્ષની જેલ

લખનો, તા. ૨૪

વાણિજ્યક કર પરિસરમાં ઘૂસીને હુમલો તોડફોડ અને આગ ચાંપવાના ૨૮ વર્ષ જૂના કેસમાં રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ અને ઉદ્યોગપતિ બનવારી લાલ કંછલ સહિત ત્રણ દોષીઓને ત્રણ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે. મંગળવારે સ્પેશ્યલ એમપી એમએલએ જજ ઊમાકાંત જિંદાલે સુનાવણી બાદ આ ચુકાદો સંભળાવ્યો હતો. અદાલતે દરેક દોષી પર ૩૬,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આ કેસમા બનવારીલાલ કંછલ, હુકમચંદ અગ્રવાલ, દેશરાજ અગ્રવાલને દોષી ઠેરવ્યાં છે. આ કેસ ૧૨ ઓગષ્ટ ૧૯૯૮નો છે જેમાં હઝરતગંજમાં ટ્રેડ ટેક્ષ બિલ્ડિંગમા પ્રવેશ્યા બાદ અધિકારીઓ અનૈ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો.

ફીલ્ડ માર્શલ અસીમ મુનીર ઉપર દેશ તોડવાનો આક્ષેપ

પાક.માં તંગદિલી ચરમ સીમાએ : સિંધના વિભાજન સામે હજારો લોકો રસ્તા પર

કરાંચી, તા. ૨૪

પાકિસ્તાનના સિંધ પ્રાંતનાં વિભાજનની યોજના સામે કરાંચીમાં હજારો સિંધી રાષ્ટ્રવાદીઓ સડકો પર ઉતરી આવ્યા હતા. તેઓએ સેનાના પ્રમુખ ફીલ્ડ માર્શલ આસીમ મુનીર ઉપર દેશ તોડવાનો આક્ષેપ કર્યો હતો.

પંજાબની આર્થિક નાકાબંધી કરી આંદોલન વધુ ઉગ્ર બનાવવાની દેખાવકારોની ધમકી

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનની રચના થઈ ત્યારે તેનું પહેલું પાટનગર મહમ્મદઅલી ઝિનાએ કરાચીમાં જ રાખ્યું હતું. પછીથી રાવલપિંડી ફેલાયું તે પછી રાવલપિંડીની ઉત્તર પશ્ચિમે ઈસ્લામાબાદ રચાયું.

સિંધી સંગઠનો સિંધ પ્રાંતના ટુકડા કરવાની યોજના સામે એટલા ગુસ્સા ભરાયા છે કે તેઓ પંજાબની આર્થિક નાકાબંધી કરવાની ધમકી આપી છે, અને ફરી એકવાર આઝાદ સિંધુ દેશની માગણી જાગી છે. વાસ્તવમાં રવિવારે જય સિંધ રાહબર કમીટી (જે.એસ.આર.સી.) નાં બેનર નીચે હજ્જારો લોકોએ હાથમાં લાલ ધ્વજ લઈ કરાંચીમાં સરઘશો કાઢ્યાં હતાં. આ જે.એસ.આર.સી. ચાર સિંધી રાષ્ટ્રવાદી પાર્ટીઓનું સંગઠન છે. તેના સભ્યો સિંધભરમાંથી રંગબેરંગી બસો દ્વારા કરાંચી પહોંચ્યા હતા. તેમણે પારંપરિક સિંધી અજરક સ્કાર્ફ અને ટોપી પહેરી હતી.

જય સિંધ મહાજના અધ્યક્ષ રિયાઝ અલિ ચંદીયો તથા નિયાઝ કલાનીએ તે માર્ચનું નેતૃત્વ કર્યું હતું. તેમાં વકીલો અને સમાજ અગ્રીણો પણ સામેલ થયા હતા. આ સરઘસને લીધે કરાંચીની સડકો પણ કેટલાક કલાક સુધી બંધ રહી હતી.

તે પછી યોજાયેલી સભામાં નેતાઓએ કહ્યું : સિંધ માત્ર પાકિસ્તાનનો એક પ્રાંત કે પ્રશાસનિક એકમ જ નથી. તે તેની ઐતિહાસિક ઓળખ તેની વિશિષ્ટ સભ્યતા, ભાષા અને સંસ્કૃતિનું ઘર છે. જે પાકિસ્તાન રચાયું તે પહેલેથી હતાં. તેઓ રેફરેન્ડમનો પ્રસ્તાવ પણ ફગાવી દીધો હતો. અને કહ્યું હતું કે સાજીશ છે. તે દ્વારા સિંધના ટુકડા કરવાની રમત રમાઈ રહી છે. સાથે કહ્યું હતું કે, તેમનું આંદોલન ઉર્દુ બોલનાર વિરૂદ્ધ નથી.

માત્ર કરાંચીમાં જ નહીં સમગ્ર સિંધમાં આ આંદોલન વ્યાપી ગયું છે. સિંધનાં હૈદરાબાદ, નવાબી શાહ, લારકાના તથા દાદૂ જિલ્લાના મેહર શહેરમાં પણ પ્રદર્શનો થયાં છે. ૨૧ નવેમ્બરે મેહરમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતાં. પાકિસ્તાન સુપ્રીમ કોર્ટના વકીલ અયાઝ લતીફ પાલીજોએ કહ્યું કે મેહર જેવાં નાનાં શહેરના લોકોએ સ્પષ્ટ રીતે જણાવી દીધું છે કે સિંધની એકતા સાથે કોઈ બાંધછોડ થઈ નહીં શકે.

પૂર્વ પીએમની ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની યોજના

બાંગ્લાદેશ સરકાર મને સલામત રીતે પરત લાવવા ખાસ વિમાનની વ્યવસ્થા કરે : હસીના

(પીટીઆઈ) ઢાકા, તા. ૨૪

બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની યોજના બનાવી છે. આ એ જ દિવસ છે જ્યારે દેશ ૧૯૭૧ના મુક્તિ સંગ્રામમાં પાકિસ્તાન પર મેળવેલી જીતની ઉજવણી કરે છે. તેમના પ્રવક્તા સૈયદ મોઝમ્મેલ અલીએ મંગળવારે આ માહિતી આપી હતી.

હાથકડી પહેરાવી પરત લવાશે અને દોષિત ફરાર વ્યકિતને લાગુ પડતા કાયદાઓ મુજબ કાર્યવાહી કરાશે : બાંગ્લાદેશ સરકાર

પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૭૯ વર્ષીય હસીનાએ બાંગ્લાદેશ સરકારને નવી દિલ્હીથી તેમના હવાઈ પ્રવાસ માટે રાષ્ટ્રીય એરલાઈન (બાંગ્લાદેશ બિમાન) દ્વારા વ્યવસ્થા કરવા વિનંતી કરી છે.

આ નિવેદન બાદ ઢાકામાં તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી છે. સરકારે કહ્યું છે કે તેમને હાથકડી પહેરાવીને પરત લાવવામાં આવશે અને વિદેશમાં રહેતા અન્ય કોઈ પણ દોષિત ફરાર વ્યકિતને લાગુ પડતા કાયદાઓ હેઠળ જ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.હસીનાનાં પ્રવક્તા અલીએ જણાવ્યું હતું કે તેમણે તેમના વકીલ દ્વારા ૯ અને ૧૯ નવેમ્બરે નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશનને પત્ર લખી યાત્રા માટે જરૂરી દસ્તાવેજોની માંગણી કરી હતી.

અલીએ જણાવ્યું હતું કે શેખ હસીનાએ સંકેત આપ્યો છે કે તેઓ ૧૬ ડિસેમ્બરે એટલે કે બાંગ્લાદેશનાં વિજય દિવસે પરત ફરશે. આ દિવસ ૧૯૭૧નાં મુક્તિ સંગ્રામનાં અંત સાથે સુસંગત છે.

શેખ હસીનાએ આગ્રહ રાખ્યો છે કે તેઓ બાંગ્લાદેશની રાષ્ટ્રીય એરલાઈન બિમાન એરલાઈન્સ દ્વારા જ પરત ફરશે. અલીએ જણાવ્યું છે કે ૫ ઓગસ્ટ, ૨૦૨૪નાં રોજ શેખ હસીનાને બાંગ્લાદેશ વિમાન દ્વારા જ ભારત લઈ જવામાં આવ્યા હતાં. તેથી હવે તે સરકારને માંગ કરી રહ્યાં છે કે દિલ્હીથી ઢાકા પરત આવવા માટે તેમની હવાઈ યાત્રાની વ્યવસ્થા કરવામાં આવે.

અલીએ જણાવ્યું હતું કે તેમને પરત લાવવામાં મદદ કરવી સરકારની જવાબદારી છે. તેમણે આરોપ મૂક્યો છે કે તેમને બંધારણનો ભંગ કરીને દેશની બહાર કાઢવામાં આવ્યા હતાં.



જામનગર-અમૃતસર નેશનલ હાઈવે ઉપર સેનાના ૪ એરક્રાફ્ટનું સુરક્ષિત લેન્ડિંગ



ગુજરાત માટે હાઈવે પર વિમાન ઉતારવાની સુવિધા એટલે કે ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને પાકિસ્તાનની સરહદ નજીક આવેલા કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં આવી સુવિધા વ્યૂહાત્મક રીતે ઉપયોગી બને છે. આવા હાઈવેની લંબાઈ સામાન્ય રીતે ૩થી ૪.૫ કિલોમીટર, પહોળાઈ ૩૩ મીટરની જ્યારે તેની સપાટી મજબૂત કોંક્રિટની હોય છે. ભારતીય સેનાના સાહસિક અભિયાન અંતર્ગત જામનગર-અમૃતસર નેશનલ હાઈવે (ભારતમાલા રોડ) પર બકુત્રા ટોલ પ્લાઝા નજીક ચાર એરક્રાફ્ટનું સફળતાપૂર્વક અને સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાના અધિકારીઓ અને જવાનોની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા આ અનોખા પ્રદર્શને દેશના હાઈવેની ક્ષમતા તેમજ કટોકટીના સંજોગોમાં વૈકલ્પિક લેન્ડિંગ ગ્રાઉન્ડ તરીકે તેના ઉપયોગની સંભાવનાઓને ઉજાગર કરી છે.

કચ્છ, વાવ-થરાદ અને પાટણમાં ચહલપહલ

પાકિસ્તાન સરહદ નજીકના વીસ ગામોમાં ૧૦ IPS બે દિવસ રોકાશે

અમદાવાદ, મંગળવાર

ગુજરાતના ૧૦ આઈ.પી.એસ. ઓફિસર્સ કચ્છ, વાવ-થરાદ અને પાટણ વિસ્તારના એવા ગામોમાં બે દિવસનું રોકાણ કરશે કે જે પાકિસ્તાન સરહદની નજીક હોય. ૨૬-૨૭ના રોજ અધિકારીઓ સ્થાનિક પ્રજાજનો અને પોલીસને મળી પેટ્રોલિંગ અને સુરક્ષાની વિગતો પણ જાણશે.

૨૬-૨૭ નવે.ના પ્રજાજનો, સ્થાનિક પોલીસ સાથે રાત-દિવસ પસાર કરી સુરક્ષાની વિગતો જાણશે

ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડના વિઝન અંતર્ગત ગુજરાત પોલીસના દસ આઈપીએસ ઓફિસર્સ કચ્છ, વાવ-થરાદ અને પાટણના ૨૦ ગામોની મુલાકાત લેશે. ગુજરાતની પાકિસ્તાન સરહદ ઉપર આવેલા ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની વાસ્તવિક સમીક્ષા થાય તે હેતુથી અધિકારીઓ સ્થાનિક પ્રજાજનોના ઘરે જ રોકાશે અને સ્થાનિક ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને પણ મળશે. બોર્ડર પેટ્રોલિંગનું નિરીક્ષણ કરવા ઉપરાંત આઈપીએસ ઓફિસર્સ સ્થાનિક ગ્રામજનો, પોલીસકર્મી અને અધિકારીઓ સાથે રાત્રિ સમીક્ષા બેઠકો પણ યોજશે.પૂર્વ કચ્છમાં ગાંધીધામના કલ્યાણપર અને બાંભણકા ગામે વડોદરા રેન્જ આઈજી સંદીપસિંઘ, વરસાડા અને ધબડા ગામે જામનગર એસ.પી. રવિ મોહન સૈની, પશ્ચિમ કચ્છના ભુજ જિલ્લાના સુમરાપોર અને મોટા પૈસા ખાતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ જેસીપી શરદ સિંઘલ, અટાડા અને લાખાપર ખાતે ગાંધીનગર ઈન્ટેલિજન્સ-૨ આઈજી એન.એન. ચૌધરી, મીઠડી અને ભગડિયા ખાતે ગાંધીનગર કાયદો-વ્યવસ્થાના આઈજીપી મકરંદ ચૌહાણ તેમજ રતાડિયા અને રોહતલ ગામે ભરૂચ એસપી અક્ષયરાજ બે દિવસ-રાત્રી રોકાણ કરશે.વાવ-થરાદના કારેલી અને બારડવી ગામે પંચમહાલ-ગોધરા રેન્જ આઈજી વિધી ચૌધરી, બુકણા અને નડોદર ગામે પશ્ચિમ રેલવે એસપી જશપાલ જગાણિયા, બોરુ અને નેસડા ગામે સ્ટેટ મોનિટરીંગ સેલના એસપી મયૂર ચાવડા જશે. પાટણ જિલ્લાના દાત્રાણા અને બરારા ગામે અમદાવાદ ઝોન-૮ ડીસીપી મયૂર પાટીલ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે.

સરકારની અણઘડ કૃષિ નીતિનો ધરતીપુત્રો ભોગ બન્યા

સંગ્રહ સુવિધાના અભાવે હજારો કિલો અનાજ, શાકભાજી અને ફળો બરબાદ

અમદાવાદ,મંગળવાર

ખેડૂતોની આવક બમણી કરવાના બણગાં ફૂંકવામાં આવી રહ્યા છે પણ કડવી સચ્ચાઈ એછેકે, ગુજરાતમાં ખેડૂતોની દશા વધુને વધુ કફોડી બની રહી છે. આજે જગતનો તાત જાણે લાચાર અને પાયમાલ બની ગયો છે. લણણી બાદ પાકને સાચવવાની કોઈ જ વ્યવસ્થા નથી. સરકાર અને કૃષિ વિભાગની નિષ્ક્રિયતાના કારણે ગુજરાતના ખેતરોમાં હજારો કિલો અનાજ, શાકભાજી અને ફળફળાદી સડીને બરબાદ થઈ ગયા છે.પરિણામે ખેડૂતોને આ થક નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.

મોંઘા બિયારણ, દવા,ખાતર પાછળ પરસેવાની કમાણી હોમ્યા બાદ ખેડૂતોએ રાતા પાણીએ રોવાનો વખત,અનાજ ફેંકવું પડ્યું

એક તરફ મોંઘા બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓના ભાવ આસમાને પહોંચ્યાં છે. મોંઘી ખેતમજૂરી અને અથાગ મહેનત પછી પણ ખેડૂતોને પાક ઉત્પાદનના પુરતા ભાવ મળતાં નથી. છેલ્લાં બે વર્ષથી ગુજરાતમાં કમોસમી વરસાદે ખેડૂતોને તબાહ કર્યાં છે. કુદરતની થપાટ મારી રહ્યુ છે ત્યારે આખી સિઝન કાળી મજૂરી કરી ખેડૂત અનાજ પકવે છે, પરંતુ લણણી કર્યા પછી અનાજ, શાકભાજી અને ફળફળાદી રાખવી ક્યાં તે આજે યક્ષપ્રશ્ન બની ગયો છે. સંગ્રહ કરવાની સુવિધાના અભાવે સૌથી વધુ માર શાકભાજી અને ફળો પકવતા ખેડૂતોને પડ્યો છે.

ખુદ કેન્દ્ર સરકારના એપ્રિલ ૨૦૨૬ સુધીના સત્તાવાર અહેવાલે ગુજરાતમાં પાક ઉત્પાદન માટે સંગ્રહ સુવિધાના અભાવની પોલ ખુલ્લી પાડી દીધી છે. લલણી બાદ પાક ઉત્પાદન રાખવા માટે ખેડૂતો પાસે પુરતી વ્યવસ્થા જ નથી પરિણામે પરસેવો પાડીને પકવેલું અનાજ,શાકભાજી અને ફળફળાદિ ખેતરોમાં જ બગડી ગયું છે. ઘઉં, બાજરી, રાયડો, કપાસ અને મગફળીને નુકશાન પહોચ્યુ હતુ સાથે સાથે કોબિજ,ડુંગળી, બટાકા, રીંગણ સહિત શાકભાજીના પાકને નુકશાન થયુ હતું. આ ઉપરાંત પપેયુ, કેળા જેવા ફળો પણ ખેતરોમાં બગડી ગયા હતાં. ખેડૂતોએ બગડેલું અનાજ,શાકભાજી અને ફળો ફેંકી દેવા પડ્યાં હતાં.

રિપોર્ટના આંકડા ચોંકાવનારા છે. જો ખેતરોની નજીક જ અનાજ અને શાકભાજી સાચવવા માટે યોગ્ય ગોડાઉન કે કોલ્ડ સ્ટોરેજની નક્કર વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોત, તો આજે હજારો ટન અન્નનો બગાડ અટકાવી શકાયો હોત અને ખેડૂતોને દેવાના ડુંગર તળે દબાતા બચાવી શકાયા હોત.

એપ્રિલ-૨૦૨૬ સુધીમાં ગુજરાતમાં કેટલું અનાજ, શાકભાજી, ફળોનો સોથ વળી ગયો ?

પાક	કેટલું નુકશાન?	પાક	કેટલું નુકશાન?
મગ	૫.૮૫ ટકા	કોબીજ	૮.૩૯ ટકા
મગફળી	૫.૩૧ ટકા	ફ્લાવર	૭.૯૯ ટકા
ઘઉં	૫.૧૮ ટકા	કેળા	૭.૫૯ ટકા
મકાઈ	૫.૧૮ ટકા	ડુંગળી	૭.૫૭ ટકા
બાજરી	૪.૪૫ ટકા	રીંગણ	૬.૯૯ ટકા
રાયડો	૪.૩૮ ટકા	પપૈયું	૫.૮૧ ટકા
કપાસ	૨.૯૩ ટકા	ભીંડા	૫.૭૯ ટકા

કેન્દ્ર સરકારના રિપોર્ટે હકિકત ઉજાગર કરી : જો ખેતરોની નજીક ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ હોત તો ખેડૂતો પાયમાલ ન થાત

હાઈકોર્ટમાં રિટ અરજીઓ દાખલ : સરકાર-સત્તાધીશોને નોટિસ

ગ્રામ પંચાયતોની ચૂંટણી અગાઉ બેઠક ફાળવણીમાં ગોટાળાથી વિવાદ

અમદાવાદ,મંગળવાર

રાજયના વિવિધ જિલ્લા-તાલુકાઓમાં આગામી દિવસોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચ માટેની બેઠક ફાળવણીને લઈ ગંભીર વિવાદો સામે આવ્યા છે. સંખ્યાબંધ ગામડાઓમાં સરપંચની બેઠકોની ફાળવણીમાં ગંભીર અનિયમિતતાઓ અને નિયમભંગ કરાયો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરતી જુદી જુદી રિટ અરજીઓ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ થઈ છે. જેની સુનાવણીમાં જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ નિશા એમ.ઠાકોરની ખંડપીઠે રાજય સરકાર, પંચાયત ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગના સચિવ, ગુજરાત રાજય ચૂંટણી પંચ, નવસારી કલેકટરને કારણદર્શક નોટિસો જારી કરી સમગ્ર મામલે જવાબ માંગ્યો છે.

જાતિ, વસ્તી ગણતરી, રોટેશન અને નિયમોનુસાર સરપંચની બેઠકો ફાળવણી કરવાને બદલે આડેધડ અને મનસ્વી રીતે બેઠકો ફાળવાઈ

સરકાર દ્વારા આડેધડ અને મનસ્વી રીતે બેઠક ફાળવણીને લઈ ગંભીર ગોટાળા સામે આવતાં આગામી દિવસોમાં હાઈકોર્ટમાં વધુ રિટ અરજીઓ પણ દાખલ થવાની પૂરી શકયતાઓ સેવાઈ રહી છે. અરજદાર બિપીનભાઈ રમણભાઈ પટેલ તથા અન્યો દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રજૂઆતમાં રાજય ચૂંટણી આયોગ અને નવસારી જિલ્લા કલેકટર દ્વારા ચીખલી તાલુકાના ૭૦ ગામો તેમ જ ગણદેવી તાલુકાના પણ સંખ્યાબધ ગામોમાં સરપંચના હોદ્દાની સ્ત્રી અનામત સહિતની બેઠકો માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન અનામત

(અનુસંધાન ૪થે પાને)

ગામડાઓમાં સત્તા પચાવી પાડવા સરકાર સામે ગંદી રાજરમતના આક્ષેપો

રાજયની જુદી જુદી ગ્રામ પંચાયતોમાં જાતિ, રોટેશન, વસ્તી ગણતરી કે ગુજરાત પંચાયત અધિનિયમ અને ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી નિયમોને નેવે મૂકીને સરકાર અને રાજય ચૂંટણી પંચ દ્વારા અન્યાયી અને પક્ષપાતી રીતે બેઠકોની ફાળવણી કરવામાં આવતાં ગામડાઓમાં ભારે નારાજગી અને રોષની લાગણી ફેલાઈ છે. કોઈપણ ભોગે સત્તા પચાવી પાડવા અને રોટેશનમાં અને બેઠક ફાળવણીમાં શાસકપક્ષના જૂથોને ફાયદો થાય તે પ્રકારે સરકાર દ્વારા ગંદી રાજરમત રમાઈ રહી હોવાના ગંભીર આક્ષેપો પણ થઈ રહ્યા છે, જેને લઈને હવે આ સમગ્ર વિવાદ વધુ વકર્યો છે. આગામી દિવસોમાં રાજયના વધુ ગામડાઓમાંથી ઢગલાબંધ રિટ અરજીઓ થાય તેવી સંભાવના છે.

અમદાવાદમાં શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીનું સંબોધન

હિંદુઓ માત્ર પંચદેવની પૂજા કરે, નકલી દેવી-દેવતાઓથી દૂર રહે

અમદાવાદ,મંગળવાર

હિંદુ ધર્મના લોકોએ માત્ર પંચદેવોની જ પૂજા કરવી જોઈએ. જે દેવી-દેવતાઓનું શાસ્ત્રો કે પુરાણોમાં કોઈ જ વર્ણન નથી તેમની પૂજા કરવાની કોઈ જ જરૂર નથી તેમ દ્વારકાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીએ અમદાવાદ ખાતે જણાવ્યું છે.

આપણા બાપદાદાઓ જેને અનુસરતા તે જ સાચા ભગવાન છે, મનઘડત શાસ્ત્રોથી ભગવાન ન બને

દ્વારકા પીઠના શંકરાચાર્યે અમદાવાદમાં વિશ્વ ઉમિયાધામ ખાતે શિલાપૂજન કર્યું હતું અને નિર્માણાધીન ગર્ભગૃહની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, 'આપણા પૂર્વજો જે દેવી-દેવતાની પૂજા કરતા આવ્યા છે, તે જ આપણી સાચી પરંપરા છે. આ બધું મુંબઈ સિનેમાવાળાઓએ ઊભું કરી દીધું છે, જેના કારણે આપણા મૂળ દેવી-દેવતાઓની પ્રાચીન પરંપરા ધ્વસ્ત થઈ રહી છે.'લોકોને પોતાના મૂળ ધર્મ સાથે જોડાયેલા રહેવાની અપીલ કરતાં તેમણે ઉમેર્યું કે, ' જેમ ગંગાજીમાંથી નીકળેલી ધારા ગંગાસાગરમાં ભળે છે અને તેમાં સ્નાન કરવાથી જ પુણ્ય મળે છે, તેમ શાસ્ત્રોક્ત માર્ગે ચાલવાથી જ કલ્યાણ થાય છે. હાલમાં કેટલાક લોકો ધર્મમાં દૂધમાં પાણી ભેળવવાનું એટલે કે ભેળસેળ કરવાનું કામ કરી રહ્યા છે. સાચો હિંદુ અને સનાતની એ જ છે જે પંચદેવની ઉપાસના કરે, ધર્મશાસ્ત્રો અને ચારેય ધામોને માને. જે દ્વારકાધીશ, સોમનાથ દાદા, મા દુર્ગા, દસ મહાવિદ્યાઓ, અંબાજી, આશાપુરા અને પોતાના કુળદેવી-કુળદેવતાને માને, તે જ સાચો હિંદુ છે.'









